CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૧૪    શનિવાર તા.૧૦-૧૦-૨૦૨૬    અંક : ૨૪૦ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ધ્રુવ રાઠી બાદ દીપકે સહિત CJPના કાર્યકરોની અટકાયત

## જંતર-મંતર જવાની કોશિશમાં પ્રદર્શનકારીઓ, વિમાનમાંથી ઉતરે એ પહેલા જ અભિજિત દીપકે સહિત રાંકા, અને સૌરવ દાસને ઉઠાવી લીધા

નવીદિલ્હી,

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને જૈંઇ રોકવાની માગને લઈને દિલ્હીના જંતર-મંતર અને કનોટ પ્લેસ પર કોકરોચ જનતા પાર્ટીના સમર્થકો એકઠા થવા લાગ્યા છે. પોલીસે અત્યાર સુધીમાં અસંખ્ય લોકોને કસ્ટડીમાં લીધા છે.દિલ્હીમાં આજે સીજેપીના દેખાવોને પગલે હાઈએલર્ટ જેવી સ્થિતિ છે. સંપૂર્ણ દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું છે. મોટી સંખ્યામાં પોલીસ અને સુરક્ષાદળોની તહેનાતી કરવામાં આવી છે. ત્યારે દેખાવો કરવા માટે જંતર મંતર તરફ આગળ વધી રહેલા લોકોની અટકાયત કરવામાં આવી છે.

સીજેપીના અભિજિત દીપકે અને સીજેપીના અન્ય ટોચના નેતાઓ દિલ્હી એરપોર્ટ પહોંચી ગયા જયાં. ધ્રૂવ રાઠી સહિત ૧૫૦થી વધુ લોકોની અટકાયતના અહેવાલો વચ્ચે અભિજિત દીપકેએ મોટું નિવેદન આપતા કહ્યું કે અમે સરકારની ધમકીઓથી ડરવાના નથી. અમારા અનેક સાથીઓની અટકાયત કરી લેવામાં આવી છે.







દરમિયાન વિમાનમાંથી ઉતરે એ પહેલા જ અભિજિત દીપકે સહિત રાંકા, અને સૌરવ દાસ સહિતના સીજેપી નેતાઓની અટકાયત કરી લેવામાં આવી હતી. અભિજિત દીપકેએ આ દરમિયાન કહ્યું હતું કે હું ડરવાનો નથી. તેની સાથે આશુતોષ રાંકા, સૌરવ દાસને પણ પોલીસે કસ્ટડીમાં લીધા હતા. પોલીસ વિમાનમાં જ પહોંચી ગઇ હતી.

દિલ્હીમાં અનેક સ્થળોએ પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ધક્કામુક્કી જેવી સ્થિતિ જોવા મળી હતી.”આ વિસ્તારોમાં ૩૮ હજારથી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત છે, જેમાં મ્જીહ્લના જવાનો પણ સામેલ છે. નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન સ્ટેશન પર આવતી ૨૫૦ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો આજે રદ રહેશે.૪૫ મેટ્રો સ્ટેશન બંધ કરવામાં આવ્યા છે, જ્યારે ૧૦ ડિટેન્શન સેન્ટર બનાવવામાં આવ્યા છે. બીજી તરફ, ઈન્ડિયા ગેટની આસપાસ ૪ કિલોમીટરના વિસ્તારમાં શુક્રવાર રાત્રે ૧૦ વાગ્યાથી આજ રાત્રે ૧૦ વાગ્યા સુધી ઈન્ટરનેટ બંધ રહેશે.

કનોટ પ્લેસના ઇનર સર્કલમાં ઈન્દિરા ચોક આવેલો છે. અહીંથી થોડે જ અંતરે જંતર-મંતર છે. સવારે ૬.૩૦ વાગ્યે પોલીસે પ્રદર્શનકારીઓને હટાવ્યા.હતા. કેટલાક વિદ્યાર્થીઓ જાહેર શૌચાલયમાં છુપાયા હતા, ત્યાંથી લગભગ ૫૦ વિદ્યાર્થીઓને વાહનમાં ભરીને લઈ જવામાં આવ્યા.હતા. ઈન્દિરા ચોક પર ૧૦૦થી વધુ લોકોને અટકાયતમાં લેવામાં આવી ચૂક્યા છે. જે લોકો આવી રહ્યા છે, જો તેમની પાસે ઓળખપત્ર નથી તો પોલીસ તેમને વાહનમાં બેસાડીને લઈ જઈ રહી છે.

# રિયાધમાં કિંગ ખાલિદ એરપોર્ટ પર હુમલા બાદ ૩૦૦થી વધુ ફ્લાઈટ રદ

## હૂતી બળવાખોરોના હુમલાથી સાઉદી અરબની સ્થિતિ બગડી

રિયાધઃ

સાઉદી અરબની રાજધાની રિયાધમાં હાલત બગડી રહી છે. કિંગ ખાલિદ ઈન્ટરનેશલ એરપોર્ટ પર હુમલા બાદ રિયાધ જતી ૩૦૦થી વધુ ફ્લાઈટ રદ કરી દેવામાં આવી છે. એર ઈન્ડિયા, ઈંડિગો અને એર ઈન્ડિયા એક્સપ્રેસે ગુરુવાર ૮ ઓક્ટોબરે સુરક્ષાનું કારણ આગળ ધરી ૧૦ ઓક્ટોબરે રિયાધ માટે પોતાની ફ્લાઈટ રદ કરી દીધી

એક પ્રત્યક્ષદર્શી અને આ બાબતની માહિતી ધરાવતા ત્રણ લોકોના જણાવ્યા અનુસાર, ગુરુવારે રિયાધ એરપોર્ટ પર ઊભેલા એક વિમાનમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો ટ્રેકર પોર્ટલ અનુસાર, વિશ્વભરમાં રિયાધ સાથે સંકળાયેલી આશરે ૩૩૩ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. લુફ્થાન્સા ગ્રૂપની એરલાઈન્સે પણ જણાવ્યું છે કે તેઓ રિયાધ માટેની ફ્લાઈટ્સ અટકાવી દેશે.સાઉદી અરેબિયામાં આ હુમલાઓ પાછળ ઈરાન સમર્થિત હુતી સમુદાય છે.

સાઉદી અરેબિયામાં હુતીઓ એરપોર્ટ્સ, લશ્કરી થાણાઓ અને તેલ મથકો પર વારંવાર હુમલા કરી રહ્યા છે. હુતી

આભાર - નિહારીકા રવિયા

વિદ્રોહીઓએ આ તમામ વૈશ્વિક એરલાઈન્સને હુમલાના પરિણામો અંગે ચેતવણી આપી હતી અને જણાવ્યું હતું કે આ સ્થળો તેમના લશ્કરી અભિયાનનું કેન્દ્ર છે.

# INS માંગરોળ સોમવારથી ભારતીય નૌકાદળમાં સામેલ થશે

## ’મેક ઈન ઈન્ડિયા’ અને ’આત્મનિર્ભર ભારત’ અભિયાનનું એક જીવંત ઉદાહરણ

જૂનાગઢ

INS માંગરોળ ૧૨ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા નિર્મિત આ ત્રીજું સ્વદેશી એન્ટી-સબમરીન વોરફેર શૈલો વોટર ક્રાફ્ટ છે, જે ભારતીય દરિયાઈ તટીય સુરક્ષાને વધુ મજબૂત બનાવશે. વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઑફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ વાઇસ એડમિરલ સંજય વત્સાયન આ સમારોહની અધ્યક્ષતા કરશે.

આ કાર્યક્રમમાં નૌકાદળ અને સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, કોચીન શિપયાર્ડના પ્રતિનિધિઓ, પૂર્વ સૈનિકો અને સ્વદેશી હથિયાર ઉત્પાદકો ભાગ લેશે. આ યુદ્ધપોત(યુદ્ધ જહાજ)નું નામ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના દરિયાકાંઠાના પ્રખ્યાત મત્સ્યઉદ્યોગ બંદર ધરાવતા માંગરોળ શહેર પરથી રાખવામાં આવ્યું છે. અગાઉનું INS માંગરોળ’ ૨૦૦૪ સુધી માઈનસ્વીપર તરીકે નૌકાદળમાં સેવા આપી ચૂક્યું હતું. નૌકાદળ તેના નામાભિધાન દ્વારા પોતાની જૂની વિરાસતને આગળ ધપાવી રહ્યું છે.

INS માંગરોળમાં ૮૦ ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ’મેક ઇન ઈન્ડિયા’ અને ’આત્મનિર્ભર ભારત’ અભિયાનનું એક જીવંત ઉદાહરણ છે. કોચીન શિપયાર્ડે આ જહાજનું ડિઝાઈન અને નિર્માણ કર્યું છે, જે ભારતની યુદ્ધપોત બનાવવાની ક્ષમતા સાબિત કરે છે. આ જહાજ ત્રણ ડીઝલ એન્જિન અને વોટરજેટ



પ્રોપલ્શન સિસ્ટમથી ચાલે છે, જેથી તે છીછરા પાણીમાં પણ સરળતાથી કામ કરી શકે છે. તે દરિયાની અંદર નિરીક્ષણ, ઓછા તીવ્રતા વાળા દરિયાઈ અભિયાનો અને માઈન વોરફેર જેવા કાર્યો કરવા માટે સક્ષમ છે. જ્યાં મોટા યુદ્ધપોત તટીય વિસ્તારોમાં મર્યાદિત થઈ જાય છે, ત્યાં આ જહાજ ખૂબ જ અસરકારક સાબિત થશે.

INSમાંગરોળ ’અભય’ હલ-માઉન્ટેડ સોનાર, હળવા ટોર્પિડો, સ્વદેશી એન્ટી-સબમરીન રોકેટ લોન્ચર અને ’મારીચ’ એડવાન્સ્ડ ટોર્પિડો ડિપ્લોય સિસ્ટમથી સજ્જ છે. આ સિસ્ટમ્સ દરિયાની અંદરથી આવતા જોખમોને શોધવા અને તેને નિષ્ક્રિય કરવામાં મદદ કરશે. તે દરિયાઈ પેટ્રોલિંગ વિમાનો, હેલિકોપ્ટર અને અન્ય જહાજો સાથે મળીને કામ કરી શકે છે. બંદરો, દરિયાકાંઠાના વિસ્તારો અને દરિયાઈ માર્ગોની સુરક્ષામાં તેની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે. પાણી નીચે વધતા જોખમોને ધ્યાનમાં રાખીને આ જહાજ નૌકાદળની તૈયારીઓને વધુ મજબૂત બનાવશે. આત્મનિર્ભરતા તરફ ભારતનું આ વધુ એક સફળ પગલું છે.

# ગૂગલ સોશિયલ મીડિયા સાઈટ ઓરકૂટ ફરીથી લોન્ચ કરશે

## ફેસબુક-ઈન્સ્ટા પહેલા ખૂબ પોપ્યુલર હતું ઓરકુટ

કેલિફોર્નિયા,

૨૦૦૦ના દાયકામાં ભારતમાં ખૂબ જ પોપ્યુલર થયેલા ગૂગલના સોશિયલ નેટવર્ક ઓરકૂટને ફરી લોન્ચ કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તેના ફાઉન્ડર ઓરકૂટ બ્યૂયુકોક્ટેને આ માટે અભિયાન શરૂ કર્યું છે.

ઓરકૂટના ફાઉન્ડરે કહ્યું કે, આજના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાસ્તવિક સંબંધો કરતા વધુ ધ્યાન ખેંચવા અને યુઝર્સને લાંબા સમય સુધી ઓનલાઈન રાખવા પર ભાર મૂકવામાં આવે છે. આ સિવાય મોટા પ્રમાણમાં એઆઈ કન્ટેન્ટને કારણે એ ઓળખવું પણ પડકાર બની ગયું છે કે, સામે ઓનલાઈન વાત કરી રહેલી વ્યક્તિ ખરેખર માણસ છે કે નહીં.

રિપોર્ટ મુજબ, ૧૧૫ દેશોમાંથી ૨.૬૬ લાખથી વધુ લોકોએ તેને ફરીથી શરૂ કરવા વોટ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૪માં ગૂગલે ઓરકૂટ શરૂ કર્યું હતું.

બ્રાઝિલ અને ભારતમાં તે ખૂબ જ પોપ્યુલર હતું. કમ્યુનિટીઝ, ટેસ્ટિમોનિયલ્સ અને સ્ક્રેપ્સ જેવી સર્વિસ તેની ઓળખ બની હતી. ગૂગલે ૨૦૧૪માં તેને બંધ કરવાની જાહેરાત કરી હતી.

# ભારતને ટેરિફની ધમકી આપનાર ટ્રમ્પ પોતે જ પુતિન પાસેથી ખરીદશે ડીઝલ

## વૈશ્વિક રાજકારણમાં નવો વળાંક, ટ્રમ્પની ટેરિફ મામલે બેવડી નીતિથી વિવાદ

વોશિંગ્ટન ડિસી,

વૈશ્વિક ઊર્જા ક્ષેત્રે અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં એક મોટો ફેરબદલ જોવા મળ્યો છે. અત્યાર સુધી રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત સહિતના દેશો સામે કડક વલણ અપનાવનાર અને ટેરિફ ઝીંકવાની ધમકી આપનાર અલ્ટીમેટમ આપનાર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે પોતે જ રશિયા સાથે મોટો ડીઝલ સોદો કરવાની જાહેરાત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પના દાવો અનુસાર, રશિયન રાષ્ટ્રપતિ પુતિન અમેરિકા અને વૈશ્વિક બજારોમાં ડીઝલનો પુરવઠો પૂરો પાડવા માટે સંમત થયા છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે રશિયા તરફથી પહેલા ૩ લાખ ટનથી વધુ ડીઝલ મોકલવામાં




આવશે. તે પછી નવેમ્બર મહિનામાં ૫ લાખ ટન ડીઝલ મોકલવામાં આવશે. આ સાથે ભવિષ્યમાં પણ ૧૦ લાખ ટન અને વધારાનું ૩૦ લાખ ટન ડીઝલ રશિયા અમેરિકાને આપશે તેવો ટ્રમ્પ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. અમેરિકી પ્રમુખે આ સોદાને એક "ઐતિહાસિક સમજૂતી" ગણાવી છે અને ડીઝલનો જંગી જથ્થો આપવા બદલ રશિયન રાષ્ટ્રપતિ પુતિનનો આભાર પણ માન્યો છે.

અમેરિકાના આ પગલાંથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતી ટેરિફ અને દબાણની નીતિ પર પ્રશ્નાર્થચિહ્ન ઊભું થયું છે. ભારત લાંબા સમયથી પોતાની ઊર્જા સુરક્ષા અને નાગરિકો માટે સસ્તા તેલની ઉપલબ્ધતાને પ્રાથમિકતા આપતું આવ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં પણ ભારતે રશિયા પાસેથી દરરોજ સરેરાશ ૧.૭૫ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરી હતી, જે ભારતની કુલ કાચા તેલની આયાતનો આશરે ત્રીજો ભાગ છે. જ્યાં સુધી અમેરિકા ભારત પર રશિયા પાસેથી ઊર્જા ખરીદવા અંગે દબાણ કરતું હતું, ત્યાં હવે પોતે જ પોતાના સ્થાનિક બજાર માટે રશિયન ડીઝલનો સહારો લઈ રહ્યું છે.

# પનામામાં ૭.૭ ની તીવ્રતાનો ભૂકંપઃ અનેક ઈમારતો ધરાશાયી

પાનામાં,

મધ્ય અમેરિકન દેશ પનામામાં શુક્રવારે એક પછી એક બે શક્તિશાળી ભૂકંપના આંચકા અનુભવાતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. પહેલા ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે ધરાને હચમચાવી દીધી હતી, અને તેની અસર ઓસરે તે પહેલા જ ૬.૬ ની તીવ્રતાનો બીજો મોટો આંચકો અનુભવાયો હતો. આ ભયાનક કુદરતી આફતના કારણે કેન્દ્રબિંદુની આસપાસની અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. અમેરિકન ભૂવિજ્ઞાનીઓના સર્વેક્ષણના જણાવ્યા અનુસાર,આ ભયાનક ભૂકંપનું કેન્દ્ર પનામાના હેરેરા પ્રાંતમાં આવેલા પિતાલોસા અરીબા નામની દૂરદરાજના વિસ્તારથી આશરે ૧૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં અને જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. શરૂઆતમાં યુએસજીએસ દ્વારા આ ભૂકંપના આંચકાની તીવ્રતા ૮ સુધીની આંકવામાં આવી હતી, જેને બાદમાં સંશોધિત કરીને ૭.૭ નક્કી કરવામાં આવી હતી.

પ્રથમ મુખ્ય ભૂકંપ બાદ પનામામાં ધરતી શાંત થવાનું નામ નહોતી લઈ રહી. યુનિવર્સિટીના ભૂકંપ વૈજ્ઞાનિકો દ્વારા ૫.૮, ૫.૫ અને ૫.૨ ની તીવ્રતા સહિત કુલ ૪૫થી વધુ આફ્ટરશોક્સ (ભૂકંપ પછીના આંચકા) નોંધવામાં આવ્યા છે,

# પેટાચૂંટણી પરિણામો અંગે મોદીનું નિવેદન, કહ્યું આ જનાદેશ અમને મજબૂત બનાવશે

## નંદીગ્રામ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય

નવી દિલ્હી,

દેશના ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો અને લોકસભા બેઠકની પેટાચૂંટણીના પરિણામો જાહેર થયા છે. જેમાં મોટા ભાગે ભાજપની જીત થઇ છે. જેના પગલે પીએમ મોદીએ પેટાચૂંટણીના સારા પરિણામો અંગે ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું લોકોના સતત આશીર્વાદ બદલ હું તેમનો આભારી છું. નાગાંવ લોકસભા ચૂંટણી અને નંદીગ્રામ તથા રેજીનગર વિધાનસભા ચૂંટણીના પરિણામો ફરી એકવાર સુશાસનના ભાજપ-એનડીએના એજન્ડા સાથે લોકોના ગાઢ જોડાણને દર્શાવે છે. હું વિજયી



ભાજપ ઉમેદવારોને અભિનંદન પાઠવું છું અને અમારા પક્ષના કાર્યકરોની સખત મહેનતની પણ પ્રશંસા કરું છું.

પીએમ મોદીએ વધુમાં કહ્યું, હું પુડુચેરીની થટ્ટાનચાવડી બેઠક પર મળેલી જીત બદલ અમારા મુખ્ય NDA સહયોગી પક્ષ AINRC ને પણ અભિનંદન પાઠવું છું. આ જનાદેશ અમને વધુ મજબૂત બનાવશે કારણ કે અમે લોકોના કલ્યાણ અને તેમના સમૃદ્ધ ભવિષ્યની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સતત કાર્યરત છીએ. પશ્ચિમ બંગાળની નંદીગ્રામ વિધાનસભા બેઠક પર ભાજપના હંસીરાની રાઠે ૧,૨૨,૭૫૩ મતોના વિક્રમી અંતરથી જીત મેળવી છે. જ્યારે ભાજપના ઉમેદવાર શંકરવ સરકારે રેજીનગર વિધાનસભા બેઠક ૭૫,૮૧૬ મતોથી જીતી લીધી છે. આસામમાં નાગાંવ લોકસભા મતવિસ્તારમાં ભાજપના દેબાશિષ શર્માએ જંગી સરસાઈ મેળવી છે.

# ગુજરાત કોંગ્રેસના વધુ એક દિગ્ગજ નેતા દીપક બાબરિયાનું થયું નિધન



અમદાવાદ,

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા દીપક બાબરિયાનું નિધન થયું છે. લાંબા સમય સુધી કોંગ્રેસ પક્ષમાં વિવિધ સ્તરે અત્યંત મહત્ત્વની જવાબદારીઓ નિભાવનાર દીપક બાબરિયાના અવસાનથી કોંગ્રેસ પક્ષમાં ઊંડા શોકની કાલિમા છવાઈ ગઈ છે. નોંધનીય છે કે, ૨૦૨૦માં તેમને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો, ત્યારથી તેઓ અસ્વસ્થતાના કારણે સક્રિય રાજકારણથી દૂર રહ્યા હતા. તેમના અવસાન અંગે કોંગ્રેસના તમામ નાના-મોટા નેતાઓ અને કાર્યકરોએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

દીપક બાબરિયાએ પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત શ્રમિકો અને ઇન્ડસ્ટ્રીયલ યુનિયનના પ્રશ્નો માટે અવાજ ઉઠાવીને કરી હતી. શ્રમિકોના હિતો માટેની તેમની આક્રમક રજૂઆતો અને લડાયક મૂડના કારણે તેઓ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ જાણીતા બન્યા હતા.

# સુરતમાં નવરાત્રી ગરબા આયોજકોનો રૂપિયા ૨૫૦ કરોડથી વધુનો વીમો

## આગ, અકસ્માત અને કાનૂની જવાબદારી સામે રક્ષણ

સુરત,

સુરતમાં નવરાત્રિ મહોત્સવને લઈને મોટા ગરબા આયોજકોએ ખેલૈયાઓની સુરક્ષા અને સંભવિત નુકસાન સામે આર્થિક રક્ષણ માટે કરોડો રૂપિયાનું વીમા કવચ લીધું છે. મળતી માહિતી મુજબ, શહેરના છ મોટા આયોજકોએ મળીને રૂ.૨૫૦ કરોડથી વધુનો વીમો લીધો છે. એક આયોજકનું વીમા કવર રૂ.૧૦૦ કરોડથી વધુ હોવાનું પણ જણાવાયું છે.

તોરિન વેલ્થ મેનેજમેન્ટના ફાઉન્ડર જિગ્નેશ માધવાણીના જણાવ્યા અનુસાર, આ વર્ષે આયોજકોમાં વીમા અંગે વધુ જાગૃતિ જોવા મળી રહી છે. ગ્લોબલ ગરબા વિલેજ, સુવર્ણ, વાયપીડી સહિતના મોટા ગરબા આયોજકો અને અડાજણ તથા લિંબાયત વિસ્તારના આયોજકોએ વિવિધ પ્રકારના વીમા લીધા છે.

આ વીમા યોજનાઓમાં આગ, અકસ્માત, સંપત્તિને નુકસાન, જાનહાનિ અને થર્ડ-પાર્ટી લાયબિલિટી જેવા સંભવિત જોખમોનો સમાવેશ થતો હોવાનું જણાવાયું છે કાર્યક્રમ અનિવાર્ય કારણોસર રદ થાય તો ઈવેન્ટ કેન્સલેશન કવર હેઠળ થતા નુકસાનની ભરપાઈની જોગવાઈ પણ કેટલીક પોલિસીમાં હોઈ શકે છે. આ ઉપરાંત, ખાદ્યપદાર્થો અથવા આયોજન સંબંધિત બેદરકારીના વિવાદોમાં કાનૂની ખર્ચ અને વળતરની જવાબદારી સામે પણ વીમા કવચ લેવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. અહેવાલ મુજબ, આ વર્ષની કેટલીક વીમા પોલિસીમાં વરસાદથી થતા નુકસાનને કવરેજમાંથી બાકાત રાખવામાં આવ્યું છે. તેથી આયોજકો દ્વારા ખેલૈયાઓની સુવિધા માટે વોટરપ્રૂફ અને ફાયરપ્રૂફ ડોમ તથા ટેન્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

CMYK CMYK

# વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' હેઠળ MSME માટે નવી સહાય યોજના અમલમાં

## ગુજરાતના MSME ક્ષેત્રને વિકાસનો નવો વેગ : મૂડી, વ્યાજ, વીજળીથી લઈને ટેક્નોલોજી અને AI સુધી વ્યાપક સહાય

ગાંધીનગર,

ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પાયાને વધુ મજબૂત બનાવવા અને નાના-મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધા માટે સક્ષ્ જ્ઞ કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. તેના અંતર્ગત રાજ્ય સરકારે 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ : MSMEs માટે સહાય યોજના' જાહેર કરી છે. તાજેતરમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કરાયેલા ઠરાવથી જાહેર થયેલી આ યોજના ૧ જૂન, ૨૦૨૬થી અમલમાં આવી છે અને ૩૧ મે, ૨૦૩૧ સુધી પાંચ વર્ષ માટે અમલમાં રહેશે.




મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને ખાણ અને ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારની આ પહેલનો હેતુ સ્જીસ્ઈ ક્ષેત્રને માત્ર નાણાકીય સહાય પૂરતી મર્યાદિત રાખવાને બદલે મૂડી રોકાણ, વ્યાજ, વીજળી, રોજગાર, ગુણવત્તા પ્રમાણપત્ર, ટેક્નોલોજી, પેટન્ટ, ઊર્જા-પાણી બચત, ડિજિટલ ટેક્નોલોજી, AI, તાલીમ અને બજારમાં મૂડી ઊભી કરવાની ક્ષમતા જેવા અનેક પાસાંઓમાં સહાય પૂરી પાડવાનો છે.

મૂડી-વ્યાજ-વીજળીની સંયુક્ત સહાયથી ઉદ્યોગોને મજબૂતી યોજના હેઠળ MSME એક અથવા એકથી વધુ સહાય ઘટકોનો લાભ લઈ શકશે. તાલુકાની કેટેગરી પ્રમાણે સંયુક્ત પ્રોત્સાહનની મહત્તમ મર્યાદા કેટેગરી-છમાં EFCIના ૪૫ ટકા અને કેટેગરી-મ્માં ૩૫ ટકા સુધી રહેશે. કેટેગરી-છમાં માઈક્રો ઉદ્યોગને એક વર્ષમાં વિતરિત EFCIના ૩૫ ટકા અને સ્મોલ તથા મીડિયમ ઉદ્યોગને પાંચ વર્ષમાં વિતરિત EFCIના ૩૫ ટકા સુધી મૂડી સહાય મળી શકે છે. કેટેગરી-મ્માં આ દર અનુક્રમે ૨૫ ટકા રહેશે. સાથે ટર્મ લોન પર પાંચ વર્ષ માટે ૭ ટકા વ્યાજ સહાય અને કેટેગરી-છમાં પાંચ વર્ષ સુધી યુનિટદીઠ રૂ.૨ તથા કેટેગરી-મ્માં રૂ.૧ સુધી વીજદર સહાયની જોગવાઈ છે. પસંદગીના થ્રસ્ટ સેક્ટર્સ માટે આ માળખું વધુ પ્રોત્સાહક બનાવાયું છે.

# નરેન્દ્ર મોદીએ 'રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ'ના મંત્ર સાથે વિકાસની રાજનીતિ અને પોલિટિક્સ ઓફ પર્ફોર્મન્સનો નવો અધ્યાય શરૂ કર્યો : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૫ વર્ષની અવિરત જનસેવા અને રાષ્ટ્ર સમર્પણ માટે ગુજરાતની જનતા વતી અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



અમદાવાદ,તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને રાષ્ટ્ર માટે સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમની અવિરત જનસેવા, રાષ્ટ્ર સમર્પણ અને નિર્ણાયક નેતૃત્વને બિરદાવતાં જણાવ્યું હતું કે, આ ૨૫ વર્ષ સંકલ્પથી સિદ્ધિ સુધીની યાત્રા છે, તેમાં 'સત્તા નહીં, સેવા' અને 'રાષ્ટ્ર પ્રથમ'નો મંત્ર શાસનના કેન્દ્રમાં રહ્યો છે.

મુખ્યમંત્રી ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રવકતા મંત્રી જીતુ ભાઈ વાઘાણી સાથે પત્રકાર પરિષદને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ૨૫ વર્ષની અવિરત જનસેવા અને રાષ્ટ્ર સમર્પણ બદલ ગુજરાતની જનતા-જનાર્દન વતી હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું કે નાગરિક દેવો ભવનો ભાવ, જનકલ્યાણની ભાવના, સ્પષ્ટ વિઝન અને દૃઢ સંકલ્પ સાથે પડકારોને તકમાં પરિવર્તિત કરવાની વડાપ્રધાનની કાર્યશૈલીએ ગુજરાત સહિત સમગ્ર દેશના વિકાસને આગવી દિશા આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ૨૦૦૧ની ૭મી ઓક્ટોબરે નરેન્દ્રભાઈ મોદીએ શાસન સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે પડકારોનો સામનો કરી રહેલા ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામેગામ વીજળી, નર્મદા કેનાલ નેટવર્ક દ્વારા પાણીની સુવિધા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વેગ મળ્યો. ૨૦૦૩માં શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટે ગુજરાતને વૈશ્વિક રોકાણના નકશા પર આગવી ઓળખ અપાવી હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ગુજરાતની વિકાસયાત્રાની સફળતાને પગલે દેશવાસીઓએ પણ ૨૦૧૪માં તેમના નેતૃત્વને પ્રચંડ સમર્થન આપ્યું હતું. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓમાં દેશનો વિશ્વાસ સંપાદિત કરીને તેઓ પ્રધાનસેવક તરીકે સેવારત રહ્યાં. એટલું જ નહિ, તેમણે વિકાસની રાજનીતિ-પોલિટિક્સ ઓફ પર્ફોર્મન્સની નવી કેડી કંડારી છે.

વડાપ્રધાન માટે વિકાસ એટલે માત્ર રસ્તા, પુલ અને ઉદ્યોગોનું નિર્માણ નહીં, પરંતુ સમાજના છેવાડાના માનવીના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવું છે. તે જ વિકાસ ગરીબ કલ્યાણ મેળા, આવાસ, સ્વચ્છતા, ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝન અને આરોગ્ય સુરક્ષા જેવી પહેલો દ્વારા સરકારી યોજનાઓના લાભો લાભાર્થીઓ સુધી સીધા પહોંચાડવાનો અભિગમ તેમણે અપનાવ્યો છે.

ખેડૂતોને દેશના વિકાસના ભાગીદાર બનાવવા PM-KISAN જેવી યોજનાઓ, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન અને મહિલાઓના સશક્તિકરણ માટે ઉજ્જવલા યોજના તથા મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં વધુ ભાગીદારીના પ્રયાસો સમાજના સર્વાંગી વિકાસની દિશામાં મહત્વપૂર્ણ બન્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સફળ થયેલી વિકાસલક્ષી અનેક પહેલોને રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનકલ્યાણને નવી ઊંચાઈ આપી છે. માં અમૃતમથી આયુષ્માન ભારત, જ્યોતિગ્રામથી દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના, નિર્મળ ગુજરાતથી સ્વચ્છ ભારત મિશન, જલમંદિરથી અમૃત સરોવર અને કન્યા કેળવણીથી બેટી બચાવો, બેટી પઢાવો ઉપરાંત ખેલ મહાકુંભથી ખેલો ઈન્ડિયા સુધીની યાત્રાએ રમતગમતને પણ નવી દિશા આપી હોવાનું જણાવ્યું હતું.

ગુજરાતમાં વડાપ્રધાનના વિઝનથી સાકાર થઈ રહેલા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, અમદાવાદ-ધોલેરા રેલ અને એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ્સ, વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર, દાહોદનું રેલવે લોકોમોટિવ ઉત્પાદન એકમ, વડોદરામાં સંરક્ષણ ક્ષેત્રે વિમાન ઉત્પાદન, GIFT સિટીમાં IFSCA અને ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ જેવી પહેલો ગુજરાતના આર્થિક વિકાસને નવી ગતિ આપી રહી છે.

# સુરતમાં શ્રમિકોનું 'ગાંવ ચલો' આંદોલનઃ વિવાદ વકરતા કેન્દ્રીય કાપડ મંત્રી સુરત દોડી આવ્યા

## શોષણના આક્ષેપો સાથે શ્રમિકો વતન પરત ફરી રહ્યા છે

સુરત,

સુરતમાં ટેક્સટાઈલ ઉદ્યોગમાં કામ કરતા લાખો શ્રમિકો દ્વારા 'ગાંવ ચલો' આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. શ્રમિકોની મુખ્ય માગ અઠવાડિયામાં માત્ર એક સાપ્તાહિક રજા (રવિવાર) આપવાની છે, જે ના મળતાં અને શોષણના આક્ષેપો સાથે શ્રમિકો વતન પરત ફરી રહ્યા છે. શ્રમિકોના આ આંદોલન અને પલાયનની સ્થિતિને પગલે કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહને સુરત પહોંચવાની ફરજ પડી છે. આ દરમિયાન સર્કિટ હાઉસ ખાતે તેમણે પત્રકાર પરિષદમાં શ્રમિકોના મુદ્દાઓ અંગે વાત કરી હતી.

સુરતમાં અન્ય રાજ્યોમાંથી આવેલા શ્રમિકોનો આક્ષેપ છે કે, સતત ૧૨ કલાક ડ્યુટી કરાવવામાં આવે છે અને મહિનાના તમામ ૩૦ દિવસ કામ કરવા દબાણ કરાય છે. બીમારી કે થાકના લીધે એક દિવસ રજા લેવાય તો પણ પગાર કાપી લેવામાં આવે છે. ૭-૮ મહિના સુધી લોહી-પરસેવો પાડ્યા પછી વતન જવાની રજા માગવામાં આવે તો શેઠ પગાર રોકીને ગેટની બહાર કાઢી મૂકે છે. અઠવાડિયામાં માત્ર એક રવિવારની રજા માગવા બદલ અઢીસોથી ત્રણસો લોકોને નોકરીમાંથી હાંકી કઢે છે.

આથી કંટાળીને અંદાજે ૧૦ લાખથી વધુ શ્રમિકો શહેરની નોકરી છોડીને ગામડે મજૂરી કરવા તૈયાર થઈ 'ગાંવ ચલો' આંદોલનમાં જોડાયા છે, જેના કારણે સુરત રેલવે સ્ટેશન પર ઉત્તર પ્રદેશ અને બિહાર જતી ટ્રેનોમાં ચડવા માટે શ્રમિકોની ભારે ભીડ અને લાંબી લાઈનો જોવા મળી રહી છે.

પ્રેસ કોન્ફરન્સમાં શ્રમિકોની માંગ અને કામદારોના પલાયનને કારણે ટેક્સટાઇલ ઉદ્યોગ ઠપ્પ થવા સહિતના અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. પરંતુ આ અણીયારા સવાલોનો કેન્દ્રીય કાપડ મંત્રીએ કોઈ ઠોસ જવાબ આપવાને બદલે માત્ર દિલાસો આપતી સૂફિયાણી વાતો કરી હતી. મોટા ભાગના સવાલોના જવાબમાં તેમણે માત્ર એટલું જ કહ્યું કે, 'હું આગળ વાત કરીશ, ત્યારે આ બધા પ્રશ્નોનો જવાબ આપી શકીશ.' શ્રમિકોને કાયદા મુજબ સાપ્તાહિક રજા ન મળવા અને ૧૨ કલાકની ડ્યુટી કરાવવા અંગે કાપડ મંત્રી ગિરિરાજ સિંહે જણાવ્યું હતું કે, 'અમે સામ્યવાદીઓ (કોમ્યુનિસ્ટો)ની જેમ મિલ અને મજૂરોના સંબંધોના વિરોધી નથી. મિલ માલિક અને મજૂર બંને એક જ સિક્કાની બે બાજુ છે.

# ધોળકા રોડ પરથી ૧.૦૪ કરોડના પોષ ડોડાના જથ્થા સાથે રાજસ્થાનના શખસની અટકાયત



અમદાવાદ,

અમદાવાદ ગ્રામ્ય પોલીસની સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (એસઓજી)ને નશાકારક પદાર્થોની ગેરકાયદે તસ્કરી સામે એક મોટી અને મહત્ત્વપૂર્ણ સફળતા સાંપડી છે. બાતમીના આધારે જીર્ની ટીમે ધોળકા રોડ પરથી એક શંકાસ્પદ ટ્રકને આંતરીને તપાસ હાથ ધરતાં તેમાંથી ૧.૫૪ કરોડ રૂપિયાથી વધુની મત્તાનો મુદ્દામાલ અને પોસ ડોડાનો જથ્થો ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી અનુસાર, એસઓજીની ટીમે ધોળકા રોડ પર બાતમીના આધારે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી એક ટ્રકને રોકીને તપાસ કરતા તેમાંથી ગેરકાયદે પોસ ડોડાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વજન કરાવતાં ૩૭ જેટલા કોથળાઓમાંથી કુલ ૭૦૦ કિલો પોસ ડોડા મળી આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત ૧,૦૪,૫૦,૦૦૦ રૂપિયાથી વધુ થાય છે. પોલીસે ગેરકાયદે નશીલા પદાર્થ સાથે ૨૦ લાખ રૂપિયાની કિંમતનો ટ્રક તથા અન્ય સાધન-સામગ્રી મળીને કુલ ૧.૫૪ કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પોસ ડોડાનો આ મોટો જથ્થો મધ્ય પ્રદેશથી ભરીને કચ્છ તરફ સપ્લાય કરવા માટે લઈ જવામાં આવી રહ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી જ ટ્રકના માલિક ભેરારામ રામારામ તરડ (રહે. બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી અટકાયત હેઠળ લીધો છે.

# પવિત્ર યાત્રાધામોમાં નવરાત્રિના આયોજન માટે કુલ રૂ. ૨.૯૦ કરોડના ખર્ચને મંજૂરી અપાઈ

## રાજયના અંબાજી, બહુચરાજી, ઉનાઈ, મોઢેરા અને ઊંઝા ખાતે માઈભક્તો ભક્તિ અને ગરબાના સંગમનો લહાવો માણશે

અમદાવાદ,

રાજયના પવિત્ર યાત્રાધામોમાં નવરાત્રિ શક્તિ પર્વની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ ઉજવણી થશે. રાજયના પ્રસિદ્ધ પાંચ દેવસ્થાન સ્થળોએ નવરાત્રિ ગરબાનું સમગ્ર ૯ દિવસ દરમિયાન આયોજન માટે રૂ. ૨.૯૦ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.

હાલ અમલમાં રહેલા ઠરાવ મુજબ ૧ દિવસીય નવરાત્રી કાર્યક્રમ યોજવાની જોગવાઈ હતી. પરંતુ શ્રદ્ધાળુઓની આસ્થા અને લાગણીને ધ્યાને લઈને સમગ્ર નવરાત્રિ દરમિયાન ગરબા કાર્યક્રમો યોજવા અંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ નિર્ણય લીધો છે.

નવ દિવસીય આ ભવ્ય આયોજન અંતર્ગત શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, ઉનાઈ માતાજી મંદિર (વાંસદા), શ્રી મોઢેશ્વરી માતાજી મંદિર (મોઢેરા), શ્રી બહુચરાજી માતાજી મંદિર (મહેસાણા) તથા શ્રી ઉમિયા માતાજી મંદિર (ઊંઝા) એમ પ્રત્યેક સ્થળ માટે આનુષાંગિક અને કલાકાર ખર્ચ સહિત કુલ રૂ. ૨.૯૦ કરોડનો ખર્ચ કરવા મંજૂરી આપવામાં આવી છે.

આ આયોજન થકી સ્થાનિક તેમજ રાજ્યભરમાંથી દર્શનાર્થે આવતા માઈભક્તો ભક્તિમય વાતાવરણમાં ગુજરાતના લોકકલાકારોની કલા અને સંસ્કૃતિને માણી શકશે અને ગરબા રમી શકશે.

# અમદાવાદ કોર્પોરેશને ૭૧૨ મંદિરોમાંથી નિર્માલ્ય એકત્રિત કરવા ૨૨થી વધુ વાહનો ફાળવ્યાં

## નિર્માલ્યને સામાન્ય કચરાથી અલગ રાખીને તેનો યોગ્ય નિકાલ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી

અમદાવાદ,

નવરાત્રી દરમિયાન શહેરનાં વિવિધ મંદિરોમાં વહેલી સવારથી મોડી રાત સુધી શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચે છે. માતાજીને ફૂલ-હાર, ચૂંદડી, નાળિયેર અને અન્ય પૂજા સામગ્રી અર્પણ કરવામાં આવે છે. દિવસ દરમિયાન મોટી માત્રામાં નિર્માલ્ય એકત્રિત થતું હોવાથી તેનો યોગ્ય નિકાલ કરવો જરૂરી બને છે. જો આ સામગ્રી સમયસર દૂર કરવામાં ન આવે તો મંદિર પરિસર અને આસપાસના રસ્તાઓ પર ગંદકી ફેલાઈ શકે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્પોરેશને ૭૧૨ મંદિરોમાંથી નિર્માલ્ય એકત્રિત કરવા ૨૨થી વધુ વાહનો ફાળવ્યાં છે. આ વાહનો નિયત સમયે મંદિરો સુધી પહોંચીને પૂજા બાદ એકત્રિત થતી સામગ્રી લઈ જશે. નિર્માલ્યને સામાન્ય કચરાથી અલગ રાખીને તેનો યોગ્ય નિકાલ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ આયોજનથી મંદિરોની આસપાસ સ્વચ્છતા જાળવવા સાથે જાહેર સ્થળોએ કચરો ફેલાતો અટકાવવામાં પણ મદદ મળશે.

અમદાવાદમાં અનેક પ્રાચીન અને પ્રસિદ્ધ મંદિરો આવેલાં છે, જ્યાં નવરાત્રી દરમિયાન ભક્તોની અવરજવર વધે છે. આ મંદિરોમાં સ્વચ્છતા જાળવવા માટે નિર્માલ્ય એકત્રિત કરવાની વ્યવસ્થા મહત્ત્વપૂર્ણ બની રહેશે.

- ભદ્રકાળી માતાજી મંદિર, લાલદરવાજાઃ શહેરનાં નગરદેવી તરીકે ઓળખાતાં ભદ્રકાળી માતાજીનાં દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો પહોંચે છે.
- બહુચર માતાજી મંદિર, મણિનગરઃ નવરાત્રી દરમિયાન પૂજા-અર્ચના બાદ એકત્રિત થતી સામગ્રીના નિકાલ માટે વ્યવસ્થા રહેશે.
- ખોડિયાર માતાજી મંદિર, નિકોલઃ સ્થાનિક શ્રદ્ધાળુઓની અવરજવર વચ્ચે સ્વચ્છતા જાળવવા નિર્માલ્ય એકત્રિત કરાશે.
- મહાકાળી માતાજી મંદિર, દરિયાખાન ઘુમ્મટ પાસેઃ માતાજીને અર્પણ કરાતા ફૂલ-હાર સહિતની સામગ્રી એકત્રિત કરાશે.
- અંબાજી માતાજી મંદિર, માધવપુરાઃ પૂજા સામગ્રીનો યોગ્ય નિકાલ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.
- મેલડી માતાજી મંદિર, દૂધેશ્વરઃ નિર્માલ્યને અલગથી એકત્રિત કરવાનો વ્યવસ્થામાં સમાવેશ કરાયો છે.
- ખોડિયાર માતાજી મંદિર, આશ્રમ રોડઃ નવરાત્રી દરમિયાન સ્વચ્છતા જળવાય તે માટે વિશેષ વાહનોની વ્યવસ્થા રહેશે.

નવરાત્રી દરમિયાન ફૂલની ખરીદી વધતાં જમાલપુર પુલ પાસે આવેલા અમદાવાદના મોટા ફૂલબજારમાં કચરો વધવાની શક્યતા રહે છે. અહીં ફૂલ અને હારના વેચાણના કારણે મોટી માત્રામાં પાંદડાં અને અન્ય કચરો એકત્રિત થઈ શકે છે.

# નવરાત્રી માટે સુરત પોલીસના ૨૫૦૦થી વધુ જવાનો, ડ્રોન, AI કેમેરા, શી ટીમ તૈયાર

## સુરત પોલીસ નવરાત્રીમાં સુરક્ષા વ્યવસ્થા માટે સજ્જ



સુરત,

નવરાત્રીના પવિત્ર તહેવાર દરમીયાન સુરતવાસીઓને કોઈ પ્રકારની અવ્યવસ્થા ના થાય તે માટે સુરક્ષા વ્યવસ્થા મામલે સુરત પોલીસ કમિશનર દ્વારા ખાસ પ્લાન તૈયાર કરાયો છે.

પોલીસ કમિશનરશ્રી વાબાંગ ઝમીર દ્વારા યોજવામાં આવેલ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ખાસ કરીને નવરાત્રી દરમિયાન ગરબા આયોજનના સ્થળોથી લઈને શહેરના મુખ્ય રસ્તાઓ અને ચેકપોસ્ટ સુધી પોલીસનો કડક બંદોબસ્ત રહેશે. મહિલાઓની સુરક્ષા, ટ્રાફિક નિયંત્રણ અને અસામાજિક તત્ત્વો પર નજર રાખવા વિશેષ વ્યવસ્થા ગોઠવાશે.

નવરાત્રી દરમિયાન સુરક્ષાની જવાબદારી માટે ૧૫ ડીસીપી, ૨૦ છઝ્રઁ, ૬૦ પીઆઈ, ૧૫૮ પીએસઆઈ અને ૨,૮૮૦ પોલીસ જવાનો તૈનાત રહેશે. આ ઉપરાંત ૩ એસઆરપી કંપની, ૧,૫૦૦ હોમગાર્ડ અને ૧,૪૦૦ ટીઆરબી જવાનો પણ ફરજ બજાવશે. ખાનગી વેશમાં પણ પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે.

સુરતમાં ગરબાના કોમર્શિયલ અને નોન-કોમર્શિયલ આયોજન માટે અરજીઓ મળી છે. રાવણ દહનના ૨ કાર્યક્રમો માટે પણ અરજીઓ મળી છે.

# અમદાવાદમાં વેપારીના ઘરે ચોરી કરનાર ઘરઘાટી ૩૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

## પોલીસથી બચવા છેક નેપાળ બોર્ડર સુધી ભાગી ગયો હતો

અમદાવાદ,

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે માત્ર કરોડપતિઓના ઘરમાં ઘરઘાટી તરીકે નોકરી મેળવીને લાખો રૂપિયાની ચોરી કરતા એક રીઢા ગુનેગારને ઝડપી પાડીને ૩૫ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. શાહીબાગ વિસ્તારમાં રહેતા કાપડના એક વેપારીના ઘરે ગત ૨૯મી ઓગસ્ટે કમલેશ નામનો નોકર ઘરમાં કોઈ ન હોવાની તકનો લાભ ઉઠાવીને તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ લઈને ફરાર થઈ ગયો હતો. જેની તપાસ કરતા આ શખસ અગાઉ સુરતમાં ૫૦ લાખ રૂપિયાથી વધુની ૭ જેટલી મોટી ચોરીઓમાં સંડોવાયેલો અને પોલીસથી બચવા છેક નેપાળ બોર્ડર સુધી ભાગી ગયેલો કુખ્યાત જયંતીલાલ ઉર્ફે વિનોદ ખેતમલ જૈન હોવાનું ખૂલ્યું છે.

મીઠી અને નમ્ર વાતોથી શેઠિયાઓનો વિશ્વાસ જીતીને નોકરી મળ્યાના ગણતરીના કલાકોમાં જ લાખોનો હાથફેરો કરવામાં માહેર આ ચોર પોતાની ચોરીના રૂપિયામાંથી અમુક હિસ્સો મંદિરમાં દાન આપતો હોવાનું અને અગાઉ વર્ષ ૨૦૧૯માં પાસા હેઠળ જેલની હવા પણ ખાઈ ચૂક્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

૨૯મી ઓગસ્ટે શાહીબાગ વિસ્તારમાં રહેતા અને કાપડનો વેપાર કરતા એક વેપારીના ઘરે કામ કરતા ઘરઘાટીએ લાખો રૂપિયાની ચોરી કરી હોવાનો બનાવ બન્યો હતો. એ દિવસે બપોરના સમયે ઘરમાં કોઈ હાજર ન હતું ત્યારે કમલેશ નામનો આ નોકર બેડરૂમની તિજોરીમાંથી દાગીના અને રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હતો.

# સુરેન્દ્રનગરની ૩૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં 'ડિઝાસ્ટર સેફ્ટી ટ્રેનિંગ'નો પ્રારંભ

## વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફર્સ્ટ એઈડ અને CPRની અપાશે પ્રાયોગિક તાલીમ

સુરેન્દ્રનગર,

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA), ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ અને સજ્જતા વધારવા માટે 'ડિઝાસ્ટર સેફ્ટી ટ્રેનિંગ' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો તથા આઈ.ટી.આઈ. સહિતની ૩૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓને આવરી લેવામાં આવશે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભૂકંપ, આગ, ભારે વરસાદ, પૂર અને વાવાઝોડા જેવી કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આપત્તિના સમયે તાત્કાલિક પ્રતિસાદ આપવાની ક્ષમતા વિકસાવવા માટે ફાયર સેફ્ટી, પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઈડ), ઝ્રઁઇ, સર્ચ એન્ડ રેસ્ક્યુ, રોડ સેફ્ટી અને સલામત સ્થળાંતર જેવી બાબતોની પ્રાયોગિક તાલીમ અપાશે.

વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડરને ધ્યાનમાં રાખીને આ તાલીમ કાર્યક્રમ તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી તબક્કાવાર યોજાશે.

# પાકિસ્તાન અને ચીનના સાયબર માફિયાઓ સાથે કનેક્શન ધરાવતું નેટવર્કનો થયો પર્દાફાશ

## પાકિસ્તાની ગેંગને વધુ મ્યુલ બેંક ખાતાં પહોંચાડે તે પહેલાં જ આરોપીને ઝડપી લેવામાં આવ્યો



સુરત,

શહેર સાયબર ક્રાઈમ સેલે આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન અને ચીન સાથે જોડાયેલા સાયબર ગુનેગારોને ભારતીય બેંક ખાતાંની વિગતો પૂરી પાડવાના આરોપસર પોરબંદરથી એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આરોપીના મોબાઈલ ફોનમાંથી મળેલી ચેટ્સ અને ડિજિટલ પુરાવાઓના આધારે આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગ સાથેના કથિત સંપર્કો સામે આવ્યા છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી છ દિવસના રિમાન્ડ મેળવ્યા છે અને સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. સુરતનાં ડીસીપી બિશાખા જૈને આપેલી વિગતો મુજબ, આરોપીના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન ટેલિગ્રામ અને વોટ્સએપની ચેટ્સ મળી આવી હતી. આ ચેટ્સમાં આરોપી પાકિસ્તાની સાયબર ગેંગ સાથે બેંક ખાતાંની ઉપલબ્ધતા અને તેને પહોંચાડવાની રીત અંગે વાતચીત કરતો હોવાનું સામે આવ્યું છે. તપાસમાં દુબઈ સ્થિત એક હેન્ડલર મારફતે ચીન સાથે જોડાયેલા સાયબર નેટવર્ક સુધી પણ તેની કડી પહોંચતી હોવાની વિગતો મળી છે. પોલીસના જણાવ્યા મુજબ, પાકિસ્તાની ગેંગને વધુ મ્યુલ બેંક ખાતાં પહોંચાડે તે પહેલાં જ આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો.

# જામનગરમાં નવરાત્રિ દરમિયાન કાયદો-વ્યવસ્થા અંગે નિરીક્ષણ કરતા એસ.પી.





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આવતીકાલથી શરૂ થનાર નવરાત્રિના મહાપર્વ દરમિયાન જામનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસવડા ડો. રવિમોહન સૈની જાતે રાત્રિના સમયે મેદાનમાં ઉતર્યા હતા. તેમણે શહેરનાં વિવિધ પ્રાચીન અને અર્વાચીન ગરબા તથા નવરાત્રિ મહોત્સવના સ્થળોની મુલાકાત લઈને સુરક્ષા વ્યવસ્થાનું જાત નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત શહેરના અન્ય મહત્ત્વના માર્ગો પર પણ રાત્રિ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

નવરાત્રિના તહેવાર દરમિયાન ગરબી અને ગરબાનાં સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય છે, ત્યારે શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે અને લોકો સુરક્ષિત રીતે તહેવારની ઉજવણી કરી શકે તે હેતુથી પોલીસ તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. તેના ભાગરૂપે જિલ્લા પોલીસવડા ડો. રવિમોહન સૈનીએ રાત્રિના સમયે વિવિધ સ્થળોની મુલાકાત લઈને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

આ રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે.એન. ઝાલા, સ્થાનિક ગુના શોધક શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરી સહિતનો પોલીસ સ્ટાફ પણ જોડાયો હતો. પોલીસ અધિકારીઓએ ગરબાનાં સ્થળો તેમજ શહેરના મુખ્ય માર્ગો પર ફરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. નવરાત્રિ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, અસામાજિક તત્ત્વો પર નિયંત્રણ રહે અને નાગરિકો નિર્ભયતાથી તહેવારની ઉજવણી કરી શકે તે માટે જામનગર જિલ્લા પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થાની દેખરેખ વધુ સઘન બનાવવામાં આવી છે.

## જામજોધપુરમાં ભાઈઓએ ગાડી લેવાની ના પાડતા યુવાનનો આપઘાત

જામનગર : જામજોધપુરમાં ગાડી લેવાની ઈચ્છા પૂરી ન થતાં એક યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યનો બનાવ પોલીસમાં ઉઠવા પામ્યો છે.ભાઈઓએ ગાડી લેવાની ના પાડતાં મનમાં લાગી આવતાં અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક વિગતોમાં જાણવા મળ્યું છે. બનાવને પગલે પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ઘટનાની જાણ થતાં જામજોધપુર પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જામજોધપુરના તીરૂપતી સોસાયટી, રામવાટીકા-૨ માં રહેતા ભરતભાઈ લખમણભાઈ ભાસડીયા (ઉ.વ.૩૭) ને ગાડી લેવી હોય અને તેમના ભાઈઓએ ગાડી લેવાની ના પાડતા મનમાં લાગી આવ્યું હતું. આથી વ્યથિત યુવાને પોતાના ઘરે ઝેરી દવા પી જતા આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે મામલે પરિવારજનોને જાણ થતાં તરત જ સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યા તેમનું મોત થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. આ બનાવ મામલે મૃતકના ભાઈ વિજયભાઈ લખમણભાઈ ભાસડીયાએ પોલીસમાં જાણ કરતા જામજોધપુર પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરની જી.જી. હોસ્પિટલમાં કોર્પોરેટર એડવોકેટ સાથે ગેરવર્તણૂકનો વીડિયો વાઈરલ

જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧ના કોર્પોરેટર અને એડવોકેટ ઈસ્માઈલભાઈ માણેક સાથે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ફરજ પરના સિક્યુરિટી ગાર્ડ દ્વારા ગેરવર્તણૂક અને ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

વોર્ડ નંબર ૧ ના અસંખ્ય લોકો ફૂડ પોઈઝનિંગના કારણે જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ હોવાથી, તેમના ખબરઅંતર પૂછવા અને તેમની સારવાર અંગેની સ્થિતિ જાણવા માટે કોર્પોરેટર ઈસ્માઈલભાઈ માણેક હોસ્પિટલ ખાતે રૂબરૂ મુલાકાત લેવા ગયા હતા. આ દરમિયાન હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ દ્વારા તેમને રોકવામાં આવ્યા હતા. ઈસ્માઈલભાઈ માણેકે પોતાનો પરિચય વોર્ડ નંબર ૧ના કોર્પોરેટર તરીકે આપ્યો હોવા છતાં, સિક્યુરિટી ગાર્ડ દ્વારા તેમની પાસે આઈડી કાર્ડ બતાવવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે આઈડી કાર્ડ બતાવ્યું હોવા છતાં, સિક્યુરિટી ગાર્ડ દ્વારા આઈડી કાર્ડના ફોટાની ખરાઈ કરવાની વાત કરીને ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે.

જનપ્રતિનિધિ તરીકે પોતાના વોર્ડના દર્દીઓની ખબરઅંતર પૂછવા જવું એ તેમની સામાજિક અને જાહેર જવાબદારીનો ભાગ છે. આ ઘટનાને ધ્યાનમાં રાખીને જી.જી. હોસ્પિટલના સત્તાધીશો દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ કરવામાં આવે, સિક્યુરિટી સ્ટાફને દર્દીઓના સ્વજનો અને મુલાકાતીઓ સાથે સન્માનપૂર્વક વર્તવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવે તથા ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી કૉર્પોરેટર દ્વારા માંગ કરવામાં આવી છે.

## દિલ્હી ખાતે જંતરમંતરમાં વિરોધ પ્રદર્શનમાં જતાં કોંગ્રેસના આગેવાનોની અટકાયત



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : દિલ્હી ખાતે જંતરમંતર પર યોજાનારા વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા માટે દિલ્હી જઈ રહેલા જામનગરના કોંગ્રેસના ત્રણ આગેવાનોને જામનગર પોલીસે અટકાવી નજરકેદ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં જામનગર યુવક કોંગ્રેસના શહેર પ્રમુખ મહિપાલસિંહ જાડેજા (ડાડા), શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ ડો. તોસીફ ખાન પઠાણ અને જામનગર એનએસયુઆઈના પ્રમુખ રવિરાજસિંહ ગોહિલનો સમાવેશ થાય છે. દિલ્હી ખાતે યોજાનારા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેતા અટકાવવા માટે પોલીસે આ કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું છે.

## જામનગર ભાજપ દ્વારા પરિચય બેઠક યોજાઈ




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : હાલ ગુજરાત પ્રદેશ સંગઠનમાં સૌરાષ્ટ્ર ઝોન માટે સહ મહામંત્રી તરીકે અરુણ અરુણ બિન્નાડીજીની નિમણુંક કરવામાં આવેલ છે. આ તબ્બકે તેમની જામનગર મુલાકાત દરમિયાન શહેર સંગઠન ના પદાધિકારીઓ, સેલ મોરચાના હોદ્દેદારો, પ્રભારીઓ, પૂર્વ પ્રમુખો વગેરે સાથે એક પરિચય બેઠકનું આયોજન કરવામાં આવેલ.

આ તબ્બકે શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી દ્વારા સૌને આવકારવામાં આવેલ તેઓએ જણાવેલ કે જામનગર શહેર સંગઠન ખુબ મજબૂત છે, અને આગામી સમય માં તેને વધુને વધુ મજબૂત બનાવવાની ખાતરી પણ આપીયે છીએ.

ગુજરાત પ્રદેશ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોન ઇન્ચાર્જ સાંસદ અનિરુદ્ધભાઈ દવે દ્વારા સંગઠનાત્મક કાર્યક્રમો - સંકલન મિટિંગ - ટિફિન બેઠક ઈત્યાદિ બાબતે સમીક્ષા લેવામાં આવેલ તથા દરેક સ્તરે સંકલન બેઠક થાય - શહેર સ્તરે ચૂંટાયેલ પદાધિકારીઓ અને સંગઠન વચ્ચે સંકલન મિટિંગ અચૂક થાય, વોર્ડ સ્તરે સંકલન મિટિંગ અચૂક થાય તે બાબતે ભાર મુકવામાં આવેલ.

જામનગર શહેર સંગઠન પ્રભારી ધનસુખભાઈ ભંડેરી દ્વારા વિવિધ સંગઠનાત્મક કામગીરી, પ્રવૃત્તિ થઈ રહી છે. અને તે નિયમિત રીતે થઈ રહી છે તેના વિષે માહિતી પ્રદાન કરેલ. આગામી સમય માં ચૂંટણી નજીક હોય, કાર્યકર્તાઓને કટિબદ્ધ બનવા, તૈયાર રહેવા જણાવેલ. સંગઠનાત્મક પ્રવૃત્તિને વધુ સક્રિય રીતે કરવા જણાવેલ.

ગુજરાત પ્રદેશ સહ મહામંત્રી સૌરાષ્ટ્ર ઝોન અરુણ બિન્નાડીજી દ્વારા સૌ કોઈ નો પરિચય લેવામાં આવેલ, પોતાનો પરિચય આપવાની સાથે તેઓી જણાવેલ કે આગામી સમયમાં ચૂંટણી આવી રહી છે, આ સમયે દરેક કાર્યકર્તા એ બુથ સ્તર સુધી જવું પડશે, લોકો ની સમક્ષ રહેવું પડશે.

સંગઠનને વધુને વધુ મજબૂત બનાવવાની કટિબદ્ધતા દાખવી પડશે. ટિફિન બેઠક, નિયમિત બેઠકો, પરસ્પર સંવાદ ના સંચાર ઉપર તેઓ એ ભાર મુકેલ. આ પરિચય બેઠકમાં શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, ગુજરાત પ્રદેશ સહ મહામંત્રી સૌરાષ્ટ્ર ઝોન અરુણ બિન્નાડી, ગુજરાત પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોન ઇન્ચાર્જ અનિરુદ્ધભાઈ દવે, સંગઠન પ્રભારી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, મહામંત્રી વિજયસિંહ જેઠવા, મૃગેશભાઈ દવે, ભાવેશભાઈ કાનણી, સ્ટે કમિટી ચેરમેન ધીરેન મોનાણી, ડે મેયર રાકેશભાઈ ડેર, સાશકપક્ષ નેતા અમરભાઈ મોદી, દંડક પ્રવિણાબેન રૂપડીયા, પૂર્વ પ્રમુખ ધીરજલાલ કનખરા, નિલેશભાઈ ઉદાણી, અશોક નંદા, હસમુખભાઈ હિંડોચા, વિમલભાઈ કગથરા, સહીત શહેર સંગઠન ના હોદેદારો, વોર્ડ પ્રમુખો - મહામંત્રી, સેલ મોરચાના હોદેદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગ કન્વીનર ભાર્ગવ ઠાકરની અખબારી યાદીમાં જણાવામાં આવેલ છે.

## સલાયા વિસ્તારમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસનું સામ્રાજ્ય



સલાયા-ખંભાળિયા વિસ્તારમાં આજે વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાયું હતું. આને કારણે વાહનચાલકોને અવરજવરમાં ઘણી મુશ્કેલી પડી હતી.

રોડ પર ઝાકળ એટલું હતું કે સામેથી આવતા વાહનો સ્પષ્ટ દેખાતા ન હતા. વાહનચાલકોએ સવારના સમયે પણ હેડલાઈટ ચાલુ રાખવી પડી હતી. સવારે ૮ વાગ્યા સુધી સૂરજ ઊગ્યા પછી પણ રોડ પર વિઝિબિલિટી ઓછી રહી હતી. આ ધુમ્મસને કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી.

## દ્વારકાના રૂપેણબંદરમાં જુના મનદુ:ખમાં યુવાનને મારકુટ, નવ શખ્સ સામે રાવ

દ્વારકા : દ્વારકા સ્થિત રૂપેણબંદર ખાતે રહેતા યુવાનને અગાઉનું મનદુઃખ રાખી ૯ શખ્સે ગાળો કાઢી મારકુટ કરી પતાવી દેવાની ધમકી આપવા સબબ ફરિયાદ નોંધાવવામાં આવતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ આ અંગે વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા નજીક આવેલ રૂપેણબંદર ખાતે રહેતા ઈસ્માઈલ આલાભાઈ ભેંસલીયા નામના યુવાનને ગુલામ હુસેન ઈશાભાઈ લુચાણી, હુસેન આદમભાઈ લુચાણી, ગફાર લશાભાઈ લુચાણી, જેનુલ ઈશાભાઈ લુચાણી, મામદ ઈશાભાઈ લુચાણી, ઈસ્માઈલ ઈશાભાઈ લુચાણી, કાસમ ઈશાભાઈ લુચાણી, ઈરફાન કાસમભાઈ લુચાણી અને અસગર ઢોકી નામના ૯ શખ્સે મનફાવે તેવી ગાળો કાઢી , ગાલ ઉપર તથા કમ્મરના ભાગમાં ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અગાઉ ઈસ્માઈલ ભેસલીયાને દરિયામાં માછીમારીની જાળ મૂકવા બાબતે બોલાચાલી થયેલ જે વાતનું મનદુઃખ રાખી ડખ્ખો કરતા તેણે નવેય શખ્સ સામે દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એન.એસ. ગોહિલ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## ખાવડીના યુવાનનું છાતીમાં દુખાવો ઉપડતા મોત

જામનગર : જામનગર - ખંભાળિયા હાઈવે પર આવેલ મોટી ખાવડી ખાતે રહેતા પરપ્રાંતિય યુવાનનું છાતીમાં દુખાવો ઉપડતા મોત નીપજ્યું હતું. જે બનાવ અંગે પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મુળ ઉત્તરપ્રદેશ રાજ્યનો અને હાલ મોટી ખાવડી ખાતે રહેતો મોહમદ અમન અલાઉદ્દીન અંસારી નામનો ૨૬ વર્ષનો પરપ્રાંતિય યુવાન ગઈકાલે પોતાના રૂમેથી કામ ઉપર જતો હોય દરમિયાન કાનાલુસ એમ. જી. ગેટ પાસે પહોંચતા તેને એકાએક છાતીમાં દુખાવો ઉપડતા બેભાન થઈ ઢળી પડ્યો હતો આથી તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે તપાસી મૃત ઘોષિત કર્યો હતો આ બનાવની જાણ થતા મેઘપર પડાણા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ કરી હતી.

## જામનગરમાં સગીરાને ફોસલાવી શારીરિક અડપલા કરનાર શખ્સની શોધખોળ

જામનગર : જામનગર શહેરમાં રહેતા એક પરિવારની સગીરાને ફોસલાવીને લઈ જઈ તેની સાથે શારીરિક અડપલાં કર્યાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે.

આ મામલે સગીરાની માતાની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સગીર વયની કિશોરીને ફોસલાવીને લઈ જઈ તેની સાથે શારીરિક અડપલાં કરવા મામલે જામનગરના રહેવાસી આરોપી કેવલ જીતેન્દ્રભાઈ વાઘેલા (ઉ.વ.૧૯) વિરુદ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ કેવલ જીતેન્દ્રભાઈ વાઘેલાને ઝડપી લેવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# જામનગરમાં પ્રાચીન સિક્કા અને જૂની નોટોનું પ્રદર્શન યોજાયું





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ઈતિહાસપ્રેમીઓ અને સિક્કા સંગ્રહના શોખીનો માટે એમ.એન. ગ્રુપ દ્વારા શહેરમાં પ્રાચીન સિક્કાઓ અને જૂની નોટોનું ત્રણ દિવસીય ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું છે. તા. ૯, ૧૦ અને ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન એમ.પી. શાહ મ્યુનિસિપલ ટાઉન હોલ ખાતે યોજાનારા આ પ્રદર્શનમાં દુર્લભ, પ્રાચીન અને ઐતિહાસિક સિક્કાઓ તેમજ જૂની નોટો નિહાળવાની તક મળશે. સિક્કા અને ચલણી નોટોના સંગ્રહમાં રસ ધરાવતા લોકો માટે આ પ્રદર્શન વિશેષ આકર્ષણરૂપ બનશે. વિવિધ સમયગાળાના સિક્કાઓ અને જૂની નોટો દ્વારા ઈતિહાસની ઝલક નિહાળવા મળશે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, ઈતિહાસના અભ્યાસુઓ અને સિક્કા સંગ્રહના શોખીનો માટે આ પ્રદર્શન જ્ઞાનવર્ધક બની રહેશે. એમ.એન. ગ્રુપ દ્વારા જામનગરના નાગરિકો સહિત તમામ ઈતિહાસપ્રેમીઓ અને સંગ્રહના શોખીનોને પ્રદર્શનની મુલાકાત લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પ્રદર્શન અંગે વધુ માહિતી મેળવવા તથા તેમાં ભાગ લેવા માટે નિસર્ગ દેસાઈ (મો. ૯૮૯૮૦૧૧૧૧૧) અને મુર્તુઝા ટીનવાલા (મો. ૮૫૧૧૭ ૬૭૬૭૯)નો સંપર્ક કરી શકાશે.

## જય જલિયાણ મહિલા મંડળ દ્વારા લોહાણા જ્ઞાતિની બહેનો અને બાળાઓ માટે નવરાત્રીનું આયોજન

જામનગર : જામનગરના જય જલિયાણ મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા તા. ૧૧-૧૦-૨૬ થી તા. ૨૦-૧૦-૨૬ સુધી દરરોજ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી પંચેશ્વર ટાવર પાસે, લોહાણા મહાજન વાડીમાં 'જલિયાણ નવરાત્રિ મહોત્સવ'નું આયોજન લોહાણા જ્ઞાતિના બહેનો, બાળાઓ અને બાળકો માટે કરવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં જ્ઞાતિના બહેનો-બાળકો-બાળાઓને ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ વિગતો માટે મો. ૯૯૨૫૧ ૮૯૦૮૪નો સંપર્ક કરવો.

# નવરાત્રીના આગમન ટાણે જામનગરની બજારોમાં ધમધમાટ : ખરીદીનો માહોલ જામ્યો






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આદ્યાશક્તિ માં અંબાની આરાધનાના પર્વ નવરાત્રી પર્વની શરૂઆત આવતીકાલથી થવા જઈ રહી છે. ત્યારે જામનગરની બજારોમાં છેલ્લી ઘડીએ ખરીદીનો માહોલ જામી રહ્યો છે. નવરાત્રીને આવકારવા ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને બજારોમાં ઓર્નામેન્ટ, રંગબેરંગી ચણિયાચોળી, ગરબા, હાર, ચુંદડી સહિતની પરંપરાગત વસ્તુઓની ખરીદી માટે લોકોની ભીડ ઉમટી રહી છે. યુવતીઓ અને મહિલાઓમાં આકર્ષક ચણિયાચોળી તથા વિવિધ ડિઝાઈનની જ્વેલરીની માંગ જોવા મળી રહી છે. બીજી તરફ, ગરબા રમવા માટેના માટીના ગરબા, પૂજાપાની સામગ્રી અને નવરાત્રીને લગતી અન્ય ચીજવસ્તુઓની ખરીદી પણ તેજ બની છે. નવરાત્રીના રંગે રંગાવા ખેલૈયાઓ છેલ્લી ઘડીએ મનપસંદ વસ્તુઓની ખરીદી કરી રહ્યા હોવાથી શહેરના મુખ્ય બજાર વિસ્તારોમાં રોનક છવાઈ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## આવશ્યક દવાઓના મનસ્વી ભાવ ઉપર રોક જરૂરી

તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે સ્ટૅ (મહત્તમ છૂટક ભાવ) અને કેન્સરની દવાઓના સરકારી ખરીદી ભાવ વચ્ચેના મોટા તફાવતને ખગોળશાસ્ત્રીય ગણાવ્યો. આ તફાવત ૧૦ ગણાથી વધુ છે. જ્યારે ૨,૭૦૦ ની છૂટક કિંમતવાળી કેન્સરની દવાની કિંમત ૨૭,૦૦૦ ની એમઆરપી સાથે ચિહ્નિત કરવામાં આવી, ત્યારે સુપ્રીમ કોર્ટે પહેલા તેને "મોટા પાયે લૂંટ" ગણાવી અને પછી, આગામી સુનાવણીમાં, આ મોટા ભાવ તફાવતને "સામૂહિક હત્યા" તરીકે સ્પષ્ટપણે વર્ણવ્યો. દવાના વેપારીઓ, ખાનગી હોસ્પિટલો અને સરકારી હોસ્પિટલો માટે દવાની ખરીદી માટે જવાબદાર લોકો પર આનાથી વધુ કડક ટિપ્પણી કોઈ હોઈ શકે નહીં.

કોર્ટે એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો: આ બધા પૈસા ક્યાં જઈ રહ્યા છે અને કોને ફાયદો થઈ રહ્યો છે? આ ટિપ્પણી ફાર્માસ્યુટિકલ કંપનીઓ, ખાનગી હોસ્પિટલના માલિકો અને ડોક્ટરો અને સરકારી ખરીદીમાં સામેલ લોકોની બેદરકારીને સીધી રીતે ઉજાગર કરે છે. આ વિડંબના ત્યારે સ્પષ્ટ થાય છે જ્યારે કેન્દ્ર સરકારે ફેબ્રુઆરી ૨૦૨૫ માં દેશભરમાં એક દવા, એક કિંમત અને એક ગુણવત્તા નીતિ કાયદો લાગુ કર્યો છે. આ કાયદા હેઠળ, દવાના વેપારીઓ અને ઈ-ફાર્મસીઓએ દવાના ભાવ જાહેરમાં પ્રદર્શિત કરવા જરૂરી છે જેથી દર્દીઓ સંમત ભાવે ગુણવત્તાયુક્ત, પ્રમાણભૂત દવાઓ મેળવી શકે. જો કે, સુપ્રીમ કોર્ટની તીખી પ્રતિક્રિયા સ્પષ્ટપણે દર્શાવે છે કે દવાના વેપારીઓ અને સરકારી દવા ખરીદી અધિકારીઓએ આ કાયદાનો અનાદર કર્યો છે. મોટાભાગની કોર્પોરેટ હોસ્પિટલો ઉદ્યોગો બની ગઈ છે, સેવાઓ નહીં. તેઓ દર્દીઓને ફક્ત ઘરના મેડિકલ સ્ટોર્સમાંથી જ દવાઓ ખરીદવા દબાણ કરે છે. જો દર્દીઓ બહારથી પ્રવેશ માંગે છે, તો તેઓ સારવારની જવાબદારી ટાળે છે. જો કે, આમાંની મોટાભાગની હોસ્પિટલો આયુષ્માન ભારત અને અન્ય સરકારી ભંડોળવાળી આરોગ્ય યોજનાઓ હેઠળ પણ સારવાર પૂરી પાડે છે. આનો અર્થ એ છે કે કાયદો અમલમાં આવ્યા પછી પણ દવા ઉત્પાદકો અને હોસ્પિટલોની મનમાની ક્રિયાઓ ચાલુ રહે છે. જ્યારે દવાઓ આવશ્યક ચીજવસ્તુ કાયદા હેઠળ આવે છે, ત્યારે નકલી એમઆરપી કિંમત વ્યવસ્થા શા માટે ચાલુ રહે છે? કોર્પોરેટ બાબતોના મંત્રાલયના એક સર્વે રિપોર્ટમાં તાજેતરમાં સરકારને ચેતવણી આપવામાં આવી હતી કે દવાઓને જાણી જોઈને સામાન્ય માણસની પહોંચથી દૂર રાખવામાં આવી રહી છે.



# ૨૪—યુગાંતરકારી શિક્ષણ ચિંતકનું શૈક્ષણિક સાહિત્યસર્જનઃ એક ઐતિહાસિક સિંહાવલોકન

ગુજરાતના શિક્ષણ જગતના પ્રખર પ્રયોગશીલ કેળવણીકાર અને મૌલિક વિચારક શ્રી હરભાઈ ત્રિવેદીનું સાહિત્યસર્જન એ ગુજરાતની શિક્ષણ ઉત્ક્રાંતિનો જીવંત દસ્તાવેજ છે. પશ્ચિમી બાળ-મનોવિજ્ઞાન અને શિક્ષણના આધુનિક પ્રવાહોને ભારતીય સંસ્કાર-સંચય સાથે સુમેળ સાધી તેમણે પ્રગતિશીલ કેળવણીનો મજબૂત પાયો નાખ્યો હતો. તેમના ચિંતનશીલ સાહિત્ય પ્રદાનની સાહિત્યિક અને ઐતિહાસિક પુનઃરચના અહીં સંક્ષિપ્ત સ્વરૂપે પ્રસ્તુત છેઃ

૧. બાળ-માનસશાસ્ત્ર અને મનોવૈજ્ઞાનિક અભિગમઃ

મૂંઝવતું બાળક (મૂળ લેખકઃ એ.એસ.નીલ, અનુવાદકઃ હરભાઈ ત્રિવેદી) બ્રિટિશ કેળવણીકાર એ.એસ.નીલના વિશ્વપ્રસિદ્ધ ગ્રંથ 'The Problem Child' નો આ ક્રાંતિકારી અનુવાદ છે. ૧૮ પ્રકરણોમાં વિભાજિત આ પુસ્તક બાળકના ભયમુક્ત વિકાસ, જાતીય શિક્ષણ અને પ્રેમથી વંચિત બાળકની ગૂંગળામણને વાચા આપે છે. પરંપરાગત નીતિ-અનીતિના ખ્યાલોને પડકારતું આ પુસ્તક વાચકને નૂતન મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિ પૂરી પાડે છે.

બાળક મનોવૈજ્ઞાનિક દષ્ટિએ (૧૯૫૯): 'ઘરશાળા' સામયિકના માધ્યમથી રજૂ થયેલા લેખકશ્રીના વૈચારિક મણકાઓનું આ સંકલન છે. બાળક સાથે જોડાયેલી નાની-મોટી સમસ્યાઓના નિવારણ માટે વાલીઓ અને શિક્ષકોને એક સંવેદનશીલ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવવાની આ પુસ્તક હિમાયત કરે છે.

બાળકોની કથનીઃ પાંચ જુદા-જુદા સામાજિક-આર્થિક સ્તરમાંથી આવતા બાળકોની મૂંઝવણોને આત્મકથનાત્મક શૈલીમાં આલેખતું આ પુસ્તક છે. માતા-પિતાના આગ્રહો, કુટુંબના વહેમો અને અતિશય લાડ-પ્રેમ બાળકના ચારિત્ર્ય ઘડતરને કેવી રીતે અવળે માર્ગે વાળે છે, તેનું હૃદયસ્પર્શી મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ અહીં રજૂ થયું છે.

૨. કૌટુંબિક જીવન અને સંવાદનું વિજ્ઞાનઃ

દરેક કુટુંબ સાથે બેસીને વાંચેઃ બાળકના જન્મથી લઈને તેની તરુણાવસ્થા સુધીની વર્તન સમસ્યાઓનું વાલીઓ માટે અત્યંત સરળ શૈલીમાં કરેલું વિશ્લેષણ છે. બાળકના શારીરિક અને માનસિક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ સર્જવા તેમજ તેની સર્જનાત્મકતાને પીછાણવા માટે આ પુસ્તક દરેક પરિવાર માટે અનિવાર્ય માર્ગદર્શિકા છે.

બાળક સાથે વાતો કેમ કરશો?: બાળ મનોવિજ્ઞાનના દાયકાઓના અનુભવના નિચોડ સમી આ લઘુપુસ્તિકા ગાગરમાં સાગર સમાન છે. બાળકના સ્વાયત્ત વ્યક્તિત્વ અને સ્વાભિમાનનો આદર કરીને, વિવિધ કૌટુંબિક અને સામાજિક પ્રસંગોએ તેની સાથે કેવી રીતે સૌમ્ય અને અર્થસભર સંવાદ સાધવો, તેની પાયાની સમજ આ પુસ્તક અત્યંત લાઘવપૂર્ણ શૈલીમાં આપે છે.

**ભાવનગર 300**

**- બળદેવસિંહ ગોહિલ**

૩. કેળવણીની નૂતન વિચારધારા અને નીતિઓ

કેળવણીનું નવનિર્માણ (૧૯૬૦): ગુજરાત રાજ્યની સ્થાપનાના વર્ષમાં પ્રકાશિત આ પુસ્તક શિક્ષણ તંત્ર માટે દીવાદાંડી સમાન છે. પૂર્વ-પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના સુધારા અંગેના લેખકશ્રીના વિચારો એટલા આર્ષદ્રષ્ટા સમાન હતા કે ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પાયાના સિદ્ધાંતો તેમણે ૧૯૬૦માં જ આ પુસ્તકમાં આલેખી દીધા હતા.

નવી કેળવણીઃ શિક્ષણ જગતમાં 'વર્ધાયોજના' (બુનિયાદી શિક્ષણ) ના ઉદયકાળે લખાયેલું આ પુસ્તક કેળવણીના સનાતન તત્ત્વોની ચર્ચા કરે છે. સ્ત્રી-શિક્ષણ, શિસ્ત, ધર્મ અને નીતિ શિક્ષણ જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર તટસ્થ ચિંતન રજૂ કરીને લેખકે શિક્ષકો સમક્ષ વિચારણાની નવી બારીઓ ખોલી આપી છે.

નવો આચાર - નવો વિચાર (૧૯૩૭): સ્વતંત્રતા પૂર્વે લખાયેલા આ પુસ્તકમાં રૂસો અને પ્લેટોની વિચારધારાના સંદર્ભે કેળવણીની દિશાઓ બદલવાની હિમાયત કરાઈ છે. શિક્ષણમાં પ્રત્યક્ષ પદ્ધતિ અને સ્વયં-શિક્ષણ (Self-education) ના લાભો સમજાવીને છાત્રાલય જીવનને વ્યક્તિત્વ ઘડતરનું ઉત્તમ કેન્દ્ર દર્શાવવામાં આવ્યું છે.

નવી દષ્ટિ (૧૯૩૪): લેખકશ્રીના ૧૯૩૪ના વ્યાખ્યાનોના સારરૂપ આ લઘુગ્રંથ રૂઢિચુસ્ત શૈક્ષણિક ખ્યાલો સામે બળવો પોકારે છે. માનસશાસ્ત્ર, જાતીય વિજ્ઞાન, મુક્ત શિસ્ત અને ડોલ્ટન યોજનાના વિનિયોગ દ્વારા સ્વયંવિકાસ સાધવાની આધુનિક દ્રષ્ટિ આ પુસ્તક પ્રદાન કરે છે.

૪. સ્વતંત્રતા, શિસ્ત અને મૂલ્યાંકન

સ્વાતંત્ર્યનો પ્રયોગ (૧૯૫૦ / પુનઃમુદ્રણ ૧૯૬૫): આઝાદીના ઉષાકાળે લખાયેલા આ પુસ્તકમાં શાળાકીય વાતાવરણમાં શારીરિક શિક્ષણ, વિદ્યાર્થીઓની રુચિ-અરુચિ અને સાચા સ્વાતંત્ર્યની ચર્ચા છે. હરિફાઈ, ઈનામો અને લકવાગ્રસ્ત પરીક્ષા પદ્ધતિના દૂષણો પર આકરા પ્રહારો કરતા લેખક જણાવે છે કેઃ

"સાચા શિક્ષકને વ્યક્તિત્વ પેદા કરવા જવું પડતું નથી. શિક્ષકનું જ્ઞાન એ તેની શક્તિ છે, શિક્ષકનો પ્રેમ એ એની પ્રતિભા છે."

ડૉલ્ટન યોજના (અનુવાદ/રૂપાંતરણ): મિસ હેલન પાર્કહર્સ્ટના પ્રખ્યાત 'ડૉલ્ટન પ્લાન'ને ભારતીય શૈક્ષણિક વાતાવરણને અનુકૂળ બનાવી હરભાઈએ પ્રસ્તુત કર્યો છે. પરીક્ષા પદ્ધતિની નાબૂદી અને વિદ્યાર્થીઓના સ્વયં-અધ્યયન (Self-study) ને કેન્દ્રમાં રાખતી ગ્રાફ પદ્ધતિ અને સ્વાધ્યાયની રચનાની પ્રાયોગિક વિગતો આ પુસ્તકમાં આલેખાઈ છે.

૫. વિશેષ વિષય-અભ્યાસ અને યોજનાઓ

કોઈએ નહોતું કીધુંઃ જાતીય જ્ઞાન અંગે સમાજમાં પ્રવર્તતા ભય અને મૂંઝવણોને દૂર કરવાનો આ એક સાહસિક અને સંનિષ્ઠ પ્રયાસ છે. જાતીય વિકૃતિઓના સામાજિક અને શારીરિક મૂળ શોધીને, કુમાર્ગે વળેલા તરુણો પ્રત્યે સહાનુભૂતિ દાખવી વૈજ્ઞાનિક દ્રષ્ટિએ શિક્ષણ આપવાની અનિવાર્યતા આ પુસ્તકમાં ચર્ચાઈ છે.

અંગ્રેજી ભાષાનું શિક્ષણઃ પરભાષા પ્રત્યેની સૂગ દૂર કરીને પ્રત્યક્ષ પદ્ધતિ (Direct Method) અને પ્રોજેક્ટ કાર્ય દ્વારા અંગ્રેજી વ્યાકરણ, શબ્દભંડોળ અને કવિતા-શિક્ષણને કેવી રીતે રસપ્રદ બનાવી શકાય, તેનું વ્યાવહારિક માર્ગદર્શન આ લઘુપુસ્તિકા પૂરી પાડે છે.

બાલ મહિમાઃ બાળકને એક સ્વતંત્ર આત્મા અને વિકસતું માનવ ગણી, તેની જિજ્ઞાસા અને શૌર્યશક્તિને અવરોધવાના બદલે પાંખો આપવાની હિમાયત કરતું આ પુસ્તક છે. ખાસ કરીને પ્રથમ વાર માતા-પિતા બનતા યુવાનો માટે આ પુસ્તક પથદર્શક સમાન છે.

સાર્જન્ટ યોજના (૧૯૪૪): ૧૯૪૪ની બ્રિટિશ સરકારની જટિલ શૈક્ષણિક 'સાર્જન્ટ સમિતિ'ના આશરે ૧૫૦૦ પૃષ્ઠોના અહેવાલનું હરભાઈએ માત્ર ૨૦ પૃષ્ઠોમાં સચોટ સંક્ષિપ્તીકરણ કર્યું છે. પાયાની બુનિયાદી તાલીમ, પ્રૌઢ શિક્ષણ અને દિવ્યાંગ બાળકોના શિક્ષણ જેવા ૧૨ મહત્વના વિભાગોની તલસ્પર્શી સમીક્ષા આ લઘુપુસ્તિકામાં ઉપલબ્ધ છે.

શ્રી હરભાઈ ત્રિવેદીનું શૈક્ષણિક સાહિત્ય દર્શાવે છે કે તેઓ માત્ર સિદ્ધાંતવાદી ચિંતક નહોતા, પરંતુ શૈક્ષણિક પ્રયોગોના અદના સેવક અને યુગદ્રષ્ટા હતા. તેમનું સાહિત્ય આજે પણ શિક્ષકો, વાલીઓ અને કેળવણીકારો માટે સમાન રીતે પ્રસ્તુત અને માર્ગદર્શક બની રહ્યું છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું





**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, મિત્ર અથવા સહકર્મીનું સ્વાર્થી વર્તન આ અઠવાડિયે તમારી માનસિક શાંતિ છીનવી શકે છે. આવી સ્થિતિમાં, શક્ય છે કે વાહન ચલાવતી વખતે પણ તમે ધ્યાન કેન્દ્રિત ન રાખી શકો. તેથી ગાડી ચલાવતી વખતે તમને આ અઠવાડિયે વધુ સાવચેત રહેવાની સલાહ આપવામાં આવે છે. ચંદ્ર રાશિ અનુસાર શનિ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે સરળતાથી પૈસા એકઠા કરી શકો છો. કારણ કે આ દરમિયાન તમને લોકોને આપેલ જૂનું દેવું/ઉધાર પાછું મળી શકે છે, અથવા એવી પણ શક્યતા છે કે તમે આ સમયે તમારી કોઈ નવી યોજના પર લગાવવા માટે થોડું ધન એકત્રિત કરી શકો. ઘર-પરિવારમાં આ અઠવાડિયે તમારે એ વાતનું ખાસ ધ્યાન રાખવું પડશે કે તમારો કોઈ નજીકનો વ્યક્તિ કે ઘરનો સભ્ય તમારી કોઈ વાતો કે કામથી દુઃખી ન થાય. આવી સ્થિતિમાં તમારા માટે સારું રહેશે કે પોતાના કામમાંથી થોડો સમય પરિવાર માટે કાઢીને તેમની જરૂરિયાતોને સમજવાનો પ્રયાસ કરો. આ અઠવાડિયે જે વ્યવસાયને સફળ બનાવવા માટે તમે વર્ષોથી મહેનત કરીને લોહી-પસીનો એક કરી રહ્યા હતા, તેને વ્યાવસાયિક રીતે એક સારી ઓળખ અપાવવામાં તમે આ અઠવાડિયે ઘણા અંશે સફળ થઈ શકશો. આ દરમિયાન તમારી આંખોમાં ખુશીના આંસુ સ્પષ્ટપણે જોઈ શકાશે.



**વૃષભ - (બ, વ, ઉ)** ચંદ્ર રાશિ અનુસાર શનિ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા માટે કામ અને આરામ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું ખૂબ જ જરૂરી રહેશે. આવી સ્થિતિમાં, જો તમે લાંબા સમયથી કોઈ બીમારીથી પીડાઈ રહ્યા છો, તો આ સમયે તમે તેનાથી સંપૂર્ણપણે છુટકારો મેળવવામાં સફળ રહેશો. કારણ કે ગ્રહોની અનુકૂળ દ્રષ્ટિ તમને ઘણી બીમારીઓમાંથી મુક્તિ અપાવવામાં મદદ કરશે અને તે દરમિયાન તમે સારું સ્વાસ્થ્ય ભોગવશો. માનસિક રીતે પણ તમે સંતુલિત રહેશો. આ દરમિયાન તમારી ખાવા-પીવાની ટેવો અને દૈનિક જીવનશૈલીમાં પણ સુધારો થશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારે તમારા સમય અને ધન બંનેની કદર કરતા શીખવું પડશે. અન્યથા આવનારો સમય આર્થિક તંગીના કારણે તમારા જીવનના વિવિધ ક્ષેત્રોને પ્રભાવિત કરી શકે છે, જેનાથી તમારે અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આ અઠવાડિયે તમે તમારા કૌટુંબિક જીવનમાં અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા રાખશો. જેના કારણે પરિવારના સભ્યો તમારાથી થોડી બળતરા કે અકળામણ અનુભવી શકે છે, આનાથી તમને જ મુશ્કેલી થશે. તેથી શરૂઆતમાં જ તમારી અપેક્ષાઓ પર નિયંત્રણ રાખીને, બીજાઓ પર કોઈ પણ વાતનું દબાણ ન બનાવો. આ અઠવાડિયે તમને ખાસ કરીને તમારી લાગણીઓ પર કાબૂ રાખવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે શક્ય છે કે આ અઠવાડિયે તમારી અંદર વિલાસિતા (મૌજ-શોખ) વધે, જેના કારણે તમે તમારી કારકિર્દી પ્રત્યે થોડા બેદરકાર જણાશો.



**મિથુન - (ક, છ, ઘ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા માટે કામ અને આરામ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું ખૂબ જ જરૂરી રહેશે. આવી સ્થિતિમાં, જો તમે લાંબા સમયથી કોઈ બીમારીથી પીડાઈ રહ્યા છો, તો આ સમયે તમે તેનાથી સંપૂર્ણપણે છુટકારો મેળવવામાં સફળ રહેશો. કારણ કે ગ્રહોની અનુકૂળ દ્રષ્ટિ તમને ઘણી બીમારીઓમાંથી મુક્તિ અપાવવામાં મદદ કરશે અને તે દરમિયાન તમે સારું સ્વાસ્થ્ય ભોગવશો. માનસિક રીતે પણ તમે સંતુલિત રહેશો. આ દરમિયાન તમારી ખાવા-પીવાની ટેવો અને દૈનિક જીવનશૈલીમાં પણ સુધારો થશે. આ અઠવાડિયે તમારે કોઈ પ્રવાસ પર જવું પડશે. જો કે આનાથી તમને તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડી શાંતિ મળશે, પરંતુ આ યાત્રા તમને થાક અને તણાવ આપનારી પણ સાબિત થઈ શકે છે. આ બધો થાક એ સમયે ગાયબ થઈ જશે જ્યારે તમે તમારા પ્રયાસોથી આ યાત્રા દરમિયાન આર્થિક રીતે સારા પૈસા કમાવવામાં સફળ રહેશો. પરિવારના સભ્યો સાથે તમે આ અઠવાડિયે આરામની ક્ષણો વિતાવી શકશો. આ દરમિયાન તમને તમારા માતા-પિતા પાસેથી કોઈ જૂના પરિચિતોને મળવાની કે તેમના વિશે કંઈક નવું અને મહત્વપૂર્ણ સાંભળવાની તક મળશે.



**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા ખરાબ સ્વાસ્થ્યને કારણે તમારા મનમાં નકારાત્મક વિચારો વધતા જોવા મળશે. તેથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવો, કારણ કે આ વાત તમે પણ સારી રીતે સમજો છો કે નબળું શરીર માણસના મગજને પણ નબળું બનાવી દે છે. આ અઠવાડિયે ભૂલથી પણ કોઈને પૈસા ઉધાર ન આપો અને જો કોઈ કારણસર એવું કરવું જરૂરી હોય, તો ઉધાર લેનાર પાસેથી લેખિતમાં તમામ દસ્તાવેજો લો કે તે પૈસા ક્યારે પાછા આપશે. આમ કરવાથી તમે પોતાને અનેક પ્રકારના જોખમોથી બચાવી શકો છો. આ અઠવાડિયે તમને સમાજમાં માન-સન્માન પ્રાપ્ત થશે, જોકે આ દરમિયાન તમારા ભાઈ-બહેનોનું સ્વાસ્થ્ય નબળું રહી શકે છે. જેના પર તમારે તમારું થોડું ધન ખર્ચ કરવું પડશે. પરંતુ આ દરમિયાન તમારા દ્વારા તમારી દરેક પ્રકારની કૌટુંબિક જવાબદારીઓ નિભાવવી, તમને ઘરમાં પણ માન-સન્માન અપાવવાનું કામ કરશે. ચંદ્ર રાશિ અનુસાર કેતુ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે ઓફિસમાં તમને ઈચ્છા મુજબ સારા પરિણામો નહીં મળે. કારણ કે શક્ય છે કે તમારું કોઈ ખાસ નજીકનું વ્યક્તિ પોતાના ફાયદા માટે તમારી સાથે વિશ્વાસઘાત કરી શકે છે.



**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારે શારીરિક અને માનસિક તણાવનો સામનો કરવો પડશે, જેના પર તમારે કદાચ થોડા પૈસા પણ ખર્ચવા પડી શકે છે. પરંતુ પૈસાની તંગીના કારણે, તમે કોઈની પાસે ઉધાર પૈસા પણ માંગી શકો છો. આ અઠવાડિયે તમને કોઈ રોકાણથી એટલો લાભ નહીં થાય જેટલો તમે વિચાર્યો હતો. પરંતુ આ લાભ તમને ઘણા અંશે સંતોષ આપશે અને તમે તેની મદદથી પોતાના વ્યાપારમાં રોકાણ કરવાનો નિર્ણય લઈ શકશો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ (ગુરુ) બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, જો તમે યોગ્ય રણનીતિ અપનાવો છો તો તમે ધનને ઝડપથી બમણું કરી શકો છો. આ અઠવાડિયે તમે અનુભવ કરશો કે જે ઘર-પરિવારના લોકો તમારા માટે સૌથી વધુ મહત્વ ધરાવે છે, તેમને પોતાની વાત અને ભાવનાઓ સમજાવવામાં તમને ખાસી મુશ્કેલી અનુભવાશે. તેથી સારું એ જ રહેશે કે થોડા સમય માટે શાંત રહો અને તેમને પણ થોડો સમય આપો. આ અઠવાડિયે કામને લઈને તમારામાં ઉત્સાહ અને ઊર્જાની કમી જોવા મળશે. જેની સીધી અસર તમારી કારકિર્દી પર જોવા મળશે.



**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારી અતિશય મસાલેદાર અને તળેલું ભોજન ખાવાની ટેવ તમને સ્વાસ્થ્ય સંબંધિત તકલીફ આપી શકે છે. જેના કારણે તમારે તાત્કાલિક ડોક્ટર પાસે પણ જવું પડી શકે છે. તમારી આવકનો મોટો હિસ્સો જે તમે તમારા માતા-પિતાના સ્વાસ્થ્ય પર ખર્ચ કરી રહ્યા હતા, તેને તમે આ અઠવાડિયે બચાવવામાં સફળ રહેશો. કારણ કે તમારા માતા-પિતાના ખરાબ સ્વાસ્થ્યમાં સુધારો આવશે, જેનાથી તમે પણ પોતાના પૈસા બચાવવામાં સફળ થઈ શકશો. તેથી શરૂઆતથી જ તેમની યોગ્ય સંભાળ રાખતા રહો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ (ગુરુ) અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે તમારા કૌટુંબિક જીવનમાં ચાલી રહેલા તમામ કલેશ દૂર કરીને, ઘરની ખરાબ આર્થિક સ્થિતિને વધુ સારી બનાવવામાં સફળ રહેશો. જેનાથી તમારા માતા-પિતાને તમારા પર ગર્વની અનુભૂતિ થશે, સાથે જ તેઓ તમારી સમજદારી જોઈને તમારા પર પોતાનો પ્રેમ વરસાવતા જોવા મળશે. આ અઠવાડિયે એવું જણાશે કે થોડા સમય માટે તમે એકદમ એકલા પડી ગયા છો. આ દરમિયાન તમારા સહકર્મીઓ/સહયોગીઓ મદદ માટે હાથ લંબાવી શકે છે.



**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ અનુસાર કેતુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, ખુશીઓથી ભરેલું આ અઠવાડિયું તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવશે. આવી સ્થિતિમાં આ દરમિયાન કોઈ સંત પુરુષના આશીર્વાદ તમને માનસિક શાંતિ પ્રદાન કરશે. તેથી કોઈ સજ્જન પુરુષની દૈવી વાતો સાંભળો, કારણ કે આનાથી તમને સંતોષ મળશે, સાથે જ આ વાતો તમને હિંમત પણ આપશે. ચંદ્ર રાશિ અનુસાર શનિ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે ચોક્કસપણે તમારી વિપરીત આર્થિક સ્થિતિમાં સુધારો થવાના યોગ બનશે. પરંતુ આ દરમિયાન તમે એવો ખર્ચ પણ કરી શકશો જે કરવામાં તમે ભૂતકાળમાં અસમર્થ હતા. આનાથી તમારા ખર્ચમાં પણ વધારો થવાની આશંકા રહેશે. આવી સ્થિતિમાં પૈસા પ્રત્યે સહેજ પણ બેદરકારી તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ અઠવાડિયું તમારા કૌટુંબિક જીવનમાં ખુશી, શાંતિ અને સમૃદ્ધિ લાવશે. જેના કારણે તમે આખા પરિવાર સાથે કોઈ ધાર્મિક સ્થળે અથવા કોઈ સંબંધીના ઘરે જવાનો પ્લાન બનાવી શકો છો. ગ્રહોની ચાલથી આ દરમિયાન તમારી નેતૃત્વ અને વહીવટી ક્ષમતા ખીલીને સામે આવશે. જેના કારણે તમે કાર્યસ્થળ પર પોતાની અલગ ઓળખ અને સન્માન મેળવવામાં સફળ રહેશો.



**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ (ગુરુ) નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્યમાં થનારા ઘણા સકારાત્મક ફેરફારો તમને કાર્યક્ષેત્ર અને સામાજિક જીવનમાં અન્ય લોકો સાથે ખુલ્લીને વાતચીત કરવામાં મદદ કરશે. જેના કારણે તમારા સાહસ અને આત્મવિશ્વાસમાં વધારો થશે, સાથે જ તમે દરેક નિર્ણય લેવામાં પણ પોતાને પૂરી રીતે સક્ષમ અનુભવશો. તમારી આવકનો મોટો હિસ્સો જે તમે તમારા માતા-પિતાના સ્વાસ્થ્ય પર ખર્ચ કરી રહ્યા હતા, તેને તમે આ અઠવાડિયે બચાવવામાં સફળ રહેશો. કારણ કે તમારા માતા-પિતાના ખરાબ સ્વાસ્થ્યમાં સુધારો આવશે, જેનાથી તમે પણ પોતાના પૈસા બચાવવામાં સફળ થઈ શકશો. તેથી શરૂઆતથી જ તેમની યોગ્ય સંભાળ રાખતા રહો. તમારું ઊર્જાવાન, જીવંત અને હૂંફાળું વર્તન તમારી આસપાસ, ખાસ કરીને તમારા પરિવારના સભ્યોને ખુશી આપશે. જેના કારણે તમને તમારા માતા-પિતા તરફથી પ્રેમ અને સ્નેહ પણ પ્રાપ્ત થશે.



**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, સ્વાસ્થ્યના દ્રષ્ટિકોણથી આ અઠવાડિયું થોડું ઓછું સારું રહેશે. તેથી તમે જે પણ ખાઓ છો તેના પ્રત્યે સાવચેત રહો, અને શક્ય હોય ત્યાં સુધી વધુ મસાલેદાર ખોરાકથી દૂર રહીને તમારી દિનચર્યામાં યોગ અને વ્યાયામનો સહારો લો. ચંદ્ર રાશિ અનુસાર કેતુ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, ગ્રહોની વર્તમાન સ્થિતિ એ વાત તરફ પણ ઇશારો કરી રહી છે કે આ દરમિયાન તમારા કેટલાક અણધાર્યા ખર્ચાઓ થવાની આશંકા છે. જોકે તમારી આવકમાં સતત વધારો થવાથી, તમારા જીવનમાં આ ખર્ચાઓની અસર જોવા મળશે નહીં અને તમે તમારી સુખ-સુવિધાઓ પર પણ થોડો ખર્ચ કરી શકશો. તેથી આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમારી આસપાસના પ્રભાવશાળી અને મહત્વપૂર્ણ લોકો સાથે ઓળખાણ વધારવા માટે, સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો તમારા માટે એક સારો મોકો સાબિત થશે. કારણ કે આ અઠવાડિયે બીજાઓને પ્રભાવિત કરવાની તમારી ક્ષમતા તમને ઘણી સકારાત્મક બાબતો અપાવશે. કારકિર્દીના દ્રષ્ટિકોણથી અઠવાડિયાની શરૂઆત ખૂબ જ અસરકારક રહેવાની છે. કારણ કે આ દરમિયાન તમારા જીવનની મહત્વપૂર્ણ સફર શરૂ થશે, તેથી એવું કરતા પહેલા તમારા માતા-પિતાની પરવાનગી ચોક્કસ લો.



**મકર - (ખ, જ) :-** ચંદ્ર રાશિ અનુસાર કેતુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમને તમારા કામ પર એકાગ્રતા જાળવવામાં મુશ્કેલી અનુભવાઈ શકે છે. કારણ કે આ દરમિયાન તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે સારું નહીં હોય. જેના કારણે તમારે દવા પણ ખાવી પડી શકે છે, અને આ કારણે તમારો સ્વાદ અને સ્વભાવ સામાન્ય કરતાં થોડો ખરાબ થવાની આશંકા રહેશે. તમારા કોઈ જૂના રોકાણ જેમ કે વારસાગત મિલકત, જમીન, પ્રોપર્ટી, પોલિસી વગેરેના કારણે આ અઠવાડિયે તમારી આવકમાં વધારો થતો જણાય છે. આવી સ્થિતિમાં તમે તે નાણાં પ્રાપ્ત કરીને, તેને ફરીથી કોઈ સારી યોજનામાં રોકાણ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. કૌટુંબિક જીવનમાં આ રાશિના લોકોને આ અઠવાડિયે ખૂબ જ સારા પરિણામો મળવાની આશા છે. કારણ કે શક્યતા છે કે ઘર-પરિવારમાં કોઈ નવા કે નાના મહેમાનનું આગમન થશે, જેનાથી કૌટુંબિક વાતાવરણમાં ખુશાલી આવશે. આ દરમિયાન ઘરના લોકોમાં ભાઈચારો અને પરસ્પર પ્રેમ પણ સ્પષ્ટપણે જોઈ શકાશે. આ રાશિના જાતકોને આ અઠવાડિયે કામમાંથી રજા લઈને પોતાના ભાઈ-બહેનો સાથે ઘરે જ કોઈ મૂવી અથવા મેચ જોવાની ઈચ્છા જાગી શકે છે. આવું કરીને તમે ઘરના લોકો વચ્ચે પ્રેમ વધારવામાં સફળ તો રહેશો, પરંતુ કાર્યસ્થળ પર આનાથી તમારી છબી પ્રભાવિત થઈ શકે છે.



**કુંભ- (ગ, શ, ષ, સ) :-** પગમાં દુખાવાની સમસ્યા, મચકોડ, સાંધાના દુખાવામાંથી તમને આ અઠવાડિયે છુટકારો મળી શકશે. વિશેષરૂપે આ અઠવાડિયું ૫૦ વર્ષથી વધુ ઉંમરના જાતકો માટે ખાસ ઉત્તમ રહેવાના યોગ બનશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે આ રાશિના જાતકોને, ખાસ કરીને મહિલા જાતકોને કંઈ પણ બોલતી વખતે અને નાણાકીય લેવડ-દેવડ કરતી વખતે ખાસ સાવચેતી રાખવાની જરૂર પડશે. કારણ કે શક્ય છે કે તમારી ભોળપણનો લાભ લઈને ઘરનો જ કોઈ વ્યક્તિ તમારી પાસે આર્થિક મદદ માગે, અને તમે ન ઈચ્છવા છતાં પણ તેમને ના પાડી ન શકો. જો તમે તમારા કાર્યક્ષેત્ર અથવા તમારા શિક્ષણના સિલસિલામાં પરિવારથી દૂર રહો છો, તો ઘણા અંશે તમને આ અઠવાડિયે આ મુશ્કેલીઓમાંથી મુક્તિ મળી શકે છે. સાથે જ તમે તમારી વાણીના બળે આ સમયગાળામાં લોકોને પોતાના બનાવી લેશો અને તેમના મનના દરેક મતભેદને દૂર કરીને શાંતિ અને સદ્ભાવ સ્થાપિત કરવામાં સફળ થશો. ચંદ્ર રાશિ અનુસાર શનિ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારી રચનાત્મક ક્ષમતામાં ભારે ઘટાડો જોવા મળશે. જેનાથી તમે ઈમેલ, ઈન્ટરનેટ વગેરેના માધ્યમનો યોગ્ય ઉપયોગ ન કરીને પોતાના વરિષ્ઠ અધિકારીઓને પ્રસન્ન કરવામાં અસફળ રહેશો. આનાથી તમારું પ્રમોશન તો પ્રભાવિત થશે જ, સાથે જ તમારી કારકિર્દીની ઝડપમાં પણ ઘટાડો આવશે.



**મીન-(દ, ચ, ઝ, થ) :-** આ રાશિના મોટી ઉંમરના જાતકોએ આ આખા અઠવાડિયા દરમિયાન પોતાના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે. આ માટે સવાર-સાંજ પાર્કમાં જઈને લગભગ ૩૦ મિનિટ સુધી ચાલો અને જેટલું શક્ય હોય ધૂળ-માટીવાળી જગ્યાઓ પર જવાથી બચો. ચંદ્ર રાશિ અનુસાર રાહુ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમને અચાનક ધન લાભ તો થશે, પરંતુ આ ધનની પ્રાપ્તિ ખૂબ જ ટૂંકા સમય માટે હશે. તેથી ખાસ કરીને એવા જાતકો જેઓ કોઈ પણ ગેરકાનૂની પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે, તેમણે આ સમયે કોઈ પણ પ્રકારનું જોખમ લેતા પહેલા હજાર વાર વિચારવાની જરૂર પડશે. અન્યથા તમને ધન હાની શક્ય છે. ભૂતકાળમાં જો કૌટુંબિક સભ્યો વચ્ચે કોઈ વાતને લઈને ગેરસમજ હતી, તો આ અઠવાડિયે તે પૂરી રીતે દૂર થવાની શક્યતા દેખાય છે. જેના કારણે પરિવારમાં શાંતિ આવશે. આનાથી તમારું કૌટુંબિક વાતાવરણ તો ખૂબ જ સારું રહેશે જ, સાથે જ તમને પણ શાંતિ મળશે. આ રાશિના જે જાતકો સરકારી નોકરી સાથે જોડાયેલા છે, તેમને આ અઠવાડિયે પ્રમોશન અથવા પગાર વધારા સાથે ઇચ્છિત બદલી (ટ્રાન્સફર) મળવાની પણ શક્યતા છે. આવી સ્થિતિમાં પોતાને માત્ર ને માત્ર પોતાના લક્ષ્યો તરફ જ પ્રેરિત રાખતા રહો. આ અઠવાડિયે શિક્ષણ અર્થે જે વિદ્યાર્થીઓ વિદેશ જવા ઈચ્છે છે, તેમની વિદેશ યાત્રાની વિશેષ શક્યતાઓ દેખાઈ રહી છે.

# જગત જનની મા જગદંબાના નવ ચરિત્ર

## માતા જગદંબાનું પ્રથમ સ્વરૂપ : શૈલપુત્રી



માઁ દુર્ગાના નવ સ્વરૂપ પૈકી પ્રથમ નોરતાના દિવસે માતા શૈલપુત્રીની આરાધના અને પૂજન કરવામાં આવે છે.શૈલપુત્રી એ પર્વતરાજ હિમાલયના પુત્રી છે.માતા પાર્વતીજીના નામથી પ્રસિદ્ધ છે.માતા શૈલપુત્રીના જમણા હાથમાં ત્રિશુલ અને ડાબા હાથમાં કમળનું પુષ્પ છે.તેમજ મસ્તક ઉપર ચંદ્રને ધારણ કરીને રહ્યા છે.માતા શૈલપુત્રીનું વાહન ગાય અથવા વૃષભ માનવામાં આવે છે.માતા પાર્વતીજી પરમપિતા પરમાત્મા શિવના જીવનસંગીની છે અને શક્તિ સ્વરૂપ હોવાથી તેમની પૂજા કરવામાં આવે છે.દેવી ભાગવતમાં માતાજીના સ્વરૂપોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

વંદે વાંછિતલાભાય ચંદ્રઅર્થકૃતશેખરમ્
વૃષારૂઢાં શૂલધરામ્ શૈલપુત્રીમ્ યશસ્વિનિમ્
ચરાચરેશ્વરી ત્વં હિ, મહામોહ વિનાશિની
ભુક્તિ, મુક્તિ દાયિની, શૈલપુત્રી નમામ્યહમ્
ઉપરોક્ત મંત્રો વડે માતાજીને નમસ્કાર કરવામાં આવે છે.તેમજ
ૐ હ્રી શ્રી કલી શૈલપુત્રયૈ નમઃ મંત્ર વડે માતાજીની ઉપાસના કરવામાં આવે છે.

દક્ષ પ્રજાપતિના પુત્રી માતા સતીજી તેમના બીજા અવતારમાં હિમાલયને ત્યાં અવતર્યા હતા અને કઠોર તપ કરીને બીજા અવતારમાં પણ તેમણે ભગવાન શિવને પ્રસન્ન કરીને તેમના અર્ધાંગિની બન્યા હોવાથી માતાજી શિવજીની માફક ત્રિશુલ ધારણ કરે છે.બીજા હાથમાં કમળના પુષ્પો ધારણ કરીને ભવિકોનું કલ્યાણ કરે છે.મસ્તક ઉપર ચંદ્ર ધારણ કરેલો હોવાથી નવરાત્રીના પ્રથમ દિવસે માતા શૈલપુત્રીની આરાધના કરવાથી સાધકનું મન ચંદ્રની માફક શીતળતા પ્રાપ્ત કરી શાંત અને એકાગ્ર થાય છે.આથી જ નવરાત્રીના પ્રથમ દિવસે પાર્વતી સ્વરૂપ માતા શૈલપુત્રીની આરાધના કરવામાં આવે છે.

## માતા દુર્ગાનું બીજું સ્વરૂપ - બ્રહ્મચારિણી



જગત જનની માતા જગદંબાના નવ પૈકી બીજા દુર્ગા સ્વરૂપે માતા બ્રહ્મચારિણીની ઉપાસના કરવામાં આવે છે. પ્રથમ દિવસે પાર્વતી સ્વરૂપ શૈલપુત્રીની આરાધના કર્યા પછી બીજા દિવસે બ્રહ્મચારિણી માતાજીના ચરણોમાં સાધકે પોતાનું મન સમર્પિત કરવું જોઈએ.બ્રહ્મનું આચરણ કરનાર માતા બ્રહ્મચારિણી તપ કરનાર છે અને સાધકના મનને તપ દ્વારા બ્રહ્મ સાથે જોડે છે.

માતા બ્રહ્મચારિણી જમણા હાથમાં જાપ કરવાની માળા અને ડાબા હાથમાં કમંડળ ધારણ કરીને રહ્યા છે.ઉપાસના કરનાર સાધકની આંતરિક શક્તિઓને માતા બ્રહ્મચારિણી જાગૃત કરે છે,આથી સાધક કે ઉપાસક ભક્તિના માર્ગમાં આડે આવતા તમામ વિઘ્નોનો શાંત ચિત્તે સામનો કરી શકે છે.માતા બ્રહ્મચારિણીની ઉપાસનાથી સાધકમાં ભક્તિ,ત્યાગ,વૈરાગ્ય, સદાચાર અને સંયમ સહિતના ગુણ વિકસે છે.નવરાત્રીના બીજા દિવસે માતા બ્રહ્મચારિણીની સેવા પૂજાની સાથોસાથ મોટી કન્યાઓ કે જેમનું વેવિશાળ થઈ ગયેલ હોય પરંતુ લગ્ન ન થયા હોય તેમને ઘરે આમંત્રણ આપી પૂજન અને ભોજન કરવી વસ્ત્ર સહિતનું દાન અને દક્ષિણા આપવામાં આવે છે.

શંકરપ્રિયા ત્વં હિ, ભુક્તિ-મુક્તિ દાયિની,
શાંતિદા-માનદા, બ્રહ્મચારિણી પ્રણમામ્યહમ્
ઓમ્ હ', શ્ર' કલીઁ, બ્રહ્મચારિણ્યૈ નમ
ઉપરોક્ત શ્લોક અને મંત્ર વડે માતાજીને નમસ્કાર કરવા તેમજ
યા દેવી સર્વભુતેષુ બ્રહ્મચારિણી રૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ
આ ઉપરોક્ત મંત્રનો જાપ કરવો જોઈએ.

માતાજીના નવ સ્વરૂપ એક જ રૂપ છે.ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે માતા પાર્વતીજીએ નારાદજીના કહેવાથી કઠોર તપ કર્યું હતું,આથી માતાજીનું આ સ્વરૂપ તપસ્વીની કે બ્રહ્મચારિણી રૂપે પ્રચલિત થયું છે.ભક્તિના માર્ગમાં આગળ વધવા ઈચ્છુક સાધકે માતાજીની શ્રદ્ધાથી ઉપાસના કરવી જોઈએ.

## ત્રીજા નોરતે માતા દુર્ગાના ચંદ્રઘંટા સ્વરૂપની ઉપાસના



નવરાત્રીનું પર્વ એટલે જગત જનેતા માતા દુર્ગાના ચરણોમાં સ્વયંને સમર્પિત કરવાનો અવસર,શક્તિ સ્વરૂપ માતાજી એક જ છે ,છતાં આ લોકમાં તે વિવિધ સ્વરૂપ અને નામથી ઓળખાય છે. નવરાત્રીના ત્રીજા દિવસે માતાજીના ત્રીજા સ્વરૂપની પૂજા,ઉપાસના કરવામાં આવે છે.આજે ચંદ્રઘંટા સ્વરૂપે માતાજીનું પૂજન કરવામાં આવે છે.

મસ્તક ઉપર ચંદ્ર ધારણ કરેલો છે,સુવર્ણ સમાન જેમનો વર્ણ છે,દસ હાથમાં તલવાર,ધનુષ્ય-બાણ,ત્રિશુલ સહિતના શસ્ત્રો ધારણ કરેલા છે,વાઘ ઉપર બિરાજમાન છે,તે માતા દુર્ગાના સ્વરૂપને ચંદ્રઘંટા કહેવામાં આવે છે.માતાજીના આ સ્વરૂપની આરાધના કરનાર ભક્તની તમામ વિપત્તિઓનો નાશ થાય છે.માતાજીના આ સ્વરૂપની આરાધના કરવાથી સાધકના મણિપુર ( નાભિચક્ર )નો વિકાસ થાય છે,પરિણામે સાધક પોતાની લાગણીઓ,ભાવનાઓ ઉપર પકડ મેળવી શકે છે.સાધક તમામ પ્રકારના ભયથી મુક્ત થઈને નિર્ભય બને છે,કોઈપણ વિપરીત સ્થિતિમાં પણ વિચલિત થતો નથી અને મક્કમતાથી દરેક વિપત્તિઓનો સામનો કરી શકે છે.

નાના રૂપ ધારિણી, ઈચ્છામયી ઐશ્વર્યદાયિનીમ્ સૌભાગ્યારોગ્ય દાયિની, ચન્દ્રઘન્ટે પ્રણમામ્યહમ્
ઓમ્ ઐઁ હ', ચંદ્રઘન્ટે હૂં ફટ્ સ્વાહા.

ઉપરોક્ત શ્લોક અને મંત્ર વડે માતાજીને નમસ્કાર કરી તેમની ઉપાસના કરવામાં આવે છે.નવદુર્ગાના નવ સ્વરૂપની આરાધના કરવાથી મનુષ્યની આંતરિક અને બાહ્ય શક્તિઓનો વિકાસ થાય છે.માતાજી સ્વયં શક્તિ સ્વરૂપ હોવાથી તેમની ઉપાસના કરનાર સાધક પણ પોતાની અંદર રહેલી દિવ્ય શક્તિઓને જાગૃત કરીને પોતાના જીવનમાં સફળતા,સિદ્ધિ મેળવે છે અને અન્ય લોકોને પણ સહાય કરે છે.શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરનાર સાધકની ઉપર માતાજીની અપાર કૃપા સદા બની રહે છે.

## માતા દુર્ગાનું ચોથું સ્વરૂપ - બ્રહ્માંડની રચના કરનાર માતા દુર્ગા કૂષ્માંડા સ્વરૂપે પૂજાય છે



માતા દુર્ગાના નવ ચરિત્ર પૈકીના ચોથા ચરિત્રને કૂષ્માંડા સ્વરૂપે પૂજવામાં આવે છે.આ સમગ્ર બ્રહ્માંડની રચના માતા કૂષ્માંડાએ કરી છે.આથી માતાજીનું આ સ્વરૂપ જગતજનની તરીકે પણ ઓળખાય છે.માતાજીના આ સ્વરૂપની આરાધના કરવાથી સાધકનું સર્વ પ્રકારે શુભ થાય છે.

માતા કૂષ્માંડા અષ્ટભુજા ધારણ કરીને રહ્યા છે. માતાજી કમંડળ, ધનુષ-બાણ, કમળ,અમૃતમય કળશ, માળા, ગદા અને ચક્ર ધારણ કરેલાં છે.માતાજીના મધુર હાસ્યથી આ બ્રહ્માંડની રચના થઈ હોવાનું મનાય છે,આથી માતાજીનું આ સ્વરૂપ કૂષ્માંડા નામથી પ્રસિદ્ધ છે.

ત્રૈલોક્ય સુંદરી ત્વં હિ, દુઃખ શોક નિવારિણીમ્
પરમાનન્દમયી, કૂષ્માંડે, પ્રણમામ્યહમ્
સુરાસંપૂર્ણકલશં રુધિરાપ્લુતમેવ ચ,
દધાના હસ્તપદ્માભ્યામ્ કૂષ્માંડા શુભદાસ્તુ મેં.

ઉપરોક્ત શ્લોક વડે માતાજીને નમસ્કાર કરી પૂજન તેમજ જાપ કરનાર સાધકનું માતાજી સર્વ પ્રકારે શુભ કરે છે. માતાજીના આ સ્વરૂપની આરાધના કરવાથી માનવીના દુઃખ અને શોકનો નાશ થાય છે અને જીવનમાં નવી ખુશીઓ અને ઉમંગ-ઉત્સાહનો વધારો થાય છે.વળી માતાજી સાધકને ધન-ધાન્ય અને સંતાન,સિદ્ધિ અર્પે છે.જીવનમાં દરેકરીતે સફળતા મેળવવા માટે સાધકે માતાજીની ભાવથી આરાધના કરવી જોઈએ.

## ભુક્તિ-મુક્તિદાયક સ્કંદમાતા મા દુર્ગાના પાંચમાં સ્વરૂપે પૂજાય છે



માતા દુર્ગાનું પાંચમું સ્વરૂપ એટલે સ્કંદમાતા.સ્કંદ એટલે ભગવાન શિવ અને માતા પાર્વતીના પુત્ર ભગવાન કાર્તિકેય.કાર્તિકેયના માતા એટલે સ્કંદમાતા એ સ્વરૂપે માતાજી પૂજાય છે.શુભ્ર ( સફેદ ) વર્ણ અને ચતુર્ભુજ સ્વરૂપ માતાજી ઉપરના બન્ને હાથમાં કમળ ધારણ કરે છે.નીચેના એક હાથમાં બાળ કાર્તિકેય અને બીજો હાથ વરદમુદ્રા ( વરદાન આપતા ) માં ધારણ કરી સિંહ ઉપર બિરાજમાન છે.ક્યારેક માતાજી કમળ ઉપર પણ બિરાજેલા હોય,માતાજીનું આ સ્વરૂપ પદ્માસના દેવી તરીકે પણ ઓળખાય છે.સ્કંદમાતાની ઉપાસના કરનાર સાધક ઊર્ધ્વગામી બનીને મોક્ષના માર્ગે આગળ વધે છે.માતાજીની ઉપાસના કરનાર ભક્ત આંતરિક અને બાહ્ય બન્ને રીતે શુદ્ધ બને છે.સાધકનું વિશુદ્ધ ચક્ર જાગૃત થતા સિદ્ધિ મેળવે છે.માતાજીની કૃપાથી સાધક ક્રમશઃ મુક્તિના માર્ગમાં આગળ વધે છે.આ ઉપરાંત પુત્રની પ્રાપ્તિ અને સંતાનોની રક્ષા માટે પણ માતા દુર્ગાના આ સ્વરૂપની આરાધના શુભફળદાયી છે.

શાંતિં કુરૂ સ્કંદમાતે, સર્વ સિદ્ધિપ્રદાયક
ભુક્તિ-મુક્તિદાયક દેવી નમસ્તે નમસ્તે સ્વાહા.
ઓમ્ ઐઁ કલ', હ', સ્કંદમાતે હૂં હૂં ફટ્ સ્વાહા.
'હ' ઐઁ, કલ' સ્કંદમાતે મમ પુત્રં દેહિ સ્વાહા

ઉપરોક્ત મંત્ર વડે માતાજીને નમસ્કાર કરીને તેમના મંત્રનો જાપ કરવાથી શુભફળ મળે છે.પરાક્રમી પુત્રની પ્રાપ્તિ માટે પણ માતાજીની શ્રદ્ધાથી ઉપાસના કરવી જોઈએ.માતાજીની ઉપાસના કરનાર સાધકના ત્રિવિધ તાપ શાંત થતા સાધક આ સંસારની મોહમાયાથી પર બનીને મુક્તિના માર્ગે આગળ વધે છે.

## ધર્મ,અર્થ,કામ અને મોક્ષદાયીની માતા કાત્યાયની : દુર્ગાની છઠ્ઠી વિભૂતિ



માતા દુર્ગાના નવ સ્વરૂપોની ઉપાસનાનું મહાપર્વ એટલે નવરાત્રિ. આજે છઠ્ઠા નોરતે માતાજીના કાત્યાયની સ્વરૂપની પૂજા-ઉપાસના કરવામાં આવે છે.માતાજીનું આ સ્વરૂપ ચાર પુરુષાર્થનું ફળ આપનાર છે.માઁ જગદંબાની કૃપાથી સાધક પોતાના જીવનમાં સઘળું મેળવી અંતે મોક્ષ પામે છે.શક્તિ સ્વરૂપ માતા કાત્યાયનીનું સ્વરૂપ અત્યંત આભાવાન છે,ઝળહળતું છે.ચાર ભુજાવાળા કાત્યાયની માતાજીના જમણી તરફનો ઉપરનો હાથ અભય મુદ્રા અને નીચેનો હાથ વરદમુદ્રા ધારણ કરેલો છે.ડાબી તરફના ઉપરના હાથમાં તલવાર અને નીચેના હાથમાં કમળનું પુષ્પ ધારણ કરેલું છે.સિંહ ઉપર બિરાજમાન માતા કાત્યાયનીદેવી અત્યંત શોભાયમાન છે.મહિષાસુરનો વધ કરનાર માતાજી બ્રહ્મમંડલના અધિષ્ઠાત્રિ દેવી છે. મહિષાસુરનો વધ કરવા માટે ચરિત્ર ધારણ કરનાર માતા કાત્યાયનીદેવી ત્રિદેવ બ્રહ્મા,વિષ્ણુ અને મહેશના તેજના અંશથી ઉત્પન્ન થયા હોવાનું તેમજ પ્રથમ મહર્ષિ કાત્યાયને તેમની પૂજા કરી હોવાનું મનાય છે.મહર્ષિ કાત્યાયનની ભક્તિ અને તપથી પ્રસન્ન થઈને તેમની ઈચ્છા પૂર્ણ કરવા માતાજી તેમના પુત્રી સ્વરૂપે અવતર્યા હતા.ગોપીઓએ પણ ભગવાન શ્રીકૃષ્ણને પોતાના પતિ સ્વરૂપે પામવા યમુના નદીના કિનારે માતા કાત્યાયનીની પૂજા કરી હતી.

વિશ્વકર્ત્રી, વિશ્વભર્ત્રી, વિશ્વહર્ત્રી વિશ્વપ્રીત
વિશ્વરચિતા, વિશ્વાતીત્વ, કાત્યાયન સૂતે નમોસ્તુતે
ઓમ કાં કાં કાત્યાયની સ્વાહા.
ઓમ કાં કાં કાત્યાયની ઠઃ ઠઃ

ઉપરોકત શ્લોક અને મંત્ર દ્વારા માતાજીને નમસ્કાર કરી તેમના જાપ કરવાથી સાધકનું કલ્યાણ થાય છે.શક્તિ સ્વરૂપ માતા કાત્યાયનીદેવીની ઉપાસના કરવાથી સાધકનું આજ્ઞાચક્ર જાગૃત થાય છે અને સાધકના ધર્મ,અર્થ,કામ અને મોક્ષ,આ ચાર પુરુષાર્થ સિદ્ધ થાય છે.માતાજીની કૃપાથી ભક્ત પોતાના જીવનમાં સફળતા મેળવી આલોક તેમજ પરલોકમાં સઘળું શુભ ફળ મેળવે છે.

## ભક્તોનું સદાય શુભ કરનાર દુર્ગાનું સાતમું ચરિત્ર માતા કાલરાત્રિ



માઁ એટલે મમતાનું પ્રતિક, પોતાના બાળ માટે માતા ગમે તે કરી શકે છે.જગદંબા માઁ દુર્ગાનું સાતમું ચરિત્ર કાલરાત્રિ સ્વરૂપ છે.દૈત્યોનો નાશ કરનાર કાલરાત્રિ માતાજી ભક્તોનું સદાય શુભ કરનાર હોવાથી તેઓ શુભંકરીદેવી તરીકે પણ પૂજાય છે.દેવી કાલરાત્રિ સર્વ બાધા, અશુભ તત્વોથી ભક્તની રક્ષા કરી અભય આપનાર છે.

શુંભ અને નિશુંભ નામના દૈત્યનો વધ કરવા માટે માતા પાર્વતીજીએ કાલરાત્રિ સ્વરૂપ ધારણ કર્યું હતું.ઉગ્ર સ્વરૂપ,કૃષ્ણ વર્ણ,ચાર ભુજાવાળા માતાજી અભય અને વરદમુદ્રા ધારણ કરેલા છે.તેમના અન્ય બે હાથમાં ખડગ અને તીક્ષ્ણ લોહ અસ્ત્ર ધારણ કરેલા છે.ત્રણ નેત્રવાળા માતાજીના ગળામાં ચળકતી માળા શોભે છે.માતા કાલરાત્રિ દુષ્ટોનો વિનાશ કરનારી છે. દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત વગેરે માતાજીનું સ્મરણ કરવાથી જ ભયભીત થઈ જાય છે. ગ્રહબાધાઓને પણ દૂર કરનારી છે. ઉપાસકોને અગ્નિ-ભય, જળ-ભય, જંતુ-ભય, રાત્રિ-ભય વગેરે ક્યારેય નથી હોતા. માતાજીની કૃપાથી તે હંમેશા ભયમુક્ત થઈ જાય છે.

કામિસ્વરૂપિણી ત્વંહિ, શત્રુસંઘ વિદારિણીમ્,
ધર્મોર્થ કામદાયિનીમ્, કાલરાત્રિં પ્રણમામ્યહમ્
ઓમ્ કલ' કાલરાત્રિં ક્ષૌં ક્ષૌં મમ સુખ-શાંતિ દેહિ દેહિ સ્વાહા

ઉપરોક્ત શ્લોક અને મંત્ર વડે માતાજીને નમસ્કાર કરી જાપ કરવાથી ભક્તનું શુભ થાય છે.દૈત્યોનો વિનાશ કરનારી માતા કાલરાત્રિ ભદ્રકાલી, કાલિકા,ચંડી વગેરે નામથી પણ ઓળખાય છે.જીવનમાં લાભ અને શુભની પ્રાપ્તિ માટે સાધકે માતાજીની શુદ્ધભાવે આરાધના કરવી જોઈએ.

## મા દુર્ગાનું આઠમું સ્વરૂપ : મહાગૌરી



જગત જનની માતા જગદંબાના નવ સ્વરૂપની નવરાત્રી દરમ્યાન ઉપાસના કરવામાં આવે છે.માતાજીનું આઠમું સ્વરૂપ મહાગૌરી નામથી પૂજાય છે.ગૌરવર્ણ માતાજી સાધકનું કલ્યાણ કરનાર દેવી છે.માતાજીની કૃપા અને આશીર્વાદથી સાધકના સઘળા પાપ અને દુઃખ દૂર થાય છે.

માતા પાર્વતીજીએ ભગવાન શિવને પતિ સ્વરૂપે પામવા માટે કઠોર તપસ્યા કરી હતી,જેના કારણે માતાજીનો વર્ણ શ્યામ થઈ ગયો હતો,ભગવાન શિવે પ્રસન્ન થઈને માતાજીને ગૌરવર્ણ કર્યા આથી માતાજીનું દિવ્ય સ્વરૂપ મહાગૌરી તરીકે ઓળખાયું.માતા મહાગૌરી ચતુર્ભુજ ધારણ કરેલા છે.વૃષભ ઉપર બિરાજમાન માતાજી ત્રિશૂલ અને ડમરુ ધારણ કરે છે,તેમનો એક હાથ મુદ્રા ધારણ કરેલો છે જ્યારે એક હાથ વરદમુદ્રામાં ભક્તોને આશીર્વાદ આપે છે.

શાંતિ કુરુ મહાગૌરી સર્વ સિદ્ધિ પ્રદાયક
ભુક્તિ મુક્તિદાયક દેવી, નમસ્તે નમસ્તે સ્વાહા
ઓમ્ કલ' હૂ મહાગૌર્યૈ ક્ષૌં ક્ષૌં મમ સુખ-શાંતિ કુરુ કુરુ સ્વાહા

ઉપરોક્ત શ્લોક અને મંત્ર વડે માતાજીને નમસ્કાર કરી તેમના જાપ કરવાથી સાધકનું કલ્યાણ થાય છે.માતા મહાગૌરીની કૃપાથી સાધકના બધા પાપ અને દુઃખનો નાશ થાય છે,માતાજીની કૃપાથી સાધકનું સર્વ પ્રકારે કલ્યાણ થાય છે.

## ભક્તોને સર્વ સિદ્ધિ અને મુક્તિ પ્રદાન કરતા માતા સિધ્ધીદાત્રી દેવી



માતા દુર્ગાનું નવમું ચરિત્ર એટલે સિધ્ધીદાત્રી દેવી.નામ પ્રમાણે જ ફળ આપનાર માતાજી સાધકને તમામ સિદ્ધિ આપી અંતે મોક્ષ પ્રદાન કરે છે.નવરાત્રિના નવમા દિવસે માતા દુર્ગાના સિધ્ધીદાત્રી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.માતા સિધ્ધીદાત્રી મહાવિદ્યાની અધિષ્ઠાત્રિ દેવી છે,આથી માનવી જ નહીં પરંતુ દેવતાઓ,યક્ષ,ગંધર્વ,સિદ્ધ મુનિઓ અને અસુરો પણ માતા સિધ્ધીદાત્રીની ઉપાસના કરે છે.

કમળના આસન ઉપર બિરાજમાન માતા સિધ્ધીદાત્રી ચારભુજાધારી સ્વરૂપ છે.તેમના પ્રત્યેક હાથમાં શંખ,ચક્ર,પદ્મ અને ગદા ધારણ કરી રહેલા છે.તેમનું વાહન સિંહ છે.કમળ ઉપર બિરાજમાન હોવાથી તેઓ કમલાસની પણ કહેવાય છે.સ્વેત વસ્ત્ર ધારણ કરી,મધુર વાણીનું ઉચ્ચારણ કરતા મહાજ્ઞાન સ્વરૂપ માતા સિધ્ધીદાત્રીદેવી ભક્તોનું કલ્યાણ કરે છે.

માતા સિધ્ધીદાત્રી આદિ-પરાશક્તિ છે.બ્રહ્માંડની રચના માટે ભગવાન શિવના અર્ધા દેહમાંથી પ્રગટ થયા હોવાથી તેઓ અર્ધનારીશ્વર સ્વરૂપ પણ મનાય છે.

સિદ્ધગંધર્વ યક્ષા ધૈરસુરૈરમરૈરપિ।
સેવ્યમાના સદા ભૂયાત સિદ્ધિદા સિદ્ધિદાયની॥
શાંતિ કુરુ સિદ્ધિદાત્રી, સર્વ સિદ્ધિ પ્રદાયક,
ભુક્તિ-મુક્તિ દાયક દેવી, નમસ્તે નમસ્તે સ્વાહા.
ઓમ્ ઐઁ હ્રીઁ સિદ્ધિદાત્રયૈ મમ્ સુખ-શાંતિ દેહિ દેહિ સ્વાહા.

ઉપરોક્ત શ્લોક અને મંત્ર વડે માતાજીને નમસ્કાર કરી જાપ કરવાથી માતાજી પ્રસન્ન થાય છે અને તેમની કૃપાથી સાધકનું કલ્યાણ થાય છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઈ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઈ | ન | સા | ળ | ઐ |

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

## નવરાત્રી દરમિયાન કરીએ શક્રાદય સ્તુતિનો પાઠ

### ધર્મ દર્શન

આસો માસની નવરાત્રીનો કાલથી પ્રારંભ થશે.વર્ષમાં આવતી ચાર નવરાત્રી પૈકીની આસો મહિનાની નવરાત્રીનું વિશેષ મહત્વ છે.માતાજીના આરાધકો વિધવિધ પ્રકારે માતાજીની ભક્તિ કરતા હોય છે,પરંતુ નવરાત્રીનું મહત્વ વિશેષ ગણવામાં આવ્યું છે.દરરોજ માતાજીની આરાધના કરવા અસમર્થ હોય તેવા ભક્તો નવરાત્રી દરમિયાન માતાજીનું વિશેષ પૂજન અર્ચન અને અનુષ્ઠાન કરે છે.

મા એટલે જનેતા,આ જગતની જેણે રચના કરેલી છે તે ત્રણ શક્તિ સ્વરૂપ દૈવીશક્તિ એટલે જ માતા જગદંબા.આ જગતની રચના અને રક્ષા માટે પરમ ઈશ્વરીએ વિવિધ સ્વરૂપ ધારણ કર્યા હતા.પરમ ઈશ્વરી એક હોવા છતાં અનેક સ્વરૂપે પૂજાય છે.કોઈપણ માતાજીની પૂજા કે ઉપાસના કરો તે પરમ શક્તિની ઉપાસના જ છે.

ભગવતી દેવીએ યુગેયુગે અનેક ચરિત્ર કર્યા છે,માતાજીની આ અદ્દભુત લીલાનું દેવી ભાગવતમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે,સાથોસાથ ચંડીપાઠમાં પણ માતાજીના મુખ્ય ચરિત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે.

આજની વ્યસ્ત અને દોડધામ ભરેલી જિંદગીમાં મનાવીને ભક્તિ માટે સમય કાઢવો મુશ્કેલ છે.આમ છતાં નવરાત્રી જેવા અવસરો માનવીને ભક્તિ માટે પ્રેરણા આપે છે.આ નવ દિવસ દરમિયાન માતાજીના ચંડીપાઠનું પઠન કરવાથી માતાજીની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત થાય છે.આ પાઠ દ્વારા ભક્તનું સર્વ પ્રકારે રક્ષણ થાય છે.દુર્ગા સપ્તશતી પાઠના ચોથા અધ્યાયમાં ઈન્દ્ર સહિતના દેવોએ માતાજીની સ્તુતિ કરી છે.દૈત્યનો વધ કર્યા પછી દેવોએ માતાજીનું પૂજન અને સ્તુતિ કરી તેનું વર્ણન સપ્તશતીના ચોથા અધ્યાયમાં કરવામાં આવ્યું છે.

આ અધ્યાયમાં માતાજીની સ્તુતિની સાથોસાથ માતાજીનું રક્ષા સ્તોત્ર પણ સામેલ કરવામાં આવ્યું છે.દેવોએ આ સ્તુતિનો પાઠ કરનાર માનવીના સર્વ પ્રકારે રક્ષણ કરવા માતાજીને વિનંતી કરી છે.નવરાત્રી પર્વ દરમિયાન દરરોજ શક્રાદય સ્તુતિનો પાઠ અવશ્ય કરવો જોઈએ.આ ઉપરાંત કુળદેવીના મંત્રની એક માળા અને પૂજન પણ કરવાથી શુભ ફળ મળે છે.શક્રાદય પાઠમાં માતાજીનું રક્ષા સ્તોત્ર પણ આવે છે.આ કવચનો સાધકે નિત્ય પાઠ કરવો જોઈએ.

### માતાજીનું લઘુ કવચ

શુલેન પાહિ નો દેવી પાહિ ખડ્ગેન ચામ્બિકે
ઘંટાસ્વનેન નઃ પાહિ ચાપજ્યાનિઃસ્વનેન ચ

પ્રાચ્યાં રક્ષ પ્રતીચ્યાં ચ ચંડિકે રક્ષ દક્ષીણે
ભ્રામણેનાત્મશૂલસ્ય ઉત્તરસ્યાં તથેશ્વરી

સોમ્યાની યાનિ રૂપાણી ત્રૈલોક્યે વિચારંતિ તે
યાનિ ચાત્યર્થઘોરણી તે રક્ષાસ્માંસ્તથા ભુવમ્

ખડગશૂલગદાદીનિ યાનિ ચાસ્ત્રાનિ તેડમ્બિકે
કરપલ્લવસંગીનિ તૈરરસ્માન્રક્ષ સર્વતઃ



# જામજોધપુરમાં પ્રાકૃતિક કૃષિ વેંચાણ કેન્દ્રનો પ્રારંભ કરાવતા પર્યાવરણ મંત્રી









જામનગર : રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે તૈયાર કરવામાં આવેલ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે તેમણે જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. અને જામનગર જિલ્લાની પ્રાકૃતિક કૃષિ અંગેની માહિતી મેળવી હતી.

જામજોધપુર ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સૌએ ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યના ૧૦૦ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રના ઈ-લોકાર્પણના રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યું હતુ કે, પ્રાકૃતિક કૃષિ પેદાશોને બજાર મળવાથી ખેડૂતો આત્મનિર્ભર બન્યા છે. જામજોધપુર તાલુકામાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર શરુ થવાથી જામજોધપુર તાલુકાના ખેડૂતોને તેમના શાકભાજી, ફળો, અનાજ, કઠોળ, મસાલા અને અન્ય પ્રાકૃતિક ઉત્પાદન આધારિત પ્રોડક્ટ્સનું સીધું વેચાણ કરવાની તક મળશે. પ્રાકૃતિક કૃષિ માત્ર ખેતી કરવાની એક પદ્ધતિ નથી, પરંતુ જમીનનું આરોગ્ય, પાણીનું સંરક્ષણ, પર્યાવરણની જાળવણી અને ખેડૂતોની આર્થિક સદ્ધરતા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે.

જામનગર જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે, જે પ્રોત્સાહક બાબત છે. ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ વધે, તેમને યોગ્ય માર્ગદર્શન મળે અને તેમના ઉત્પાદનોને બજાર મળે તે માટે આવા વેચાણ કેન્દ્રોની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ છે. આજે શરૂ થયેલ આ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર ખેડૂત અને ગ્રાહક વચ્ચે સીધો સેતુ બનશે. પ્રાકૃતિક રીતે ઉત્પાદિત થતી વિવિધ કૃષિ પેદાશો ગ્રાહકો સુધી સરળતાથી પહોંચે અને ખેડૂતોને તેમના ઉત્પાદનનું યોગ્ય બજાર મળી રહે, તે દિશામાં આ કેન્દ્ર મહત્વપૂર્ણ સાબિત થશે. ખેડૂતને બજાર મળશે તો પ્રાકૃતિક ખેતીને ગતિ મળશે અને પ્રાકૃતિક ખેતીને ગતિ મળશે તો સ્વસ્થ સમાજના નિર્માણને બળ મળશે.

સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતા પ્રયાસો સાથે ખેડૂતો, સહકારી સંસ્થાઓ, સ્વસહાય જૂથો અને ગ્રાહકો સૌ સાથે જોડાય તો આ અભિયાનને વધુ વેગ મળી શકે છે. તેમ મંત્રીએ ઉમેર્યું હતું. કાર્યક્રમમાં મંત્રીના હસ્તે જામનગર જિલ્લાના બે ખેડૂતો હસમુખભાઈ તાલા અને જશ્મીનભાઈ દેલવાડીયાને બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીને લગત પોતાના અનુભવો વર્ણવ્યા હતા. મંત્રી સાથે જામનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પરેશભાઈ હીરપરા, તાલુકા પંચાયતના પ્રમુખ પુજાબેન મોરી, નગરપાલિકા પ્રમુખ કંચનબેન ગૌસ્વામી, લાલપુર પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર, જામજોધપુર પ્રાંત અધિકારી વાય.એન.બારડ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, જામજોધપુર નગરપાલિકાના સદસ્યો, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર કે.એસ.ઠક્કર, જિલ્લા ખેતીવાડી અધીકારી આર.એસ. ગોહિલ, આગેવાનો, અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર જિલ્લામાં આગામી ચાર રવિવાર મતદાર યાદીમાં સુધારણા કાર્યક્રમ યોજાશે

જામનગર : ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના નિર્દેશાનુસાર જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જીંઇ ની કામગીરી પૂર્ણ થયેલ છે, ત્યાં સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત મતદાર તરીકે નોંધણીથી બાકી રહી ગયેલા નાગરિકો તેમજ પ્રથમ વખત પાત્ર બનતા યુવા મતદારો માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ સંદર્ભે ભારતના ચૂંટણી આયોગ દ્વારા તા. ૧/૧૦ થી 'મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬' ની જાહેરાત કરવામાં આવી છે. આ ખાસ ઝુંબેશ કાર્યક્રમ અંતર્ગત નાગરિકો પોતાના હક્ક-દાવા અને વાંધા અરજીઓ સરળતાથી રજૂ કરી શકે તે માટે તા. ૧૧/૧૦, તા.૧૮/૧૦, તા. ૨૫/૧૦ અને તા. ૧/૧૧ના ચાર રવિવારના દિવસોમાં સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી તમામ મતદાન મથકો પર બૂથ લેવલ ઓફિસર ઉપસ્થિત રહેશે.

આ સમયગાળા દરમિયાન નાગરિકો નવા મતદાર તરીકે નામ ઉમેરવા માટે ફોર્મ નં. ૬, મતદારયાદીમાંથી નામ કમી કરાવવા માટે ફોર્મ નં. ૭, તેમજ સરનામા બદલવા, વિગતોમાં સુધારો કરવા કે આધાર પુરાવા લિંક કરવા માટે ફોર્મ નં. ૮ રજૂ કરી શકશે. જામનગર જિલ્લાના તમામ પાત્ર નાગરિકો અને યુવાનોને પોતાના સંબંધિત મતદાન મથક ખાતે ઉપસ્થિત રહી BLO સમક્ષ જરૂરી ફોર્મ અને આધાર પુરાવા રજૂ કરી આ ખાસ ઝુંબેશનો મહત્તમ લાભ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર જામનગર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# જામનગરમાં એમ.પી. શાહ કોમર્સ કોલેજના મેદાનમાં 'સહિયર નવરાત્રી મહોત્સવ'નું ભવ્ય આયોજન

### રંગતાલી ગ્રુપ દ્વારા આયોજનમાં 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત નવ બાળાઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવાશે

જામનગર : આદ્યશક્તિની આરાધનાના પર્વ શારદીય નવરાત્રીના પ્રારંભ સાથે જામનગરમાં ભક્તિ, સંસ્કૃતિ અને સેવાના સમન્વય સમા 'સહિયર નવરાત્રી મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના જાણીતા રંગતાલી ગ્રુપ દ્વારા સાત રસ્તા નજીક આવેલી શ્રી એમ.પી. શાહ કોમર્સ કોલેજના વિશાળ મેદાનમાં યોજાનારા આ મહોત્સવનો તા. ૧૧ ઓક્ટોબરના રોજ રાત્રે ૯:૩૦ કલાકે પ્રારંભ થશે.

મહોત્સવના પ્રથમ નોરતે દીપ પ્રાગટ્ય પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, નગરના પ્રથમ નાગરિક મોનિકાબેન વ્યાસ, પૂર્વ રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી, જિલ્લા કલેક્ટર પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડીયા, જિલ્લા વિકાસ અધિકારી નિશા, અધિક કલેક્ટર વિમલ અગ્રવાલ, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શહેર ભાજપ અધ્યક્ષ. બીનાબેન કોઠારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે.

આ ઉપરાંત ગોવા શિપયાર્ડના પૂર્વ ડિરેક્ટર હસમુખભાઈ હિંડોચા, શાસક જૂથના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન રૂપડિયા, નવરાત્રી મહોત્સવના મુખ્ય સ્પોન્સર બાબુભાઈ બદીયાણી તથા કૈલાશભાઈ બદીયાણી, અગ્રણી ઉદ્યોગપતિ મુકેશભાઈ વૈદ્ય, અગ્રણી બિલ્ડર મહેશભાઈ નંદાણીયા સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.

સહિયર નવરાત્રી મહોત્સવમાં બાળાઓ, યુવતીઓ અને મહિલાઓ ઉપરાંત પરંપરાગત નવરાત્રીનાં વસ્ત્રો પહેરેલા યુવકો પણ તાલીરાસ, પંચિયા રાસ, ચોકડી રાસ અને ફ્રી સ્ટાઈલના સ્પર્ધાત્મક રાસ-ગરબામાં પોતાની કળાનું પ્રદર્શન કરશે. જ્યારે દાંડિયા રાસ નિહાળવા માટે ભાઈઓ-બહેનોને પણ પ્રવેશ આપવામાં આવશે.

મહોત્સવ માત્ર મનોરંજન પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ સમાજસેવાનું માધ્યમ પણ બને તેવા આશય સાથે રંગતાલી ગ્રુપ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' પ્રકલ્પ અંતર્ગત નવ બાળાઓને શૈક્ષણિક હેતુસર દત્તક લઈને તેમના અભ્યાસનો ખર્ચ ઉઠાવવાનો સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો છે. આ સેવાકીય અભિગમના કારણે મહોત્સવને લઈને શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

સહિયર નવરાત્રી મહોત્સવનાં સંયોજક રીટાબેન સંજયભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ આ દાંડિયા મહોત્સવનું આયોજન અને સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવશે. પ્રવેશદ્વાર, ટિકિટ વેચાણ, ડીજે, મેદાનની વ્યવસ્થા, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, સ્વાગત, આરતી, ઉદ્ઘોષણા, નિર્ણાયક મંડળ, ભેટ સ્વીકાર, સુરક્ષા અને સ્વયંસેવક સહિતની તમામ જવાબદારીઓ મહિલાઓ સંભાળશે.

નવરાત્રી દરમિયાન દરરોજ મહિલા સશક્તિકરણ અભિયાનના વિવિધ પાસાંઓને ગરબીના મેદાન પર રજૂ કરવામાં આવશે. આમ, સહિયર નવરાત્રી મહોત્સવમાં પરંપરાગત રાસ-ગરબા સાથે મહિલા સશક્તિકરણ અને સમાજસેવાના સંદેશને પણ વણી લેવામાં આવ્યો છે.

## જામનગરમાં જગદંબા સ્વરૂપા બાળાઓ દ્વારા તલવાર રાસનું રિહર્સલ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : નવરાત્રીને લઈ જામનગરમાં ઠેક ઠેકાણે ગરબાના આયોજનો થતા હોય છે તેમાં શહેરના હાથી કોલોની વિસ્તારમાં નાની બાળાઓ જ્યારે પરંપરાગત વસ્તુઓ અને આભૂષણોમાં સજ્જ થઈ ચોકમાં ગરબે રમવા માટે ઉતરે ત્યારે સાક્ષાત માં ભગવતી રાસ રમતી હોય તેવો અહેસાસ થાય છે. હાથી કોલોની વિસ્તારમાં શેરી-૨ માં આશાપુરા ગ્રુપ આયોજિત ગરબીમાં નાની નાની બાળાઓ હાથમાં દાંડિયાને બદલે તલવારો લઈને રાસ રમે છે.

મહત્વનું છે કે સામાન્ય રીતે પુરુષો કે છોકરાઓ હાથમાં તલવાર લઈને ગરબા રમતા હોય છે. આશાપુરા ગ્રુપ આયોજિત ગરબી મંડળમાં નાની બાળાઓના હાથમાં તલવાર જોઈને જોનારા દંગ થઈ જાય છે. જામનગરમાં ૪૫ વર્ષ જૂની આશાપુરા ગરબીમાં નાની બાળો તલવાર રાસ ગરબામાં મહિલાઓ આગળ આવે અને આજની મહિલા પુરુષ સમોવડી અને પુરુષ કરતા પણ વધારે આગળ છે અને નારી પોતાની રક્ષા ખુદ કરી શકે છે.

તેવા સંદેશ સાથે હાથમાં દાંડિયાના બદલે તલવાર લઈ રાસ રમે છે. આ આયોજનને સફળ બનાવવા કે. કે. વિસરીયા (એડવોકેટ), પિયુષભાઈ હરિયા, અનિલભાઈ ગોહિલ,નિલેભાઈ હરિયા, હરેશભાઈ શુક્લ, વનરાજસિંહ જાડેજા, એસ એસ શેખ,નિલેશભાઈ બાવરીયા, ગીરીશભાઈ કાલેણાં,રૂપેન તન્ના, હિતેશભાઈ દોઢીયા, જયેશ ગૂઢકા મિલનભાઈ હરિયા, મીતેનભાઈ બિદ, વિપુલભાઈ મારૂ,વિશાલ ગાંધી,સંજયભાઈ દોસ્તી, પારશભાઈ હરિયા, હર્ષભાઈ હરિયા, સહિતના અગ્રણીઓ જહેમત ઉઠાવે છે. જ્યારે કોરિયોગ્રાફર તરીકે ખુશી હરિયા અને ભૂમિ ચાન્દ્રા સેવા આપે છે.

# જામનગર અને બગધરા ગામે જુગાર રમતા ૯ શખ્સની અટકાયત, પાંચ ફરાર

જામનગર : જામનગર શહેરમાં રહેણાંક મકાનમાં ઘોડીપાસાનો જુગાર રમતા પાંચ શખ્સને તથા જામજોધપુરના બગધરા ગામે વાડી વિસ્તારમાં તીનપત્તીનો જુગાર રમતા ચાર સહિત બન્ને જગ્યાએથી ૯ શખ્સની દરોડા દરમિયાન ધરપકડ કરી હતી અને સ્થળપરથી રોકડ રકમ, મોબાઈલ ફોન, મોટરસાયકલો સહિત કુલમળી રૂ. ૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે બન્ને દરોડામાં કુલમળી ૫ શખ્સ નાશી જતા શોધખોળ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ જામનગર શહેરમાં દિગ્વિજય પ્લોટ શેરી નં. ૪૯મા ગરબી ચોક ખાતે રહેતો સાગર ઉર્ફે સેગુ હંસરાજભાઈ હુરબડા નામનો શખ્સ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી ઘોડીપાસાની કલબ ચલાવતો હોય તેવી બાતમીના આધારે સિટી એ ડિવિઝન પોલીસે ત્યાં દરોડો પાડી ઘોડીપાસાનો જુગાર રમતા સંચાલક સાગર સહિત દીપક ઉર્ફે દીપુ સરગમ ખીચડા,વીરમદેવસિંહ રતનજી જાડેજા, મોહનભાઈ નાનજીભાઈ અને ભરત શંકરભાઈ નારોલા વિગેરે પાંચ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧.૧૫ લાખ તથા રૂ. ૫૫૦૦ ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન અને રૂ. ૧ લાખની કિંમતના બે નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૨.૨૦ લખ ઉપરાંતની માલમતા કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો દાખલ કર્યો હતો જ્યારે રાજુ ઉર્ફે બાલી નામના શખ્સની નાશી જતા શોધખોળ હાથ ધરી છે.

જ્યારે જામજોધપુર તાલુકાના બગધરા ગામે વાડી વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા આરીફ આમદભાઈ મંધરા, ફિરોઝ હાજીભાઈ નોયડા, ફિરોઝ હુસેનભાઈ નોયડા, રવી અરજણભાઈ મેહતા નામના ૪ શખ્સને દરોડા દરમિયાન શેઠ વડાળા પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૦૨૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૧૦ હજારની કિંમતના બે નંગ મોબાઈલ ફોન અને રૂ. ૧ લાખની કિંમતના ત્રણ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે પરબત વાલાભાઈ મકવાણા, મનસુખ બાવનજીભાઈ મેહતા, રામજી સુખાભાઈ કોળી અને લાલી નામના ચાર શખ્સની નાશી જતા શોધખોળ હાથ ધરી છે.

## સંવેદનશીલ સુમરાચાલી વિસ્તારમાં પોલીસનું કોમ્બિંગ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : નવરાત્રીના તહેવારો દરમિયાન જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાઈ રહે, તથા અનિચ્છનીય બનાવો 'ન' બને તે માટે જામનગર પોલીસે તકેદારી ના ભાગરૂપે સંવેદનશીલ સુમરાચાલી વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું. જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની ની સૂચના થી અને જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ વી.એમ.ડોડીયા સહિત સ્ટાફ દ્વારા સંવેદનશીલ ગણાતા સુમરાચાલી વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યુ હતું. કોમ્બિંગ દરમિયાન ગુનાહિત ઈતિહાસ ધરાવતા અને લિસ્ટેડ બૂટલેગર મોહમદ ઈકબાલ ખફી ઉર્ફે ઈકબાલ ટકી ના વાડા તથા ઘરે પણ પોલીસે તપાસ હાથ ધરી હતી.

# જામનગરમાં રવિવાર અને સોમવાર અનેક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ

જામનગર : જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખા દ્વારા આજી ડેમ-૩થી પાણીની આવકવાળી પાઈપલાઈન પર સ્કાડા સિસ્ટમ હેઠળ ફ્લોમીટર ઈન્સ્ટોલેશનની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી શહેરના કેટલાક વિસ્તારોમાં બે દિવસ પાણી વિતરણ બંધ રાખવામાં આવશે.

મહાનગરપાલિકાની યાદી મુજબ, તા. ૧૧, રવિવારના રોજ ગુલાબનગર ઝોન-બી હેઠળ આવતા નાગેશ્વર, ભીમવાસ, ડ્રીમસીટી, સ્વામિનારાયણનગર, રવિપાર્ક, રાજપાર્ક, આદિત્યપાર્ક, શિવમ પાર્ક, અક્ષરધામ, લાલવાડી, શાંતિવન, ઉમિયાનગર, માણેકનગર, શ્રીનાથ પાર્ક અને હાપા સહિતના વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે.

જ્યારે તા. ૧૨, સોમવારના રોજ ગુલાબનગર ઝોન-એ હેઠળના નદીપા, કુંભારવાડો, મોટા આશાપુરા વિસ્તાર, વાઘેરવાડો, ભોઈવાડો, પટણીવાડ, ખાટકીવાડ, ધુંવાવ નાકું, દાવલશા ફળી, અંબાજીનો ચોક, ફકીરવાડો, કોળીવાડ, પઠાણ ફળી, આવારા ચકલો, મચ્છીપીઠ, કેળું ફળી, હાજીપીર શેરી, ગુલાબનગર, મોહનનગર, સિન્ડીકેટ, શ્યામ ટાઉનશીપ, યોગેશ્વરનગર, સરદારનગર, વ્રજવિહાર અને ગ્રીનવુડ વિસ્તાર મહાપ્રભુજીની બેઠક ઝોન હેઠળ આવતા શીતવન, શીતલવન, વર્ધમાનનગર, કાલાવડ રોડ પરની તમામ સોસાયટીઓ, મોરકંડા રોડ અને હાપા રોડ પરની તમામ સોસાયટીઓ ઉપરાંત અમન-ચમન સોસાયટી, મહારાજા સોસાયટી, મકવાણા સોસાયટી અને રંગમતી સોસાયટી સહિતના વિસ્તારોમાં પણ પાણી વિતરણ બંધ રહેશે.

મહાનગરપાલિકાએ વધુમાં જણાવ્યું છે કે, પ્રથમ દિવસે બંધ રહેલા ઝોનમાં બીજા દિવસે પાણી વિતરણ કરવામાં આવશે, જ્યારે બીજા દિવસે બંધ રહેલા ઝોનમાં નિયમિત સમયપત્રક મુજબ પાણી વિતરણ કરવામાં આવશે. આથી અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકોએ પાણીનો જરૂરી સંગ્રહ કરી સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

## હેપ્પી બર્થ-ડે

### સલાયાના યુવા પત્રકાર અને એડવોકેટ આનંદ લાલનો આવતીકાલે જન્મદિવસ



સલાયાના યુવા પત્રકાર અને એડવોકેટ આનંદ ભરતભાઈ લાલનો આવતીકાલે વિક્રમ સવંત ૨૦૮૨ આસો સુદ એકમના (પ્રથમ નોરતા)ના રોજ જન્મ દિવસ છે. તેમનો જન્મ વિક્રમ સવંત ૨૦૪૩ ના આસો સુદ એકમ પ્રથમ નોરતાને દિવસે થયેલ છે.તે દર વર્ષે ગુજરાતી તિથિ મુજબ જ જન્મ દિવસ ઉજવે છે. તે સલાયા લોહાણા મહાજન, જલારામ મંદિર ટ્રસ્ટ તેમજ જલારામ સેવા સમિતિ,નવરાત્રી સમિતિ જેવી અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલ છે. અને સલાયાના દરેક સેવા કાર્યોમાં હંમેશા અગ્રેસર હોય છે. પત્રકાર તરીકે પોતાના પિતા ભરતભાઈ લાલનો વારસો જાળવી અને ખૂબ ટૂંકા સમયમાં પત્રકારિત્વમાં ખૂબ મોટું નામ કમાયું છે. લોકોના પ્રશ્નોને નીડરતા પૂર્વક હંમેશા વાચા આપી છે.અને એમના પ્રશ્નોનું નિરાકરણ લાવ્યું છે. તેમના ૪૦ માં જન્મ દિવસ નિમિતે એમને ઠેર ઠેરથી શુભકામનાઓ મળી રહી છે. મો.૯૫૭૪૮૫૮૫૧૧

### ભાટિયાના સામાજિક અગ્રણી જીતેન દાવડાની પુત્રી કેશવીનો આજે જન્મદિવસ



ભાટિયાના સામાજિક અગ્રણી, રઘુવંશી યુવા કાર્યકર તેમજ દેવભૂમિ ન્યૂઝ સોશિયલ મીડિયાના પત્રકાર જીતેન નવીનભાઈ દાવડાની દીકરી અને ખંભાળિયાના રાયચુરા પરિવારની ભાણેજ કેશવી દાવડાનો આજે સાતમો જન્મદિવસ છે. કેશવી પરિવારની લાડકી હોવાની સાથે ભણવામાં પણ ખૂબ હોશિયાર છે. તેને ચિત્રકામનો વિશેષ શોખ છે અને નાની ઉંમરથી જ તે મમ્મીને ઘરકામમાં મદદ કરીને પોતાની સમજદારી અને સંસ્કારનો પરિચય આપે છે. કેશવીના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ.

# અનંત અંબાણીએ સામુદાયિક પ્રાણીઓના કલ્યાણ માટે રાષ્ટ્રવ્યાપી પહેલ 'ચેમ્પિયન્સ ઓફ કેર' લોન્ચ કરી

જામનગર : વિશ્વ પ્રાણી દિવસ નિમિત્તે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને પ્રાણી કલ્યાણ પ્રત્યે સમર્પિત પરોપકારી અનંત એમ. અંબાણીએ વ્યવહારુ અને ટકાઉ ઉકેલો દ્વારા સામુદાયિક પ્રાણી કલ્યાણને મજબૂત બનાવવા માટે વનતારાની નવી પહેલ 'ચેમ્પિયન્સ ઓફ કેર'ની જાહેરાત કરી છે. આ પહેલ સમગ્ર ભારતમાંથી ૫૦થી વધુ એવી પ્રાણી કલ્યાણ સંસ્થાઓને જોડવામાં આવી છે, જે શેરીના કે સામુદાયિક શ્વાન, બિલાડીઓ અને મોટા પ્રાણીઓની સંભાળ રાખે છે તેમજ પશુચિકિત્સા માટે હોસ્પિટલ સેવાઓ, મોબાઈલ રેસ્ક્યુ તથા દીર્ઘકાલીન સંભાળ પૂરી પાડે છે.

'ચેમ્પિયન્સ ઓફ કેર'ના કેન્દ્રમાં એક સર્વાનુમત રહેલો છે: દરેક સામુદાયિક પ્રાણી સંભાળ, સુરક્ષા અને આત્મગૌરવ મેળવવાને હકદાર છે. આમાં શેરીઓમાં વસતા શ્વાન અને બિલાડીઓ, ત્યજી દેવાયેલા અને કામકરતાં પ્રાણીઓ જેવા કે ગાય-ભેંસ, ગર્દભ અને ઘોડા તેમજ ઈજા, ત્યાગ કે ઉપેક્ષા બાદ બચાવાયેલા પ્રાણીઓનો સમાવેશ થાય છે. આ પૈકી ઘણાં પ્રાણીઓને પશુચિકિત્સા, આશ્રય, પોષણ અને લાંબાગાળાની માવજતની જરૂર હોય છે; જ્યારે સામુદાયિક શ્વાન અને બિલાડીઓ માટે એનિમલ બર્થ કંટ્રોલ (પ્રાણી જન્મ નિયંત્રણ) કાર્યક્રમો સહિત વસ્તી નિયંત્રણ કાર્યક્રમ પણ આવશ્યક છે. દેશમાં પ્રાણી કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે રચાયેલી વૈધાનિક સલાહકાર સંસ્થા 'એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા'ના આઠ સભ્યોએ પણ આ સંમેલનમાં ભાગ લીધો હતો. આ પહેલ દ્વારા દેશભરમાં વાર્ષિક અંદાજે ૨૦ લાખ પ્રાણીઓને પશુચિકિત્સા, બચાવ, આશ્રય, આહાર અને દીર્ઘકાલીન સંભાળ મારફતે મદદ પહોંચાડવાનો અંદાજ છે.

વનતારા ખાતે યોજાયેલું આ બે દિવસીય સંમેલન ઔપચારિક બેઠકથી ઘણું આગળ વધીને આયોજિત કરાયું હતું. પ્રથમ દિવસે, પ્રતિનિધિઓએ વનતારાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો અને જોયું કે કેવી રીતે વિશિષ્ટ સુવિધાઓ, પ્રણાલીઓ અને પદ્ધતિઓ દ્વારા કરુણા વાસ્તવિક સેવામાં પરિણમે છે. વનતારાએ બચાવેલા હાથીઓ તથા સિંહ, વાઘ અને દીપડા સહિતના બિલાડી કુળના મોટા હિંસક વન્યજીવોની સારસંભાળ માટે સમર્પિત સુવિધાઓની તેમણે મુલાકાત લીધી હતી; તેમજ મુક્તપણે વિચરતા તૃણાહારી પ્રાણીઓ જેવા કે ગૌર (બાઈસન), ઝીબ્રા અને વિવિધ હરણ-કાળિયાર પ્રજાતિઓની સંભાળ રાખવામાં આવે છે એવા કુદરતી પર્યાવરણને નિહાળ્યું હતું. આ મુલાકાતે પ્રતિનિધિઓને એ સમજવાની તક પૂરી પાડી કે પ્રાણી કલ્યાણને સુનિશ્ચિત કરવા માટે શ્રેષ્ઠ પોષણ, પશુચિકિત્સા, આવાસ, વાતાવરણ અનુકૂલન (એનરિચમેન્ટ) અને આજીવન સંભાળ કેવી રીતે એકસાથે કામ કરે છે; જેમાંના ઘણા સિદ્ધાંતો સામુદાયિક પ્રાણીઓની સંભાળ માટે પણ એટલા જ પ્રસ્તુત છે. સંમેલનના સમાપન પ્રસંગે, પ્રાણીઓની સંભાળ અને કલ્યાણ પ્રત્યેના તેમના સમર્પણ અને અથાક પ્રયાસોની કદરરૂપે દરેક સહભાગી સંસ્થાને શ્રી અનંત અંબાણી દ્વારા હસ્તાક્ષરિત પ્રશંસાપત્ર (સર્ટિફિકેટ ઓફ એપ્રિસિએશન) એનાયત કરવામાં આવ્યું હતું.

આ પહેલ સહભાગી પ્રાણી કલ્યાણ સંસ્થાઓ દ્વારા ઓળખવામાં આવેલી વિવિધ જરૂરિયાતોને સહાય પૂરી પાડશે, જેમાં માળખાગત સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર), પ્રાણી આવાસ, એમ્બ્યુલન્સ અને મોબાઈલ સેવાઓ, બચાવ સાધનો અને ઓજારો, નિદાન અને સારવારના ઉપકરણો, તાલીમ અને ક્ષમતા નિર્માણ તેમજ આજીવન સંભાળ માટેની સુવિધાઓનો સમાવેશ થાય છે.

'ચેમ્પિયન્સ ઓફ કેર' એ 'એવરી લાઈફ મેટર્સ' પ્રત્યેની વનતારાની પ્રતિબદ્ધતાનું જ વિસ્તરણ છે. આ વિચાર માત્ર વનતારાની સંભાળ હેઠળના પ્રાણીઓ પૂરતો સીમિત ન રહેતાં, સમગ્ર ભારતમાં સામુદાયિક પ્રાણી કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ દ્વારા રોજબરોજ સંભાળ મેળવતા અસંખ્ય પ્રાણીઓ સુધી પહોંચે છે. આ સંસ્થાઓના સમર્થનમાં ઊભા રહીને, આ પહેલ સામુદાયિક પ્રાણી કલ્યાણને સશક્ત બનાવવા અને વધુને વધુ મૂંગા જીવોને યોગ્ય સંભાળ, કરુણા અને ગૌરવ મળે તે સુનિશ્ચિત કરવા માંગે છે.

ઓલ અબાઉટ ધેમ (મુંબઈ, મહારાષ્ટ્ર), એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટ (ખંભાળિયા, ગુજરાત), એનિમલ કેર ટ્રસ્ટ (મંગલુરુ, કર્ણાટક), એનિમલ વેલ્ફેર એન્ડ કેર સર્વિસીસ ચેરિટેબલ ટ્રસ્ટ (લોહરકા કલાં, અમૃતસર, પંજાબ), અરહમ ઓલવેઝ કેર (કલ્યાણ, મહારાષ્ટ્ર), આશા ફાઉન્ડેશન (અમદાવાદ, ગુજરાત), આશ્રય (એન્જલ્સ શેલ્ટર હોમ ફોર રેસ્ક્યુ એનિમલ્સ) (હલ્દવાની, ઉત્તરાખંડ), બ્લુ ક્રોસ ઓફ ઈન્ડિયા (ચેન્નાઈ, તમિલનાડુ), કેપ ફાઉન્ડેશન (કોલકાતા, પશ્ચિમ બંગાળ), કેરઅસ્ટ્રે ફાઉન્ડેશન (આંકલાવ, ગુજરાત), ચામ્બા એનિમલ વેલ્ફેર સોસાયટી (લેહ, લદ્દાખ), કમ્પેશન અનલિમિટેડ પ્લસ એક્શન - કૂપા (બેંગલુરુ, કર્ણાટક), ક્રેસવેલ ફાઉન્ડેશન (બારામુલ્લા, જમ્મુ અને કાશ્મીર), દુલારી એનિમલ કેર સેન્ટર / વસુંધરા એનિમલ વેલ્ફેર ટ્રસ્ટ (નોઈડા, ઉત્તર પ્રદેશ), હેપ્પી પોઝ ફાઉન્ડેશન (મુંબઈ, મહારાષ્ટ્ર), હેલ્પ ઈન સફરિંગ (જયપુર, રાજસ્થાન), હ્યુમેન એનિમલ સોસાયટી (કોયમ્બતૂર, તમિલનાડુ), ઈન ડિફેન્સ ઓફ એનિમલ્સ (મુંબઈ, મહારાષ્ટ્ર), જેબીએફ (ન્નમ્હ) ઈન્ડિયા ટ્રસ્ટ (ગુવાહાટી, આસામ), જીવદયા ચેરિટેબલ ટ્રસ્ટ (અમદાવાદ, ગુજરાત), કે-નાઈન એનિમલ વેલ્ફેર સોસાયટી (અગરતલા, ત્રિપુરા), કાશ્મીર એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશન (બડગામ, જમ્મુ અને કાશ્મીર), માયપાલક્લબ ફાઉન્ડેશન (મુંબઈ, મહારાષ્ટ્ર), વન રૂફ એનિમલ કેર (જામનગર, ગુજરાત), પરેવડા ચેરિટેબલ ટ્રસ્ટ (અમદાવાદ, ગુજરાત), પો કન્નુર (કન્નુર, કેરળ), પશુધરા જીવરક્ષક એનિમલ કેર ફાઉન્ડેશન (વારાણસી, ઉત્તર પ્રદેશ), પોઝ ત્રિશૂર (ત્રિશૂર, કેરળ), પીપલ ફોર એનિમલ્સ (ભિલાઈ, છત્તીસગઢ), પીપલ ફોર એનિમલ્સ (ગાઝિયાબાદ, ઉત્તર પ્રદેશ), પીપલ ફોર એનિમલ્સ (ગુરુગ્રામ, હરિયાણા), પીપલ ફોર એનિમલ્સ (ગુવાહાટી, આસામ), પીપલ ફોર એનિમલ્સ (ખામગાંવ, મહારાષ્ટ્ર), પીપલ ફોર એનિમલ્સ (કોલ્લમ, કેરળ), પીપલ ફોર એનિમલ્સ (કોલકાતા, પશ્ચિમ બંગાળ), પીપલ ફોર એનિમલ્સ (રાયપુર, છત્તીસગઢ), પીપલ ફોર એનિમલ્સ (સિક્કિમ), પીપલ ફોર એનિમલ્સ (તિરુવનંતપુરમ, કેરળ), પેટાનિટી એન્ડ એનિમલ રિહેબિલિટેટર્સ ફાઉન્ડેશન (ચંદ્રપુર, મહારાષ્ટ્ર), પર્પસફુલ પ્લેનેટ ફાઉન્ડેશન (બાંકુરા, પશ્ચિમ બંગાળ), રેસ્ક્યુ ફાઉન્ડેશન (ગુજરાત) (અમદાવાદ, ગુજરાત), સંઘમિત્રા એનિમલ ફાઉન્ડેશન (વિજયવાડા, આંધ્રપ્રદેશ), સેવ એનિમલ્સ વેલ્યુ એન્વાયર્નમેન્ટ (જમ્મુ, જમ્મુ અને કાશ્મીર), સ્ટ્રેકેર (કુલ્લુ, હિમાચલ પ્રદેશ), ધ ફેલાઈન ફાઉન્ડેશન (મુંબઈ, મહારાષ્ટ્ર), ધ સ્ટ્રે આર્મી ચેરિટેબલ ટ્રસ્ટ (ચાકુલિયા/જમશેદપુર, ઝારખંડ), ટ્રી ઓફ લાઈફ ફોર એનિમલ્સ (અજમેર, રાજસ્થાન), વસુધૈવ કુટુંબકમ (બલ્લારી, કર્ણાટક), વેફા(ત્રિશૂર, કેરળ), વેલ્ફેર ફોર એનિમલ્સ ઈન ગોવા(ગોવા) અને વર્લ્ડ ફોર ઓલ એનિમલ કેર એન્ડ એડોપ્શન્સ (મુંબઈ, મહારાષ્ટ્ર).

# વ્યવહારુ કૌશલ્ય એકેડેમિક ડિગ્રી જેટલું જ મહત્વપૂર્ણ : પીએમ મોદી

## પ્રધાનમંત્રીએ ૪૮મી વર્લ્ડસ્કીલ્સ સ્પર્ધામાં ભારતની ટીમના પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે વર્લ્ડસ્કીલ્સ સ્પર્ધા, શાંઘાઈ ૨૦૨૬ની ભારતની ટીમના પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો હતો.સંવાદ દરમિયાન, સહભાગીઓએ સ્પર્ધા દરમિયાનના તેમના અનુભવો શેર કર્યા હતા. તેઓએ વૈશ્વિક મંચ પર પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરવા બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું. સહભાગીઓએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા દરમિયાન નવા ટૂલ્સ, સોફ્ટવેર, તકનીકી પ્રણાલીઓ અને કાર્ય પ્રક્રિયાઓ સાથે અનુકૂલન સાધવા અંગે ચર્ચા કરી હતી. તેઓએ કૌશલ્ય વિકાસ તરફ સરકાર દ્વારા કરવામાં આવી રહેલા



કાર્ય વિશે પણ વાત કરી જે યુવાનોને મદદ કરી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા બદલ સહભાગીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે તેમને કૌશલ્ય વિકાસના એમ્બેસેડર બનવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે વ્યવહારુ કૌશલ્ય એકેડેમિક ડિગ્રી જેટલા જ મહત્વપૂર્ણ છે.વિશિષ્ટ કૌશલ્યોના મહત્વ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું કે જેમ જેમ ટેકનોલોજી ઝડપથી વિકસે છે, તેમ યુવાનોએ સતત નવા કૌશલ્યો પ્રાપ્ત કરવા જોઈએ, તેમની હાલની ક્ષમતાઓને અપગ્રેડ કરવી જોઈએ અને ઉભરતી ટેકનોલોજી સાથે અનુકૂલન સાધવું જોઈએ. તેમણે સહભાગીઓને આંતરરાષ્ટ્રીય બજારની જરૂરિયાતો અનુસાર કૌશલ્ય વિકસાવવા અને તેમના અનુભવો અને સૂચનો દ્વારા ભારતની કૌશલ્ય તાલીમ ઈકોસિસ્ટમમાં સુધારો કરવામાં યોગદાન આપવા વિનંતી કરી હતી. તેમણે ભારતને કુશળ માનવ સંસાધનોના વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરવા માટે યુવાનો, સરકાર અને તાલીમ સંસ્થાઓ દ્વારા સંકલિત પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.પ્રધાનમંત્રીએ કૌશલ્ય વિકાસ માટે એક અલગ મંત્રાલય સ્થાપવા પાછળના ઉદ્દેશ્યને રેખાંકિત કર્યો હતો અને કહ્યું હતું કે કૌશલ્ય તાલીમ સંસ્થાઓનું મહત્વ આઈઆઈટી અને આઈઆઈએમ કરતા ઓછું નથી. તેમણે ભારતની કૌશલ્ય તાલીમ પ્રણાલીમાં સુધારો કરવામાં મદદ કરવા માટે સહભાગીઓને સરકાર સાથે તેમના અનુભવો અને સૂચનો શેર કરવા પ્રોત્સાહિત કર્યા હતા.વર્લ્ડસ્કીલ્સ એ વિશ્વની અગ્રણી આંતરરાષ્ટ્રીય કૌશલ્ય સ્પર્ધા છે, જે સહભાગી દેશો અને પ્રદેશોના યુવા વ્યાવસાયિકોને વ્યવસાયિક અને તકનીકી કૌશલ્યોની વ્યાપક શ્રેણીમાં શ્રેષ્ઠતા દર્શાવવા માટે એકસાથે લાવે છે.

# ભારતીયોને બંધુઆ મજૂર કહેવા બદલ અમેરિકા ઉપર ભારતે આકરા પ્રહારો કર્યા

## વિદેશ મંત્રાલયે આ ભાષાને અત્યંત અપમાનજનક અને અયોગ્ય ગણાવી

નવીદિલ્હી,

ભારતે યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ દ્વારા એચ-૧બી વિઝા ધારકોને "ઈન્ડેન્ટેડ મજૂર" તરીકે વર્ણવવા સામે સખત વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે આ ભાષાને "અત્યંત અપમાનજનક" અને "અયોગ્ય" ગણાવી છે. મંત્રાલય જણાવે છે કે આવી ટિપ્પણીઓ ભારતીય વ્યાવસાયિકોના યોગદાનને અવગણે છે અને વસાહતી યુગની પીડાદાયક યાદોને ઉજાગર કરે છે.

૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ જારી કરાયેલા એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે ભારતીય વ્યાવસાયિકો યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉચ્ચ શિક્ષિત અને કુશળ યોગદાન આપનારા છે. તેઓ અમેરિકન અર્થતંત્ર અને નવીનતા ઈકોસિસ્ટમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. "અમારું માનવું છે કે આવી લાક્ષણિકતાઓ અયોગ્ય છે અને એ હકીકતને અવગણે છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતીય વ્યાવસાયિકો તેના અર્થતંત્ર અને નવીનતા ઈકોસિસ્ટમમાં ઉચ્ચ શિક્ષિત અને કુશળ યોગદાન આપનારા છે," મંત્રાલયે જણાવ્યું હતું. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકાનો ઈતિહાસ પોતે જ ઈમિગ્રન્ટ્સની પેઢીઓ દ્વારા ઘડવામાં આવ્યો છે જેમના શ્રમ, સાહસ અને નવીનતાએ દેશના વિકાસ અને સમૃદ્ધિમાં ફાળો આપ્યો હતો. "પીડાદાયક ઐતિહાસિક અને વસાહતી વારસાના અર્થઘટન ધરાવતી પરિભાષાનો આશરો લેવો ખૂબ જ અપમાનજનક છે."

આ પ્રતિક્રિયા યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા ભારતીય આઈટી કંપનીઓ જેવી કે ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો,એચસીએલ અને માઈક્રોસોફ્ટ અને એડોબ જેવી અમેરિકન કંપનીઓ સહિત અનેક કંપનીઓને ગ્રીન કાર્ડ પ્રક્રિયા સાથે જોડાયેલા કાયમી શ્રમ પ્રમાણપત્ર પ્રોગ્રામમાંથી સસ્પેન્ડ કરવાના નિર્ણયને અનુસરે છે. જે.ડી. વાન્સે આ નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે કંપનીઓ અમેરિકન કર્મચારીઓને કાઢી શકતી નથી અને વિદેશી "બંધાયેલા મજૂરો" ને રાખી શકતી નથી. માઈક્રોસોફ્ટનું ઉદાહરણ ટાંકીને તેમણે આરોપ લગાવ્યો કે વિદેશી કામદારોને ઓછા વેતન પર રાખવામાં આવી રહ્યા છે.

# ઉત્તર પ્રદેશમાં ભાજપના આઠ અને સમાજવાદી પાર્ટીના બે ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા

## ફોર્મ ચકાસણી દરમિયાન બે સ્વતંત્ર ઉમેદવારોના નામાંકન પત્રો અસ્વીકાર કરવામાં આવ્યા

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં ૧૦ રાજ્યસભા બેઠકો માટે આઠ ભાજપ અને બે સમાજવાદી પાર્ટીના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે. ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન બે સ્વતંત્ર ઉમેદવારોના નામાંકન પત્રો અસ્વીકાર કરવામાં આવ્યા હતા, અને પાછા ખેંચવાની અંતિમ તારીખ સુધીમાં કોઈ પાછું ખેંચાયું ન હતું, જેના કારણે ૧૦ બેઠકો માટે બરાબર ૧૦ માન્ય ઉમેદવારો બાકી રહ્યા. આનાથી ૧૬ ઓક્ટોબરે સુનિશ્ચિત મતદાનની જરૂરિયાત દૂર થઈ ગઈ.

ભાજપના ચૂંટાયેલા સભ્યોમાં રાજ્યમંત્રી ધર્મપાલ સિંહ, પાર્ટીના ઓબીસી મોરચાના વડા પ્રકાશ પાલ, શ્રુતિ ગંગવાર, વિદ્યાસાગર સોનકર, પ્રિયંકા સિંહ રાવત, રાધાકાંત ઓઝા, ગોપી કૃષ્ણ પાંડે અને રામ પ્રતાપ સિંહ ચૌહાણનો સમાવેશ થાય છે. સમાજવાદી પાર્ટીમાંથી વરિષ્ઠ નેતા રામ ગોપાલ યાદવ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ધનરાજ પરિમલ નથવાણી ચૂંટાયા હતા.

આ બેઠકો પર વર્તમાન સભ્યોનો કાર્યકાળ ૨૫ નવેમ્બરના રોજ સમાપ્ત થાય છે. ખાલી પડેલી ૧૦ બેઠકોમાંથી, આઠ ભાજપ પાસે, એક સમાજવાદી પાર્ટી પાસે અને એક બસપા પાસે હતી.

# તમિલ પરિવારમાં જન્મેલી ભારતીય મૂળની મહિલાને નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો

## શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રોત્સાહન આપવાના તેમના કાર્ય માટે આ વર્ષનો શાંતિ પુરસ્કાર નવનેથનમ 'નવી' પિલ્લાઈને આપવાનો નિર્ણય

નવીદિલ્હી,

નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૨૬ નોબેલ શાંતિ પુરસ્કાર નવનેથનમ 'નવી' પિલ્લાઈને એનાયત કરવામાં આવ્યો છે. નોર્વેજીયન નોબેલ સમિતિએ શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રોત્સાહન આપવાના તેમના કાર્ય માટે આ વર્ષનો શાંતિ પુરસ્કાર તેમને આપવાનો નિર્ણય લીધો છે.

નવનેથમ 'નવી' પિલ્લે ભારતીય મૂળના છે. તેમનો જન્મ દક્ષિણ આફ્રિકાના ડર્બનમાં રંગભેદ યુગ દરમિયાન ભારતીય તમિલ મૂળના પરિવારમાં થયો હતો. તેઓ એક વકીલ છે અને હંમેશા ભેદભાવ, એકલતા અને બાકાતનો સામનો કર્યો છે.નોર્વેજીયન નોબેલ સમિતિના અધ્યક્ષ જોર્ગેન વાટને ફ્રીડનેસે જણાવ્યું હતું કે શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો માટે પિલ્લેને સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પુરસ્કારને ઘણીવાર વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત સન્માન માનવામાં આવે છે. આ વર્ષે શાંતિ પુરસ્કારની ૧૨૫મી વર્ષગાંઠ છે.

નવી પિલ્લેએ આંતરરાષ્ટ્રીય



કાયદાના અવકાશ અને પ્રભાવને નોંધપાત્ર રીતે વિસ્તૃત કર્યો છે. તેમણે દક્ષિણ આફ્રિકાના ઉચ્ચ ન્યાયાલય, રવાન્ડા માટે આંતરરાષ્ટ્રીય ગુનાહિત ટ્રિબ્યુનલ અને આંતરરાષ્ટ્રીય ગુનાહિત અદાલતમાં ન્યાયાધીશ તરીકે સેવા આપી છે.તેઓ સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકારો માટેના ઉચ્ચ કમિશનર હતા અને તાજેતરમાં સુધી પેલેસ્ટિનિયન પ્રદેશ પર સંયુક્ત રાષ્ટ્રના સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય તપાસ પંચના અધ્યક્ષ હતા.નવી પિલ્લે મ્યાનમાર પર નરસંહારનો આરોપ લગાવતા કેસમાં આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં ન્યાયાધીશ છે.સીમાચિહ્નરૂપ આંતરરાષ્ટ્રીય અદાલતના કેસોમાં, તેમણે દર્શાવ્યું છે કે કાનૂની ઉપાયો યુદ્ધ અને હિંસાના કૃત્યોને રોકવામાં મદદ કરી શકે છે.

# અમેરિકાના નિર્ણયની વર્તમાન H-1B વિઝાની માન્યતા પર કોઈ અસર નથી: વિદેશ મંત્રાલય

નવી દિલ્હી,

એક મહત્વના ઘટનાક્રમમાં ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ચોક્કસ કંપનીઓ માટે 'પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન' (ઈઈસ) પ્રોગ્રામ અંગે યુએસ શ્રમ વિભાગનો નિર્ણય ૐ-૧મ વિઝા પ્રોગ્રામથી અલગ છે.

મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે ઈઈસ અરજીઓ સ્થગિત કરવાથી હાલના ૐ-૧મ વિઝાની માન્યતા અથવા ૐ-૧મ વિઝા ધારકો અને તેમના આશ્રિતોની સ્થિતિ પર કોઈ અસર પડતી નથી. મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે અસરગ્રસ્ત કંપનીઓના પાત્ર કર્મચારીઓની કાયમી નિવાસ (પરમેનન્ટ રેસિડેન્સી) અથવા 'ગ્રીન કાર્ડ'ની પ્રક્રિયા પર કેટલીક અસર પડી શકે છે.

આ સંદર્ભમાં યુએસના ઉપરાષ્ટ્રપતિની ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતા મંત્રાલયે કહ્યું હતું કે આવી ટિપ્પણીઓ અસ્થાને છે અને તે એ હકીકતને અવગણે છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતીય વ્યાવસાયિકો ઉચ્ચ શિક્ષિત અને કુશળ છે, જે ત્યાંની અર્થવ્યવસ્થા અને નવીનતા (ઈનોવેશન) ઈકોસિસ્ટમમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. મંત્રાલયે કહ્યું કે પ્રતિભાની અવરજવર (ટેલેન્ટ મોબિલિટી) બંને દેશોની અર્થવ્યવસ્થા માટે મૂલ્યવાન છે.

તે ભારતીયો માટે તકો ઊભી કરે છે તેની સાથે સાથે યુએસ કંપનીઓને અત્યાધુનિક પ્રતિભા, નવીનતા, સંશોધન, ઉત્પાદકતા, સ્પર્ધાત્મકતા અને રોજગાર સર્જનમાં પણ મદદ કરે છે, તેમજ યુએસમાં શેરધારકોની સંપત્તિમાં વધારો કરે છે.

# લાંચ કેસમાં કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયન વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો હાઈકોર્ટનો આદેશ

તિરુવનંતપુરમ,

કેરળ હાઈકોર્ટે કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, તેમની પુત્રી ટી. વીણા અને તેમના પતિ - ધારાસભ્ય તથા ભૂતપૂર્વ મંત્રી - પી.એ. મોહમ્મદ રિયાસ વિરુદ્ધ FIR નોંધવાનો અને તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ મામલો 'કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ' (CMRL) અને વીણાની કંપની 'એક્ઝાલૉજિક સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ' વચ્ચેના નાણાકીય વ્યવહારો સાથે સંબંધિત છે. જસ્ટિસ એ. બદરુદ્દીને વકીલ કે.એમ. શાહજહાં દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ આદેશ આપ્યો હતો. અરજદારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે કેસ નોંધવાને બદલે રાજ્ય પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવાના નિર્ણયને પડકાર્યો હતો.

કોર્ટનો આ આદેશ આ કેસમાં એક મહત્વપૂર્ણ વળાંક છે, જ CMRL દ્વારા વીણાની માલિકીની કંપનીને કરવામાં આવેલી ચૂકવણીના આરોપો પર કેન્દ્રિત છે. આ આરોપો હજુ સાબિત થવાના બાકી છે, અને આદેશિત તપાસમાં એ તપાસવાની અપેક્ષા છે કે શું આ વ્યવહારો લાગુ પડતા કાયદાઓ હેઠળ ગુનાઓ સાબિત કરે છે કે નહીં.

આ અરજી તે માહિતી સાથે સંબંધિત હતી જે EDએ કોચી સ્થિત ખનિજ-પ્રક્રિયા કરતી કંપની CMRL અને વીણા વિજયન સાથે સંકળાયેલી પેઢી 'એક્ઝાલૉજિક સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ' વચ્ચેના નાણાકીય વ્યવહારોની તપાસ કર્યા પછી કેરળ પોલીસ સાથે શેર કરી હતી.

તરત જ FIR નોંધવાને બદલે, રાજ્ય સરકારે પ્રાથમિક તપાસ કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી હતી. આ ટીમનું નેતૃત્વ ક્રાઈમ બ્રાન્ચના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ADGP) એચ. વેંકટેશ કરી રહ્યા હતા.

શાહજહાંએ આ અભિગમને પડકારતા દલીલ કરી હતી કે ઈડી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી 'ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮' અને 'મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ' (PMLA) હેઠળ ગુનાઓની શક્યતા સૂચવે છે. તેમણે દલીલ કરી હતી કે આ માહિતી પ્રાથમિક તપાસને બદલે કેસ નોંધવાની માંગ કરે છે.

# પંજાબ સરકારે ગૌરવ યાદવની નિયમિત DGP તરીકે નિમણૂક કરી

ચંદીગઢ,

પંજાબે વરિષ્ઠ IPS અધિકારી ગૌરવ યાદવની નિયમિત પોલીસ મહાનિર્દેશક (DGP) તરીકે નિમણૂક કરી છે. આ સાથે જ, કાર્યકારી વડા તરીકે રાજ્ય પોલીસનું નેતૃત્વ કરવાના તેમના ચાર વર્ષના કાર્યકાળનો અંત આવ્યો છે. પંજાબ સરકારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા મોકલવામાં આવેલી ત્રણ અધિકારીઓની પેનલમાંથી યાદવની પસંદગી કરી હતી. લાંબા વિલંબ બાદ આ નિમણૂકથી રાજ્યને નિયમિત પોલીસ વડા મળ્યા છે. સત્તાવાર નિવેદન અનુસાર, જુલાઈ ૨૦૨૨થી ઢ્યૂની જવાબદારી સંભાળી રહેલા યાદવનો કાર્યકાળ ઓછામાં ઓછો બે વર્ષનો રહેશે.ગૌરવ યાદવ ઈન્ડિયન પોલીસ સર્વિસ (IPS)ની ૧૯૯૨ની બેચના અધિકારી છે. જુલાઈ ૨૦૨૨માં તેમની કાર્યકારી ડીજીપી તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને ત્યારથી તેઓ પંજાબ પોલીસનું નેતૃત્વ કરી રહ્યા છે. પંજાબ ડીજીપીના પદ માટે UPSC દ્વારા શોર્ટલિસ્ટ કરાયેલી ત્રણ અધિકારીઓની પેનલમાં તેમનું નામ સામેલ હતું. પેનલમાં અન્ય બે અધિકારીઓ શરદ સત્ય ચૌહાણ અને હરપ્રીત સિંહ સિદ્ધુ હતા.પ્રાપ્ત માહિતી અનુસાર, યાદવ ૩૦ એપ્રિલ, ૨૦૨૯ના રોજ નિવૃત્ત થવાના છે. રાજ્યના વિજિલન્સ બ્યુરોનું નેતૃત્વ કરતા ચૌહાણ ૩૧ માર્ચ, ૨૦૨૮ના રોજ નિવૃત્ત થશે. સિદ્ધુ, જેમને ગયા વર્ષે કેન્દ્રીય ડેપ્યુટેશન પરથી તેમના મૂળ કેડરમાં વહેલા પરત મોકલવામાં આવ્યા હતા.

# કેન્દ્ર સરકારે બિન-અનુસૂચિત કેન્સર-વિરોધી દવાઓના માર્જિનને MRPના ૩૦% સુધી મર્યાદિત કર્યા

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે બિન-નિર્ધારિત (non-scheduled) કેન્સર-વિરોધી દવાઓના પુરવઠા અને વેચાણ પર લેવામાં આવતા માર્જિન (નફાના ગાળા) પર મર્યાદા મૂકવાની મંજૂરી આપી છે, જે મહત્તમ છૂટક કિંમત (MRP)ના ૩૦% સુધી સીમિત રહેશે. રસાયણ અને ખાતર મંત્રાલયને અપેક્ષા છે કે આ પગલાથી દવાઓના ભાવમાં ૭૦% સુધીનો ઘટાડો થશે, જેનાથી કેન્સરના દર્દીઓને વાર્ષિક ૨,૫૦૦ કરોડ રૂપિયાની બચત કરવામાં મદદ મળશે.જ્યારે નિર્ધારિત યાદીમાં સામેલ આવશ્યક કેન્સરની દવાઓ પહેલેથી જ સરકાર દ્વારા નક્કી કરાયેલી મહત્તમ કિંમતો (ceiling prices)ને આધીન છે, ત્યારે આ નવા નિર્ણયથી બિન-નિર્ધારિત કેન્સરની દવાઓના માર્જિનને મર્યાદિત કરીને તેમને પણ ભાવ સુરક્ષાના દાયરામાં લાવવામાં આવ્યા છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ હેઠળની નિષ્ણાત સમિતિ દવાઓની યાદીને આખરી ઓપ આપશે, ત્યારબાદ નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) સત્તાવાર જાહેરનામું બહાર પાડશે.ભારતમાં કેન્સરના કેસો વધી રહ્યા છે અને દર લાખની વસ્તીએ લગભગ ૬૦ લોકો તેનાથી પ્રભાવિત થાય છે. સારવારને કારણે દર્દીઓ અને તેમના પરિવારો પર ભારે આર્થિક બોજ પડે છે, અને ઘણીવાર તેમણે પોતાની ખિસ્સામાંથી મોટી રકમ ચૂકવવી પડે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ નવી મર્યાદા અતિશય નફાખોરીને રોકશે, બજારમાં પ્રવર્તતી અયોગ્ય ભાવ નિર્ધારણ પદ્ધતિઓનો સામનો કરશે અને દર્દીઓ માટે વધુ વ્યાજબી ભાવ સુનિશ્ચિત કરશે.ફેબ્રુઆરી ૨૦૧૯માં, સરકારના નિર્દેશ બાદ, NPPAએ ૪૨ પસંદગીની બિન-નિર્ધારિત કેન્સર-વિરોધી દવાઓના ટ્રેડ માર્જિન પર મર્યાદા નક્કી કરી હતી. આ પગલાને પરિણામે તેમની મહત્તમ છૂટક કિંમતો (MRPs)માં ૯૧% સુધીનો ઘટાડો થયો હતો. જીવનરક્ષક દવાઓની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે, બિન-નિર્ધારિત કેન્સર-વિરોધી દવાઓના ઉત્પાદકોએ તેમના વર્તમાન ઉત્પાદન સ્તરને જાળવી રાખવું જરૂરી છે.

# ઉત્તર પ્રદેશ 'ગ્લોબલ મેનપાવર હબ' બનશે, ૯ ઝોનમાં સંકલિત કૌશલ્ય તાલીમ અને રોજગાર નેટવર્ક વિકસાવશે

## બેઠકમાં સરદાર વલ્લભભાઈ પટેલ કૌશલ્ય તાલીમ અને રોજગાર ક્ષેત્ર વિકાસ યોજનાને મંજૂરી આપવામાં આવી

લખનૌ,

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં સરદાર વલ્લભભાઈ પટેલ કૌશલ્ય તાલીમ અને રોજગાર ક્ષેત્ર વિકાસ યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. આ યોજના દ્વારા, ઉત્તર પ્રદેશને "કુશળ માનવશક્તિનું અલ્ટીમેટ સોર્સિંગ હબ" અને "ગ્લોબલ માનવશક્તિ હબ" તરીકે વિકસાવવાનો ધ્યેય છે. આ અંતર્ગત, રાજ્યના તમામ ૭૫ જિલ્લાઓને આવરી લેતા નવ ઝોનમાં કૌશલ્ય તાલીમ અને રોજગારની એક સંકલિત પ્રણાલી વિકસાવવામાં આવશે. આ યુવાનોને ઔદ્યોગિક માંગ અનુસાર તાલીમ આપવામાં અને તેમને દેશ અને વિદેશમાં ઉપલબ્ધ રોજગારની તકો સાથે જોડવામાં મદદ કરશે.

ઉત્તર પ્રદેશના ઔદ્યોગિક વિકાસમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રાજ્યમાં આશરે ૯.૬ મિલિયન સ્જીસ્ઈ સાહસો છે, જે દેશના કુલ ૬૭.૭ મિલિયન સાહસોમાંથી ૧૪.૨ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. આ ક્ષેત્ર રાજ્યના ઔદ્યોગિક ઉત્પાદનમાં આશરે ૬૦ ટકા અને



નિકાસમાં આશરે ૪૫ ટકા ફાળો આપે છે. આ ક્ષેત્રમાં ૩૦ મિલિયનથી વધુ લોકો રોજગારી મેળવે છે. ઉદ્યોગોની વધતી માંગને પહોંચી વળવા અને યુવાનોને મોટા પાયે રોજગારની તકો સાથે જોડવા માટે કુશળ કાર્યબળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આ યોજના મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

હબ એન્ડ સ્પોક મોડેલના આધારે કૌશલ્ય વિકાસ અને રોજગાર માટે એક સંકલિત સિસ્ટમ વિકસાવવા માટે રાજ્યના તમામ જિલ્લાઓને નવ ઝોનમાં વિભાજીત કરવામાં આવશે. સ્થાનિક ઔદ્યોગિક પ્રવૃત્તિઓ, બજારની માંગ અને રોજગારની સંભાવના અનુસાર દરેક ઝોનમાં તાલીમ કાર્યક્રમો વિકસાવવામાં આવશે. આ રોજગારની તકો ઊભી કરવા માટે વિવિધ ઉદ્યોગો, બજાર ક્ષેત્રો અને વિભાગોની માનવ સંસાધન જરૂરિયાતોનું મૂલ્યાંકન કરશે. યોજનાના પ્રથમ તબક્કામાં, પાંચ મુખ્ય સ્થળોએ કૌશલ્ય તાલીમ અને રોજગાર કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશેઃ લખનૌમાં એક સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગ દ્વારા, કાનપુરમાં એક જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ દ્વારા, ગોરખપુરમાં એક ગોરખપુર ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ દ્વારા, ગૌતમ બુદ્ધ નગરમાં એક નોઈડા, ગ્રેટર નોઈડા અને યમુના એક્સપ્રેસવે ઔદ્યોગિક વિકાસ સત્તામંડળના સહયોગથી, અને ઝાંસીમાં એક બુંદેલખંડ ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ દ્વારા. ઝોન ૧ઃ ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ અને હાપુર., ઝોન ૨ઃ સહારનપુર વિભાગ, બુલંદશહેર, બાગપત અને મેરઠ.,ઝોન ૩ઃ મુરાદાબાદ અને બરેલી વિભાગો.,ઝોન ૪ઃ આગ્રા અને અલીગઢ વિભાગો.,ઝોન ૫ઃ લખનૌ અને અયોધ્યા વિભાગો.ઝોન ૬ઃ કાનપુર અને પ્રયાગરાજ વિભાગો.

# નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનના ૩૩મા સ્થાપના દિવસની નવી દિલ્હી ખાતે થશે ઉજવશે

નવી દિલ્હી,

ભારતનું રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વિજ્ઞાન ભવન ખાતે તેના ૩૩મા સ્થાપના દિવસની ઉજવણી માટે એક કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્ય કાંત આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરશે. આ પ્રસંગે NHRCના અધ્યક્ષ જસ્ટિસ વી. રામાસુબ્રમણ્યન; સભ્યો જસ્ટિસ (ડૉ.) વિદ્યુત રંજન સારંગી, શ્રીમતી વિજયા ભારતી સયાની અને શ્રી પ્રિયંક કાનૂન્ગો; મહાસચિવ શ્રી પિયુષ ગોયલ તેમજ અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સ્થાપના દિવસની આ ઉજવણી આયોગની અત્યાર સુધીની સફર પર ચિંતન કરવાની અને માનવ




અધિકારોના રક્ષણ તથા સંવર્ધન માટેની તેની પ્રતિબદ્ધતાને પુનઃદ્રઢ કરવાની તક પૂરી પાડે છે.

આ કાર્યક્રમ બાદ 'જીવનના અમૃત તરીકે જળ: પાણીના અધિકાર દ્વારા માનવ ગૌરવને આગળ ધપાવવું' વિષય પર રાષ્ટ્રીય પરિષદ યોજાશે. બે તકનીકી સત્રોમાં 'જળ સંસાધનોનું સંરક્ષણ અને પુનઃસ્થાપનઃ પાણીના અધિકારના પાયાનું રક્ષણ' અને 'પીવાના પાણીના સ્રોતોનું રક્ષણઃ સક્ષમ અને ટકાઉ પાણીની પહોંચ સુનિશ્ચિત કરવી' નો સમાવેશ થાય છે. આ પરિષદ માનવ ગૌરવને આગળ ધપાવવા અને જળ સુરક્ષાને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, સુરક્ષિત અને પર્યાપ્ત પાણીની પહોંચના માનવ અધિકારના પરિમાણો પર વિચાર-વિમર્શ કરવા માટે નિષ્ણાતો, હિતધારકો, શિક્ષણવિદો, સંશોધકો, નાગરિક સમાજના સભ્યો અને માનવ અધિકાર રક્ષકોને એકસાથે લાવશે.

૧૨ ઓક્ટોબર ૧૯૯૩ ના રોજ તેની સ્થાપનાથી લઈને અત્યાર સુધીની ૩૩ વર્ષની સફર દરમિયાન, એનએચઆરસી, ભારતે કાયદા અમલીકરણ, તપાસ અને કલ્યાણકારી યોજનાઓ/કાર્યક્રમોમાં ન્યાયીપણું, પારદર્શિતા અને જવાબદેહી સુનિશ્ચિત કરવા માટે જરૂરી નીતિગત સુધારાઓ, લોકો-કેન્દ્રી ગવર્નન્સ અને અમલીકરણ તથા જમીન પર નિયમિત મોનિટરિંગની ભલામણ કરી છે. તે સંશોધન, નીતિગત હિમાયત અને જાહેર જાગૃતિ દ્વારા પોલીસ જવાબદેહી, જેલ સુધારા અને આરોપીઓ તેમજ પીડિતોના અધિકારોના સંરક્ષણને પ્રોત્સાહન આપે છે.

# છોટી કાશી જામનગરમાં પ્રાણનાથજી પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય શોભાયાત્રા યોજાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં શુક્રવારે સાંજે શ્રી ૫, નવતનપુરી ધામ ખીજડા મંદિર ખાતેથી શ્રી પ્રાણનાથજી પ્રાગટ્ય મહોત્સવની વિશાળ શોભાયાત્રા નીકળી હતી. શ્રીકૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ અને સંતો મહંતોની ઉપસ્થિતિમાં નીકળેલી આ શોભાયાત્રા ને શોભાયાત્રા સમિતિના કિંજલભાઈ કારસરીયા, મહેશભાઈ જોબનપુત્રા, કિશનભાઈ વસરા, ધીરુભાઈ સાવલિયા સહિતના અગ્રણીઓએ સંચાલન કર્યું હતું. ખીજડા મંદિરથી નીકળેલી આ ભવ્ય શોભાયાત્રા હવાઈ ચોક, ચાકલા મંદિર, સેન્ટ્રલ બેન્ક ચાંદી બજાર થઈ ગણેશ ફળી શ્રી પ્રાણનાથજી મેડી મંદિર ખાતે પહોંચી હતી જ્યાં વિરામ લઈ ફરી સજુબા સ્કૂલ, રણજીત રોડ, બેડી ગેટ, પંચેશ્વર ટાવર, સત્યનારાયણ મંદિર રોડ થઈ હવાઈ ચોક ખાતે પહોંચી અને બાદમાં ખીજડા મંદિરે સંપન્ન થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સુંદરસાથજી ભાવિકો જોડાયા હતા.

# જામનગરના દિ. પ્લોટ વિસ્તારમાં ફૂડ શાખા ત્રાટકી



## દૂધના જથ્થાના સરપ્રાઈઝ ચેકિંગમાં ૮૦ લીટર દૂધનો નાશ, ૧૦ નમૂના લેબોરેટરીમાં મોકલાયા

જામનગર : જામનગર શહેરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા વહેલી સવારે ૪૫-દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું,

ફૂડ શાખાના અધિકારી નિલેશ પી. જાસોલીયાની રાહબરી હેઠળ સમગ્ર કાર્યવાહી કરવામાં આવી હતી. દરમિયાન 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' મોબાઈલ વાનની મદદથી દૂધના ૫૧ નમૂનાની પ્રાથમિક ચકાસણી કરવામાં આવી હતી. તેમાંથી ૧૦ નમૂના વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જ્યારે શંકાસ્પદ ગણાયેલા અંદાજે ૮૦ લીટર દૂધનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીનો હેતુ નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાસભર ખાદ્ય પદાર્થો મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. દૂધ સહિતના ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની આશંકાને પગલે તંત્ર દ્વારા ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. લેબોરેટરીના અહેવાલના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# જામનગરના નુરી ચોકડી પાસે ટ્રિપલ અકસ્માતમાં યુવાનનું મોત, ત્રણ ઈજાગ્રસ્ત



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના નૂરી ચોકડી વિસ્તારમાં આવેલી ઈદ્રસપીરની દરગાહ પાસે ગત મોડી રાત્રે ટ્રિપલ અકસ્માતમાં એક યુવાનનું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ, કાળા રંગની થાર ગાડીએ આઇ-૨૦ કારને પાછળથી ટક્કર મારતાં કાર એક ખાનગી કંપનીની બસ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં આઇ-૨૦માં સવાર અફઝલ રહીમભાઇ ચાવડા નામના યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્ત યુવાનોને તાત્કાલિક સારવાર માટે સરકારી જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ વી.એમ.ડોડીયા ઘટના સ્થળે દોડી ગયા હતા. આ બનાવ અકસ્માત છે કે કોઈ કાવતરૂ, તે અંગે પીઆઇ વી.એમ.ડોડીયા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



મૃતકનો ફાઈલ ફોટો

# જામનગરમાં સમાધાનના બહાને બોલાવી યુવક પર છરી વડે જીવલેણ હુમલો

## યુવાનને હોસ્પિટલ ખસેફટ ૧૦ ટાંકાની ઈજા, ચાર શખ્સો સામે હત્યા પ્રયાસનો ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં જૂની બોલાચાલીનો ખાર રાખીને સમાધાનના બહાને બોલાવી એક યુવાન પર જીવલેણ હુમલો કર્યાનું સામે આવ્યું છે. આ મામલે ચાર શખ્સો સામે હત્યાનો પ્રયાસ સહીતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

જામનગરના મચ્છરનગર શેરી નંબર-૨માં રહેતા સમીરભાઈ ઈશાકભાઈ રૂંઝાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર ૮ ઓક્ટોબરના રોજ સવારે પોતે મિત્રો સાથે ઊભો હતો ત્યારે મસ્તીમાં સમૂહમાં ગાળો બોલતા પાર્થરાજસિંહ જાડેજાને પોતાને ગાળો આપી હોવાનું લાગતાં આ બાબતનો ખાર રાખ્યો હતો. ત્યારબાદ સમીરના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ થકી નંબર મેળવી પુષ્પરાજ ઉર્ફે બાપુડીએ પાર્થરાજસિંહ જાડેજા સાથે સમાધાન કરાવી આપવાની વાત કરી હતી. વિકાસગૃહ સ્કૂલ પાસે ઊભા હોવાનું કહી સમીરભાઈને ત્યાં બોલાવ્યા હતા. જ્યાં હાજર પાર્થરાજસિંહ જાડેજા, પુષ્પરાજ ઉર્ફે બાપુડી, હાર્દિકસિંહ ઉર્ફે હદિયો અને ધુલો નામના શખ્સોએ સમાધાન અંગે વાતચીત દરમિયાન પાર્થરાજસિંહે સવારની બોલાચાલીનો મુદ્દો ઉઠાવી ગાળો બોલી હતી. ત્યારબાદ હાર્દિકસિંહએ છરી વડે હુમલો અને ઢીકાપાટુનો માર મર્યો હતો.આરોપી નાશી છતાં ઈજાગ્રસ્ત યુવાનને જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તબીબોએ જમણા હાથની વચલી આંગળીમાં પાંચ જેટલા ટાંકા અને ડાબા ખભાના ભાગે આઠ જેટલા ટાંકા લઈ સારવાર આપી હતી.

## ખંભાળિયામાં હૃદયરોગના હુમલાએ વૃદ્ધનો જીવ લીધો

ખંભાળિયા : ખંભાળિયામાં રહેતા એક વૃદ્ધનું છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ હૃદયરોગનો તીવ્ર હુમલો આવી જતા મૃત્યુ નિપજ્યું છે. બીજીબાજુ આ બનાવની મૃતકના પુત્ર દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં શક્તિનગર ખાતે રહેતા વીરાભાઇ નાનજીભાઈ કણજારીયા નામના વૃદ્ધને ગઈકાલે પોતાના રહેણાંક મકાનમાં છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ તાકીદે સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ખંભાળિયા પોલીસ દફતરે મૃતકના પુત્ર હેમતભાઈ વીરાભાઈ કણજારીયા દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. આર. જે. હુણ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરના મહિલા પોલીસ કર્મી.ને બેંક કર્મચારીની ઓળખ આપી રૂપિયા ૮૦૫૧૭ની ઠગાઈ

## ક્રેડિટ કાર્ડનો ચાર્જ રદ કરવા વોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલી, ઓટીપી મેળવી રકમ ઉપાડી લીધી

જામનગર : મૂળ જામનગર જિલ્લાના બેરાજા ગામના વતની અને હાલ જૂનાગઢના સોરઠ પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે તાલીમ લઈ રહેલાં ૨૪ વર્ષીય મહિલા પોલીસકર્મી જીનલબેન બાબુભાઈ સોલંકી સાથે સાયબર ઠગાઈની ઘટના સામે આવી છે. અજાણ્યા શખ્સે એક્સિસ બેંકના કર્મચારી તરીકે ઓળખ આપી ક્રેડિટ કાર્ડના ચાર્જ કપાતા અટકાવવાની લાલચ આપી તેમની પાસેથી ઓટીપી મેળવી લીધો હતો. ત્યારબાદ ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ પાંચ વ્યવહારો મારફતે કુલ રૂ. ૮૦,૫૧૭ની રકમ ઉપાડી લેવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ, મહિલા પોલીસકર્મીને અજાણ્યા હિન્દીભાષી શખ્સે વોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલી હતી. બેંકના કર્મચારી તરીકે ઓળખ આપીને ક્રેડિટ કાર્ડના ચાર્જ રદ કરવાની લાલચ આપી ફાઈલ મારફતે ઓટીપી મેળવી લેવામાં આવ્યો હતો. ઓટીપી આપ્યા બાદ તેમના મોબાઈલમાં અનધિકૃત પ્રક્રિયા શરૂ થઈ હતી અને ક્રેડિટ કાર્ડમાંથી નાણાં ઉપાડવામાં આવ્યા હતા.

તા. ૨૬ થી તા. ૩૦ સપ્ટેમ્બર, દરમિયાન પાંચ અલગ-અલગ વ્યવહારો મારફતે કુલ રૂ. ૮૦,૫૧૭ની ઠગાઈ કરવામાં આવી હતી. આ બનાવ અંગે મહિલા પોલીસકર્મીએ અગાઉ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ગુરુવારે જૂનાગઢ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા મોબાઈલ નંબરધારકો તથા બેંક ખાતાધારકો સામે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મહેસૂલી કર્મચારીઓની હડતાલનો સુખદ અંત આવતા કચેરીઓ ધમધમી

જામનગર : જામનગર જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ચાલતી મહેસૂલી કર્મચારીઓની હડતાલનો આખરે ગઈકાલે મોડી સાંજે સુખદ અંત આવ્યો છે. રાજ્ય સરકાર સાથે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ મહામંડળ દ્વારા આંદોલન સત્તાવાર રીતે સમેટી લેવાની જાહેરાત કરાતા, આજ શનિવારથી જામનગર જિલ્લાના ૨૬૦થી વધુ મહેસૂલી કર્મચારીઓ પોતાની ફરજ પર પુનઃ હાજર થઈ ગયા છે, જેને પગલે છેલ્લા કેટલાક દિવસોથી ખાલીખમ ભાસતી સરકારી કચેરીઓ આજે ફરી ધમધમી ઊઠી છે અને અરજદારોને મોટી રાહત મળી છે.

મળતી વિગતો મુજબ, નાયબ મામલતદાર, મહેસૂલી તલાટી અને મહેસૂલી ક્લાર્કના પડતર પ્રશ્નો તથા વ્યાજબી માંગણીઓ અંગે ગાંધીનગરમાં એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠક મંત્રી જીતુભાઈ વાઘાણી અને મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાની અધ્યક્ષતામાં મહામંડળના પ્રતિનિધિઓ સાથે યોજાઈ હતી. બેઠકમાં સરકારે કર્મચારીઓની માંગણીઓ પ્રત્યે અત્યંત ઉદાર અને હકારાત્મક અભિગમ દાખવીને ઝડપી નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સામાન્ય જનતાને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે બાબતને ધ્યાને રાખીને સરકારે કર્મચારીઓના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલતા દાખવી છે. સરકારની આ હકારાત્મક ખાતરી બાદ ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રમુખ જામસંગભાઈ પરમારે આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચવાની જાહેરાત કરી હતી.

ગઈકાલે રાત્રે સમગ્ર રાજ્યભરમાં હડતાલ સમેટી લેવાયા બાદ આજે શનિવારે સવારથી જ જામનગર જિલ્લાના ૨૬૦ જેટલા કર્મચારીઓ પોતપોતાની કચેરીઓમાં ફરજ પર ચડી ગયા હતા. જનસેવા કેન્દ્રો, મામલતદાર કચેરીઓ અને કલેક્ટર કચેરી સહિતના સ્થળોએ કર્મચારીઓ હાજર થતાં જ કામગીરી પૂર્વવત થઈ ગઈ છે. પોતાના અટકેલા દાખલા, પ્રમાણપત્રો અને મહેસૂલી કામકાજ અર્થે પહોંચેલા અરજદારોના કામો આજે થવા લાગતા તેમણે પણ રાહતનો શ્વાસ લીધો છે.

